
પૂજ્ય પંન્યાસજી મહારાજના


# હસ્તાક્ષરનું અક્ષયપાત્ર

## ॥૪૫॥




પૂજ્ય પંન્યાસજી મહારાજની રોજનીશી

સંકલન : પંન્યાસ વજ્રસેનવિજય



પરમ પૂજ્ય સકલાગમરહસ્યવેદી

**આચાર્યદેવ શ્રીમદ્‌વિજય દાનસૂરીશ્વરજી** મહારાજાના શિષ્યરત્ન

પરમ પૂજ્ય કર્મસાહિત્ય નિષ્ણાંત


**આચાર્યદેવ શ્રીમદ્‌વિજય પ્રેમસૂરીશ્વરજી** મહારાજાના શિષ્યરત્ન

પરમ પૂજ્ય કલિકાલકલ્પતરૂ

**આચાર્યદેવ શ્રીમદ્‌વિજય રામચંદ્રસૂરીશ્વરજી** મહારાજાના શિષ્યરત્ન

પરમ પૂજ્ય અધ્યાત્મયોગી

**પંન્યાસપ્રવરશ્રી ભદ્રંકરવિજયજી ગણિવર્ય**



પરમ પૂજ્ય પંન્યાસશ્રી ભદ્રંકરવિજયજી ગણિવર્ય મહારાજ

પૂજ્ય પંન્યાસજી મહારાજના

# હસ્તાક્ષરનું અક્ષયપાત્ર

## ॥૪૫॥



પૂજ્ય પંન્યાસજી મહારાજની રોજનીશી

સંકલન : પંન્યાસ વજ્રસેનવિજય

- HASTAKSHAR NU AKSHAY PATRA

Personal Diaries comprising of Divine everyday thoughts,
musings & experiences of Panyashshri Bhadrankar Vijayji Maharaj.

- VOLUME - 45

July 2021
300 Copies / 224 Pages
For Private Circulation only.

- PUBLISHER


© Shri Bhadrankar Gyandeepak Public Charitable Trust

Mumbai / Rajkot

team@mindfiesta.com

- SPONSOR

Shri C. K. Mehta
Mumbai

- ENHANCED & DESIGNED BY

Bharti Deepak Mehta
Fiesta Studios
Pattani Bldg., M.G.Road, Rajkot - 360001.
bharti@mindfiesta.com
+91 98252 15500

- eBOOKS AVAILABLE AT

www.bhadrankar.com

www.navkarday.com


Amazon Kindle

- SHRI AARADHNA DHAM JAIN TIRTH


C/o Shri Sudhirbhai Pandya,
'Shiv Drasti', Nr. old Mamlatdar Office,
Jamkhambhaliya - 361305.
(Dist: Devbhumi Dwarka)
+91 2833 - 254156


- ખાસ વિજ્ઞપ્તિ

ગ્રંથવાંચન પશ્ચાત્ આપને આવશ્યકતા ન હોય તો આ સરનામે અમોને ગ્રંથ પરત મોકલશોજી, જેથી અન્ય ભવિજનો પણ આ ચિંતનોથી ભાવિત થઈ શકે.



## અમૃતઝરણનું
## પામી આચમન,
## મન બને છે નંદનવન!



'હસ્તાક્ષરનું અક્ષયપાત્ર'ની યથાર્થતા એ જ છે કે આ હસ્તાક્ષરોનું સુવર્ણ પાત્ર ખરેખર અ-ક્ષય છે. ડાયરીઓના પાને પાનેથી નીકળતાં અમૃતનાં ઝરણાનું જે કોઈ આચમન કરે છે, તેઓનાં હૃદયોદ્ગાર કંઈક અનેરા જ હોય છે. હમણાં એક ઉત્તમ આરાધક આચાર્ય ભગવંતના ભાવોદ્ગારો પત્ર દ્વારા સાંપડયાં છે, તે જણાવીએ તોઃ

''હમણાં આ કોરોનાનાં કપરા કાળમાં તો સ્વાધ્યાયનો પરમ અવસર જાણે કે પ્રાપ્ત થયો છે અને એમાં પણ 'હસ્તાક્ષરનું અક્ષયપાત્ર'નો જ વિશેષ અભ્યાસ અને નિદિધ્યાસન થઈ રહ્યું છે. ખાસ તો આજે પત્ર લખવાનું મન એટલા માટે થયું કે ગઈ કાલે રાતના 'અક્ષયપાત્ર'ના પદાર્થોની વિચારધારામાં જ નિદ્રાધીન થઈ ગયો. સ્વપ્નાવસ્થા દરમ્યાન પૂજ્ય પંન્યાસજી મહારાજનું ભાવસાન્નિધ્ય સ્પષ્ટપણે અને તીવ્રતાથી અનુભવાયું. તેઓના સાન્નિધ્યમાં કેટલોય દીર્ઘકાળ વીત્યો અને પ્રભાતે બ્રાહ્મમૂહુર્તે મિલનની અંતિમ વેળાએ સાહેબજીના એ સ્પષ્ટ શબ્દો પણ ઝીલાયા કેઃ

'સદાય શુભ ભાવમાં જ રહેજો.'

સાહેબજીના ગ્રંથો વાંચતા-વાંચતા સાહેબજી સાથેનો ઋણાનુબંધ આવો વિશેષ અને ગાઢ થઈ જશે, એવી તો કલ્પના પણ ન્હોતી, તે છતાં જીવનમાં ન ધારેલી દિવ્ય પળોનો સાક્ષાત્કાર થયો. એનો આનંદ થયો એમાં અપ્રત્યક્ષપણે પણ આપ જ નિમિત્ત છો. આ ઘટના મારા માટે તો જીવનભરનું સંભારણું બની રહેશે. જીવનમાં થયેલો આ અકલ્પનીય સાક્ષાત્કાર અને એ ઘટનાનો આનંદ વ્યકત કરવા માટે જ આ પત્ર આજે હું આપ બંનેને લખી રહ્યો છું.''

આવા સાક્ષાત્કાર - આત્માનુભૂતિની ઘટનાઓ પૂજ્યપાદશ્રીના જીવનમાં અનેક વખત બની છે. અમુક આત્માનુભૂતિ પૂજ્ય પંન્યાસજી મહારાજને તથા કોઈ કોઈ સાધકોને કેટલાય દિવસો સુધી સતત અનુભવાઈ હતી, એ અનુભૂતિનો આનંદ એક સાધકના જ શબ્દોમાં જોઈએ તોઃ

‘‘સહસ્રારમાંથી અમૃતનો વરસાદ થાય છે, અનાહત નાદ ગૂંજી ઉઠે છે, તરબોળ થયેલી પાંચે ઈન્દ્રિયો આનંદમગ્ન થઈ ગઈ છે, બહારના કોઈ સાધન અને સૂર વિના આત્મા પરમ આનંદનું ગાન કરી રહેલ છે. મારા ગુરૂનું એક વચન - એક બિંદુ મેં જીવનમાં ઉતાર્યું, તો તે સાક્ષાત્કાર બનીને મહામૂલ્યવાન થઈ ગયું. વાદળ વિના વરસાદની જેમ અમૃતમેઘ સમી આત્માનુભૂતિ થઈ. ભીતરમાં જ્ઞાનસૂર્ય ઉગ્યો, જીવનની વાડી પરમ આનંદના મોલથી લચી પડી, ગુરૂકૃપાથી કોઈક આત્મા જ આવો જીવનનો અમર પાક લણી શકે છે.’’

બીજા પૂજ્યની એક અનુભૂતિઃ
‘‘શુન્ય નિરાલંબ સ્થાન એવા સહસ્રારમાં પરમાત્મા પોતે જ બિરાજી રહ્યા છે અને અનાહતનાદ થઈ રહ્યો છે. ત્રિકુટી ઉપર જાણે બ્રહ્મનાદ વાગી રહ્યો છે. નિજનામ અર્થાત્ જેમણે સોડહં જાપને સિદ્ધ કર્યો હોય, તે આ ધ્વનિ સાંભળી શકે છે.’’

આવી અનેક અનુભૂતિનો સંગ્રહ એટલે ‘હસ્તાક્ષરનું અક્ષયપાત્ર’. એનો આ જપમો ભાગ પ્રકટ થઈ રહ્યો છે, ત્યારે સહજભાવે પરમ ગુરૂભકત ઉદારમના મુંબઈ - વડોદરાના ગુરૂભકત સુશ્રાવક **સી.કે.મહેતા**નો નિર્વિકલ્પ આર્થિક સહયોગ શરૂઆતથી આજ પર્યંત અને કાર્યસંપન્નતા સુધી અપ્રતિમ રીતિએ રહેનાર જ છે, તેમને ઘણાં ઘણાં ધન્યવાદ અને તેમની સાથે આ ગ્રંથશ્રેણીમાં જેમનું નામ પણ પ્રથમથી છે અને અંત સુધી રહેશે, એવા અમારા રાજકોટના સુશ્રાવકરત્ન શશીકાંતભાઈના પુત્રવધૂ ગુરૂતત્ત્વમાં ઓગળી રહેલા સુશ્રાવિકા **ભારતીબેન દિપકભાઈ મહેતા** તથા તેમની ટીમનો આભાર માનવો જ રહ્યો. બસ... આ ‘હસ્તાક્ષરનું અક્ષયપાત્ર’ ભાવથી સાચ્ચે જ અક્ષય બની રહો, એ જ અંતરની ભાવના.

વજ્રસેન વિ.
હેમપ્રભ વિ.

જૂલાઈ, ૨૦૨૧









ધર્મપ્રિયા, જ્યોતિર્ધરા, કમલકેશા શુચિચન્દ્ર ।
ઉજ્જવલ નિષ્ઠાં રશ્મિરશ્મી, વિષ્ણુસુતા, જ્ઞાનેન્દ્ર ॥

પોષ વદી ૧૦, ભદ્રેસર વસહી

સમાધિ લાગી જાય અને ચેતના ચાલી જાય,
એવા પ્રભુની અનુભૂતિ જોઈએ છે.

પાંચેક કલાકની જાપ આદિ આરાધના ચાલે છે, તેમાં કાંઈક વિચાર વિના શૂન્યદશામાં આનંદ આવે છે. વિચાર વિના કલાક બેસવું હોય તો જ આનંદ આવે છે.

આત્મદર્શન એમાંથી થશે?

આવું ઈચ્છા વિનાનું ધ્યાન પણ 'શું' ફળ આપશે?
'અબેભાનુ - અંતર - બહાર પ્રભુસત્તા છે'
એટલો ભાગ વિચારહીન દશામાં આનંદ આવે છે.
આ વિષે વધુ પ્રકાશ મેળવવાની ઝંખના છે.

આત્મદર્શન શેમાંથી થશે? તેનો ઉત્તર:

સર્વત્ર પ્રભુસત્તા છે, તે આજ્ઞારૂપે છે. સારી - નરસી અવસ્થા પ્રભુઆજ્ઞાનાં આરાધન - વિરાધનનાં પ્રત્યક્ષ છે.
ચૈતન્યનું સન્માન તે સંવરરૂપ આજ્ઞાનું આરાધન છે,
ચૈતન્યનું અપમાન તે આસ્રવરૂપ આજ્ઞાનું વિરાધન છે.
ચૈતન્યનું બહુમાન તે સંવર, તેનું અપમાન તે આસ્રવ.
પ્રભુઆજ્ઞા = આસ્રવ સર્વથા હેય - સંવર સર્વથા ઉપાદેય.
આજ્ઞાનું આરાધન તે મુક્તિનો ઉપાય છે.

## ચૈતન્ય ૩ પ્રકારે

જ્ઞાનસ્વરૂપ, કર્મસ્વરૂપ, કર્મફલસ્વરૂપ.
સુખ-દુઃખાનુભૂતિ એ કર્મફલરૂપ ચેતના છે.
રાગ-દ્વેષાનુભૂતિ એ કર્મરૂપ ચેતના છે,
એ બંનેની વચ્ચે જ્ઞાન-દર્શનરૂપ ચેતના છે,
તે પ્રભુચેતના છે.
રાગ-દ્વેષાદિનું જ્ઞાતૃત્વ અને સુખ-દુઃખાદિનું દૃષ્ટત્વ
એ જ્ઞાનચેતનાનું અનુભવન છે અને
એ જ પ્રભુસત્તાનો સ્વીકાર છે.

## મારા ગુરુવર...

ગુરુદેવથી કદાચ હું દૂર હોઈશ પણ
ગુરુદેવ મારાથી જરા ય દૂર નથી.
સતત મારું ચિત ચિંતવતાં તેઓ મારી સાથે જ છે.
અને તે જ મારું સાચું ધન છે, સર્વસ્વ તે જ છે.
તમને મારા હૃદયમાં જ નહિ, રોમેરોમમાં હું જોઈ શકું છું,
કેમકે હું તમારે આધારે જીવ્યો છું અને જીવી રહ્યો છું.
શું જીવી રહ્યો છું, એનું ભાન નથી... છતાં
'તમો જ મારામાં છો, તમો જ મારામાં છો'
એ વાત મનમાંથી હું નીકળવા દેવા તૈયાર નથી.

<u>શિવ કે શવ?</u>

શરીરને છોડવાથી શિવ કે શવ થવાય છે.
મમત્વરહિત થઈને શરીરને છોડે તો શિવ થવાય છે
અને મમત્વ સહિત શરીર છોડે તો શવ થવાય છે.

'તત્ત્વમસિ' તે તું છે.

'તું' શબ્દથી પોતે અને 'તત્' શબ્દથી પોતાથી ભિન્ન
જીવસૃષ્ટિ - મુક્ત અને સંસારી એમ ઉભયનું ગ્રહણ.
મુક્તિ એ જીવની પોતાની જ સુંદર અવસ્થા - સુંદરી છે.
ભક્તિ એ મુક્તિની દૂતી છે. મુક્તિરૂપી કન્યાને વરવા
માટે ભક્તિ એ દૂતીનું કે સંદેશાવાહકનું કાર્ય કરે છે.

<u>દ્રવ્યભક્તિ</u> = બાહ્યવસ્તુઓ વડે થતું પૂજન.
<u>ભાવભક્તિ</u> = ગુણગાન - માહાત્મ્યવર્ણન - અંતરધ્યાન,
તીવ્ર અભિલાષા - સંવેગરસ - વૈરાગ્ય - વિરતિનું પાલન.
જિનાજ્ઞાનું પાલન એ સર્વશ્રેષ્ઠ ભાવભક્તિ છે.
દ્રવ્યભક્તિથી પ્રભુ પ્રત્યે પ્રેમ બંધાય છે,
ભાવભક્તિથી પ્રભુમય બનાય છે.
દ્રવ્યભક્તિ સંભેદ છે અને ભાવભક્તિ અભેદ છે.

o હૃદયભીતરની આરસીમાં તે તારું મુખ જોવું નથી,
મુખ તો ત્યારે જ દેખાશે કે જ્યારે દિલની દ્વિધા ટળશે.

## અહિંસા એટલે જ મૈત્રી

દયામાં સમાધિનું દાન થાય છે કે જેનાથી મોટું દાન સંભવી શકતું નથી, કેમકે સમાધિ એ જ મોટું ધન છે.
મૈત્રી - સ્નેહભાવ એ દિલમાં અમૃતવૃષ્ટિનું કાર્ય કરે છે.

વૈર - વિરોધ એ વિષવર્ષા છે, જ્યારે
મૈત્રી એ સદ્ગુણોની જનની યા સેનાની છે.
અમૈત્રી એ દોષ અને દુર્ગુણોની નાયિકા છે.

મૈત્રી અન્યાયને પણ સહે, અમૈત્રી ન્યાયને ય અવગાહે.
સ્નેહમાં સરળતા છે, વૈરમાં માયાપણું છે અથવા સરળતામાં સ્નેહ છે, માયામાં અસ્નેહ - અસદ્ભાવ છે.
લોચ કરતા ઘણું કષ્ટસહન સહિષ્ણુતા, સમભાવ, ધૈર્ય, અનાકુળતા, અહિંસાદિ સદ્ગુણોની કસોટીરૂપ પણ છે.
મનનું પ્રતિપક્ષ 'ન મન' છે. નમ વડે તપ થાય છે.

આત્મૌપમ્ય = પોતાની સમાન ન્યાય.

સંયમ : સુખ - દુઃખ પ્રત્યે સમાન રહેવું તે.
તપ : લાભ - ક્રિયા પ્રત્યે સમાન રહેવું તે.
અહિંસા : શત્રુ - મિત્ર પ્રત્યે સમાન, સાદૃશ્યાસ્તિત્વસ્વીકાર.
ભાવ : ગુણભાવ - ગુણ પરિણામ - સમભાવ તથા ખારબંદ યુક્ત - મધુર પરિણામયુક્ત રહેવું તે.

## ધર્મ એટલે અહિંસા - સંયમ - તપ

'અહિંસા' એટલે જીવદયા, વિશુદ્ધ પ્રેમ, બંધુભાવ, સર્વ આત્માઓને પોતાના આત્મા સમાન જોવા તે.

'સંયમ' એટલે મન અને ઇંદ્રિયોને વશ કરી સ્વાત્મરમણતા સાધીને આત્માનંદ મેળવવો તે.

'તપ' એટલે સેવા, તિતિક્ષા, વિનય, પરહિત ભાવના, ધ્યાન, સ્વાધ્યાય, આત્મચિંતન આદિને વિકસાવવા તે. આ ધર્મ જીવમાત્રનું કલ્યાણ કરનાર ઉત્કૃષ્ટ મંગળ છે, જેમાં સમ્યગ્દર્શન - જ્ઞાન અને ચારિત્રનો સમાવેશ છે.

વિશ્વના તમામ પ્રાણી આત્મભૂત છે.

અંધકારથી પ્રકાશમાં જવું, અસત્યથી સત્ય તરફ પ્રયાણ કરવું, મરણશીલ ક્ષુદ્ર જીવનથી અમૃતત્વ - શાશ્વત ધર્મ તરફ વળવું. પ્રાણીમાત્ર માટે કલ્યાણનો માર્ગ અહિંસા, સંયમ અને તપ છે. અંધકાર ઉપર પ્રકાશનો વિજય, કલુષતા ઉપર શુભતાનું સામ્રાજ્ય ભાવવા ધર્મ છે.

પ્રેમ - કરુણા, શીલ - સદાચાર, ત્યાગ - સંયમ.

Truth, beauty, goodness is Godness. God is no other than those three in one.

અહિંસા = બીજાના સુખ-દુઃખને પોતાના ગણીને વર્તવું તે.
સંયમ = સુખનો ત્યાગ. તપ = દુઃખનો સહર્ષ સ્વીકાર.
માનવજન્મ ધર્મ આરાધના માટે એટલે જ દુર્લભ મનાય છે.

સુખ માનવભવમાં નહિ પણ દેવભવમાં છે. ત્યાં દુઃખ પણ નથી, માનવદેહમાં દુઃખ જોડાયેલું છે અને સુખ કલ્પિત છે, તેથી માનવજન્મને સફળ કરવાનાં સાધન સંયમ - તપ - અહિંસા છે, નહિ કે સુખના ઉપભોગરૂપ અસંયમ અને દુઃખથી દૂર ભાગવા રૂપ અસહિષ્ણુતા. બીજાનાં સુખ-દુઃખથી નિરપેક્ષ સ્વાર્થપરાયણ હિંસા એ માનવદેહની સાર્થકતા નહિ પણ વિડંબના છે. વળી ધર્મ પણ તેનો કોઈ બદલો મેળવવા કરવાનો હોતો નથી, કિન્તુ ધર્મે જે પરમૈશ્વર્ય આપ્યું છે, તેનો બદલો વાળવા માટે કરવાનો છે. એ રીતે કૃતજ્ઞતાભાવપૂર્વક થતો ધર્મ એ જ મોક્ષપર્યંતના ફળ આપવા સમર્થ છે. એ ધર્મની આરાધના કરવાની મોસમ માનવજન્મ છે, તેથી તે દેવ દુર્લભ ગણાય છે. દેવ - દેવેન્દ્રો પણ માનવભવને ઇચ્છે છે, છતાં અલ્પસંખ્યક જીવને જ તે મળે છે, એ રીતે તેની દુર્લભતા જાણીને તેની ધર્મ આરાધના વડે સાર્થકતા કરી લેવી, એ જ વિવેકી આત્માઓનું કર્તવ્ય છે.

## અહિંસા, સંયમ અને તપની અલગ વિભાવના

તિર્યક્ સામાન્યથી જીવત્વનું અનુભવન તે અહિંસા છે,
ઉર્ધ્વતા સામાન્યથી જીવત્વનું અનુભવન તે સંયમ છે
તથા શુદ્ધ સત્તાથી જીવત્વનું અનુભવન થવું તે તપ છે.
અહિંસા, સંયમ અને તપ - ત્રણે મળીને આત્મતત્ત્વની
સાથે સંબંધ કરવાની સઘળી સામગ્રી પૂરી પાડે છે.

## આત્મતત્ત્વનું અસ્તિત્વ ત્રણ પ્રકારે છે:

કાયાની સુયોગ્ય પ્રવૃત્તિ તે અહિંસા,
ઈંદ્રિયોનો નિગ્રહ તે સંયમ, મનનો નિગ્રહ તે તપ છે.
હિંસામાં અન્ય જીવો પ્રત્યે વિરોધ ભાવ છે,

## અહિંસા દ્વારા 'અહં'થી 'અર્હં'ની યાત્રા

અહિંસામાં અન્ય જીવો પ્રત્યે અવિરોધ ભાવ છે.
'અહં'કારમાં પણ અન્ય જીવોનો નિષેધ છે.
'નમ'ભાવમાં અનિષેધ છે, તેથી નમસ્કાર વડે
'અહં'નો ત્યાગ અને 'અર્હં'ની ભક્તિ થાય છે.
'अर्हं' સર્વ જીવોની સાથે એકતા - અભેદનો સૂચક છે.

## અહિંસા, સંયમ અને તપ સાથે અસ્તિત્વ

સંયમ = સ્વરૂપાસ્તિત્વ, અહિંસા = સાદૃશ્યાસ્તિત્વ,
તપ = શુદ્ધ સત્તારૂપે અસ્તિત્વ.

ઉહાપા, માગસર વદી ૬/૭, રવિવાર

सम्यग्विरक्तिर्ननु यस्य चित्ते
सम्यग्गुरुर्यस्य च तत्त्ववेत्ता ।
सदानुभूत्या दृढनिश्चयो य-
स्तस्यैव सिद्धिर्नहि चाऽपरस्य ॥

સદ્ગતિ: જેના ચિત્તમાં સાચો વૈરાગ્ય છે, જેના ગુરુ તત્ત્વજ્ઞાની છે, અનુભવ વડે જેનો સદા દૃઢ નિશ્ચય પ્રગટેલ હોય, તેને સિદ્ધિ મળે - બીજાને નહીં.

મોક્ષસાધક ત્રણ વસ્તુ

(૧) સમ્યગ્ વૈરાગ્ય (૨) તત્ત્વવેત્તા ગુરુ
(3) સ્વાનુભૂતિ વડે દૃઢ નિશ્ચય.

માનનો પ્રતિકાર વિનયથી

માનવને માન પ્રબળ હોય છે. તેનો પ્રતિકાર વિનય-ગુણથી થાય છે. વિનયગુણનું પ્રત્યક્ષ નમસ્કાર છે. બીજાને સન્માનનું દાન કરવાથી માનકષાય જીતાય છે. માન એ માગવાની વસ્તુ નહિ પણ આપવાની ચીજ છે. જે મુસીબતોમાં હસે છે, તે માનવ મહાન બને છે. માનવ મુસીબતોમાં સમતા, ધીરજ અને સહનશીલતા ઉપરાંત જે સમજણથી જીવે છે, તે સિદ્ધિ મેળવે છે.

## કુવાદી જીત મંત્ર

द्रव्यास्तिकरथारूढः पर्यायोद्यतकार्मुकः ।
युक्तिसन्नाहवान्वादी कुवादिजयी भवत्यलम् ॥

:અર્થ:

દ્રવ્યાસ્તિકનય રૂપી રથ પર આરૂઢ થયેલો અને પર્યાય રૂપી બાણથી ઉદ્યત થયેલો તથા યુક્તિ રૂપી બખ્તરને ધારણ કરનારો વાદી કુવાદીને જીતવા માટે સમર્થ થાય છે.

## તત્વજ્ઞાનનો પ્રારંભ ક્યાંથી છે ?

એરીસ્ટોટલ કહે છે: તત્વજ્ઞાનનો પ્રારંભ વિસ્મયથી છે.
આધુનિક યુગ કહે છે: તત્વજ્ઞાનનો પ્રારંભ શંકાથી છે.
ધર્મશાસ્ત્રો કહે છે: તત્વજ્ઞાનનો પ્રારંભ વિશ્વાસથી છે.
શંકા મૃત્યુ તરફની તથા વિશ્વાસ અમરતા તરફની કૂચ છે.

## શેમાં શું સમાવિષ્ટ ?

| સમ્યગ્દર્શન | સ.જ્ઞાન | સ.ચારિત્ર | સ.તપ |
|---|---|---|---|
| સુદેવ | ગુરૂ | ધર્મ | શાસ્ત્રાધ્યયન |
| વિવેક | વૈરાગ્ય | સંવેગ | નિર્વેદ |
| અનુકંપા | આસ્તિક્ય | વિરતિ | વિરક્તિ |
| ભક્તિ | અનુકંપા | પ્રવચનરાગ | આજ્ઞાપાલન |

'ૐ સોઽહં ૐ હંસઃ સોઽહં ૐ'

# ચારિત્ર અને ભાવનાનો પ્રભાવ

ज्ञानस्य केवलीनां धर्माचार्याणां सर्वसाधूनां
भाषमाणोऽवर्णवादादि किल्बिषिकीं भावनां करोति।
कंदर्पी - कुक्कुचित - द्रुतगामि चाऽपि
हास्यकरपरं विस्मापयन् कंदर्पीं भावनां करोति।

(ભાષાંતર માટે જુઓ પરિશિષ્ટ-૧)

મુનિ સાધુપણામાં કંદર્પી, અભિયોગી, સંમોહી,
કિલ્બિષી, આસુરી વગેરે જેવી ભાવનામાં વર્તે છે,
તેવા પ્રકારના દેવપણાને તે પામે છે.

અભિજાત - સિંહગિરિ ગુરૂ કરતાં તેમના શિષ્ય વજ્રસ્વામી.
અનુજાત - શય્યંભવસૂરિજીના શિષ્ય યશોભદ્રસૂરિજી.
અપજાત - ભદ્રબાહુજી તથા સ્થૂલભદ્રજીના દૃષ્ટાંત છે.
કુલાંગાર - કુલવાલક અને ઉદાયનને મારનાર વિનયરત્નાદિ.

સાધુને વિડંબના ત્રણ...

ધનની આશા, વિષયની અભિલાષા, રસની લોલુપતા.

સ્વભાવધર્મ : જ્ઞાન, દર્શન, ચારિત્ર અને તપ છે.
સાધનધર્મ: દાન, શીલ, તપ અને ભાવ છે.

જ્ઞાનથી પ્રકાશ, દર્શનથી નિશ્ચય, ચારિત્રથી સંવર -
કર્મરોકાણ તથા તપથી નિર્જરા - આત્મશુદ્ધિ થાય છે.

સાધુએ સહિષ્ણુ અને અપરિગ્રહી બનવું જોઈએ.

સાધુજીવનમાં પંચામૃત: (1) જ્ઞાનામૃત (2) નિઃસ્પૃહામૃત
(3) ક્ષમામૃત (4) બહુમાનામૃત (5) વાત્સલ્યામૃત.

સાધુએ ચાર વસ્તુનો ત્યાગ કરવો:
(1) પ્રવચનની અસદ્દહણા (2) પરલાભની ઈચ્છા
(3) કામની આશંસા (4) સ્નાનાદિની ઈચ્છા

પ્રથમ ભૂમિકા શુદ્ધિ કરવા માટે:
(૧) સદ્ગુરુનો સમાગમ (૨) સત્શાસ્ત્રનો સ્વાધ્યાય
(3) ચિન્તન તથા મનન દ્વારા આત્મનિશ્ચય કરવાનો નિશ્ચય. નિશ્ચય એ સાધ્ય અને વ્યવહાર એ સાધન.
(૪) આત્મતત્ત્વ વિચારણા (૫) યોગની પ્રથમ ભૂમિકા
(a) વિષયકષાયની ઉપશામના (b) સરળતા, સહૃદયતા, કરુણા, દયા, કોમળતા, પવિત્રતા અને મોક્ષાભિલાષ તથા સંસારથી ભીરુતા, ત્યાગ - વૈરાગ્યની ભાવના.
(c) આત્મસ્વરૂપના ધ્યાનનો કુંભક કરી સહજ સમાધિભાવમાં સ્થિરતા કરવી.

'હું શુદ્ધ આત્મદ્રવ્ય જ છું' એ ભાવના દૃઢ કરતા જવું.

શુદ્ધાત્મદ્રવ્યમેવાહં, શુદ્ધજ્ઞાનગુણો મમ ।

અર્થાત્: હું શુદ્ધ આત્મા છું, શુદ્ધ જ્ઞાન મારો ગુણ છે.

(૪) વૃત્તિઓના વિકલ્પોને ઉપેક્ષાભાવે ઉપશમાવવા.

'આપણે કાંઈ જાણતાં જ નથી.

આપણે તેના સાથે કાંઈ સંબંધ જ નથી.'

એ રીતે સહજ નિર્લેપભાવમાં આત્માને ધારી રાખવો.

(૫) પરસ્પૃહા મહાદુઃખમ્ નિઃસ્પૃહત્વં મહાસુખં ।

એ મુજબ નિઃસ્પૃહભાવ વધારી એવી ભાવના ભાવવી:

'હું માત્ર જ્ઞાતા - દ્રષ્ટા જ છું,

શુદ્ધ છું, બુદ્ધ છું, ચૈતન્યઘન છું, આનંદઘન છું.'

(૬) આત્માના ભેદજ્ઞાન માટે અંતરાત્મદશા પ્રાપ્ત કરવી.
જેમ જેમ વિશુદ્ધ આત્મસ્વરૂપનું દર્શન દૃઢ થતું જાય,
તેમ તેમ સમતા સ્થિર અને દૃઢ બનતી જાય છે.

(૭) વિનય, વૈયાવચ્ચ અને વિદ્યા વડે દર્શન - જ્ઞાન -
ચારિત્રશુદ્ધિ અને તે વડે ઉપશમ, વિવેક, સંવરની
આરાધનાથી સાધુતાના અંતિમ ફળ રૂપે મોક્ષ મળે છે.

(૮) સાધુ માટે આવશ્યક બે મૌલિક ગુણ: વિનય અને
સહનશીલતાનું સેવન તથા ઈર્ષા અને દ્વેષનો ત્યાગ.
'મત્સર' એટલે ક્રોધ - માનનું મિશ્રણ. રાગ ત્યાં હિંસા.

જહ મમ ન પિયં દુક્ખં જાણિય એમેવ સવ્વજીવાણં ।
ન હણઇ ન હણાવેઇ ય સમનુમણઇ તેણ સો સમણો ॥

(પરિશિષ્ટ-૨)

કિં બહુણા ઇહ જહ જહ રાગદોસા વિલિજ્જંતિ ।
તહ તહ પયટ્ટિયવ્વં એસા આણા જિણિંદાણં ॥૧॥

મનોલયાન્ન પરોઽસ્તિયોગઃ
જ્ઞાનં તુ તત્ત્વાર્થવિચારણાચ્ચ ।
સમાધિસૌખ્યાન્ન પરં ચ સૌખ્યં
સંસારસારં ત્રયમેતદેવ હિ ॥૧॥ (પરિશિષ્ટ-૩)

(૯) <u>સાધુએ આઠ પ્રકારના પ્રમાદ ત્યાગવા:</u>

અજ્ઞાન, સંશય, મિથ્યાજ્ઞાન, રાગ-દ્વેષ, સ્મૃત્યવસ્થાન, ધર્મ અનાદર, સ્મૃતિભ્રંશ તથા યોગદુષ્પ્રણિધાન.

મદ્ય, વિષય, કષાય, નિદ્રા અને વિકથાનો ત્યાગ કરવો.

મજ્જં વિસય કસાયા નિદ્દા વિગહા ય પંચમી ભણિયા ।
એસ પમાયપંચાઓ નિદ્દિટ્ઠો વીયરાગેહિં ॥

(૧૦) ભાવઉણોદરી = અલ્પ ક્રોધ - લોભ - શબ્દ આદિ
થોડું બોલવું, થોડું ઝગડવું, થોડું તમ તમ કરવું.

ભાવઉણોદરી એટલે ક્રોધાદિક કષાયોની ઉદીરણા ન કરવી.

જઇ ઠાણી જઇ મોણી મુંડી વક્કલી તવસ્સી વા ।
પત્થંતો અ અબંભં બંભાવિ ન રોચ્યતે મજ્ઝં ॥૧॥

જહ જહ સુયમવગાહઇ અઇસય રસપસર સંજુયમપુવ્વં ।
તહ તહ પલ્હાઇ મુણી નવ નવ સંવેગ સદ્ધાએ ॥૧॥
(પરિશિષ્ટ-૪)

સંવેગ અને શ્રદ્ધા વડે મુનિ સમાધિને પામે છે.
બીજાના દોષને જોવા - પ્રગટ કરવા, તે નિંદા છે તથા
તે અસમાધિનું કારણ છે. શાંતિ એ ખરી તપ છે.
અહિંસાની પરાકાષ્ઠા વિશુદ્ધ અને અભેદ પ્રેમમાં છે.
(૧૧) તણસંથારનિસણ્ણોऽવિ મુણિવરો ભટ્ટરાગમયમોહો ।
જં પાવઇ મુત્તિસુહં કત્તો તં ચક્કવટ્ટીવિ ॥ (પરિશિષ્ટ-૫)
સ્ત્રીઓને વિષે રાગ મહાભયંકર છે.
સ્ત્રીનો ત્યાગ એ મુક્તિરમણીને પમાડનાર છે.
મમતા અને મૂર્છાના ત્યાગમાં સુખ છે. શમ સંપદાવાળાને
નમસ્કાર, શમસામ્રાજ્યવાળાની ભક્તિ અને નમસ્કાર.
ગીઆવાસોરતી ધમ્મે અણાયયણવજ્જણં ।
નિગ્ગહો કસાયાણં એયં ધીરાણ સાસણં ॥ - સૂયગડાંગ
સમજૂતિ: ગીતાર્થની નિશ્રામાં રહેવું, ધર્મ પ્રત્યે પ્રેમ
રાખવો, અનાયતન સ્થાનોનું વર્જન કરવું, કષાયોનો
નિગ્રહ કરવો. ધીર પુરુષોને માટે આ હિતશિક્ષા છે.
(૧૨) કેવા સાધુ પરમ સુખી?
સંયમનું સામર્થ્ય જ ઉન્નતિનું શિખર છે.
લોકસંજ્ઞારહિત સાધુ પરમ સુખી હોય.
પંડિત થયે છતે વિનય કરવો, તે પંડિતાઈનું લક્ષણ છે.

## શ્રમણ તે કહેવાય કે જે...

(૧) સર્વ જીવો પ્રત્યે સમાન ભાવ રાખે.

(૨) જે કષ્ટને સમભાવે સહન કરે.

(૩) જે કષાયોનું, સ્વજનોનું અને કર્મોનું દમન કરે.

(૪) દુઃખમાં આનંદ, સુખમાં વિરક્તિ અને પાપમાં કંપારી અનુભવે. (૫) જે તપ-શ્રમ કરે તે શ્રમણ.

(૬) જેનું મન પવિત્ર હોય. (૭) જે ક્ષમા ધારણ કરે.

(૮) જે ગુરુ આજ્ઞામાં રહે. (૯) જે વમેલા ભોગોને ન ઇચ્છે.

(૧૦) જે અભિમાન ન કરે. (૧૧) જે માયા ન કરે.

(૧૨) જે પોતાની પાંચે ઇંદ્રિયોને વશમાં રાખે.

(૧૩) જે જ્ઞાતાસ્વભાવનો વિચાર કરે.

(૧૪) જે સમિતિ તથા ગુપ્તિના પાલનમાં અપ્રમત્ત હોય.

(૧૫) જે મહાવ્રતોને કિંમતી ધન ગણે.

(૧૬) જે પ્રતિકૂળતામાં આનંદ માને.

(૧૭) જે કીર્તિ - પ્રતિષ્ઠાથી પર રહે.

(૧૮) જે નિર્મળ બ્રહ્મચર્ય પાળે.

(૧૯) જે લાભ - અલાભ તથા નિંદા - મહિમાને સમ માને.

(૨૦) જે સંયમની સાધનામાં આનંદી હોય અને અનુકૂળતાઓનો રસિયો ન હોય, તે શ્રમણ છે.

અરિહંત ભગવંતોનો સદા સિદ્ધ સંકલ્પ છે કે:

'જગમાત્રનું આધ્યાત્મિક કલ્યાણ થાઓ.'

સર્વ પરમર્ષિ ભગવંતોનો સદા સંકલ્પ રહ્યો છે કે:

'સાધક સમાહિત ચિત્તવાળા બનો.'

આપણે પણ રોજ વિચારવું કે:

જગમાત્ર પ્રભુના પ્રસાદથી આરોગ્ય,
બોધિ અને સમાધિને પામો.
જગમાત્રનું આધ્યાત્મિક કલ્યાણ થાઓ.
જગમાત્ર બોધિરત્નને પામો.
સમ્યગ્દૃષ્ટિ જીવો સમાધિરત્નને પામો.

થોડા પ્રશ્નોત્તર

વિષ શું ? ક્રોધ, મદ, માયા.
અમૃત શું ? અહિંસા.
શત્રુ શું ? માન. હિત શું ? અપ્રમાદ.
શરણ શું ? સત્ય.
દુઃખ શું ? લોભ. સુખ શું ? સંતોષ.

પુરુષાર્થના પાંચ પગથિયાં

ઉત્થાન, કર્મ, બળ, વીર્ય અને પરાક્રમ.

સજ્જન = ઉપકારી - શ્રીપાળ. દુર્જન = અપકારી - ધવળ.

## સદ્ગુરુ સામ્રાજ્ય

(૧) ન્યાય - મંત્રી (૨) વિશ્વાસ - અંગરક્ષક
(૩) સદાચાર - મિત્ર (૪) બુદ્ધિ - સેનાપતિ (૫) શાસ્ત્રજ્ઞ
- ખજાનચી (૬) વિવેક - કારભારી (૭) ધૈર્ય - ચોકીદો.

## આત્મશુદ્ધિ માટે શું કરવું ?

શાંતિરૂપી એક જ ગુટીકા આત્મશુદ્ધિ માટે રામબાણ ઈલાજ છે. કોઈપણ વિકલ્પ કર્યા વિના નિર્વિકલ્પ મૌનદશામાં ઉપયોગપૂર્વક સ્થિર થઈ આત્મધ્યાન કરવું. ધ્યાનવેળાએ કોઈપણ રૌદ્ર વિચારને આધીન થવું નહિ.

ધર્મ અને શુક્લભાવ વધારતાં જવું.

પોતાના સ્વભાવગત દર્શન - જ્ઞાન - ચારિત્રમાં આત્માના અનંતવીર્યને લીન કરવું. બાહ્યભાવનો રેચક, અંતરભાવનો પૂરક અને પછી આત્મસ્વરૂપના ધ્યાનનો કુંભક કરી સહજ સમાધિભાવમાં સ્થિરતા કરવી. વિપત્તિઓની ઝડીઓને સહિષ્ણુ બની ઝીલવા એ તપ.

## મોહચિકિત્સા નીચે મુજબ કરવી

(१) निर्विकृतिकां (२) वल्लादि (३) औनोदर्यं
(४) आचाम्लादि (५) कायोत्सर्गः (६) विहार
(७) वैयावृत्त्यं (८) शिक्षाक्रमः (९) मंडली

## સર્વ અને અર્હં

'સર્વ'માંથી 'અ' અને 'ર' નીકળી જતાં 'સ્વ' રહે છે.
'સ્વ'માં 'અ' અને 'ર' ઉમેરતાં 'સર્વ' શબ્દ બને છે.
'અ' અને 'ર' સાથે 'હ' અને 'મ' મળતાં 'અર્હં' થાય છે.
'સ્વ'માંથી સર્વમાં જવાથી 'અર્હં' થવાય છે. સમષ્ટિત્વ
વ્યષ્ટિત્વમાંથી છોડાવી 'પરમેષ્ઠિ' ભાવમાં લઈ જાય છે.

સર્વમાં 'આત્મ' બુદ્ધિ એ 'અર્હં' પદનું બીજ છે.

ૐમાં પંચપરમેષ્ઠિનો સંગ્રહ હોવાથી તે શબ્દબ્રહ્મ બને.
'અર્હં' પ્રધાન પરમેષ્ઠિવાચક બની પરબ્રહ્મને મળાવે છે.
'ૐ'માં અ થી માંડીને 'મ' સુધીના વ્યંજનો આવી જાય છે.
'અરહ'માં અ થી હ પર્યંતના વર્ણો આવી જાય છે.

બંને શબ્દબ્રહ્મના પ્રતીક છે, તેમાં
'ૐ' સ્થૂલસ્વસ્તિક અને 'અર્હં' સૂક્ષ્મસ્વસ્તિકનાં સર્જક છે.
સ્થૂલસ્વસ્તિકમાંથી વર્ણમાળા અને સૂક્ષ્મસ્વસ્તિકમાંથી
વર્ણમાળાનું મૂળ - અનાહત નાદ ઉત્પન્ન થાય છે.

અનાહતનાદનું પ્રતીક અર્હં અને
તેમાંથી ઉત્પન્ન થતો વર્ણસમૂહનો સંક્ષેપ 'ઓં'કાર છે,
તેથી 'ૐ અર્હં' એ મૂળ મંત્ર બને છે.
ૐમાં 'અ'કાર મુખ્ય છે અને બાકી તેનો પરિકર છે,
બીજમાં 'હ'કાર મુખ્ય છે અને બાકી તેનો પરિકર છે.

## જ્ઞાન - સાર શું છે?

આત્મા પૂર્ણ પરમાત્મસ્વરૂપમાં મગ્ન - સ્થિર થાય છે,
જ્ઞાન તથા સમભાવ દ્વારા તે મોહનો નાશ કરે છે,
ઇંદ્રિયોનો જય કરે છે, ત્યાગ - વૈરાગ્યની ક્રિયાઓથી
તેમાં વિજય મેળવી પોતાના આત્મામાં તૃપ્ત થાય છે,
પોતે નિર્લેપભાવે વિચરે છે, જગતથી નિઃસ્પૃહ થાય છે,
કોઈ તૃષ્ણા - આસક્તિને વશ થતો નથી,
મનથી મૌન થાય છે,
જ્ઞાનના આનંદમાં વિવેકપૂર્વક મધ્યસ્થભાવ ધારણ કરી
નિર્ભયતા પ્રાપ્ત કરી પૌદ્ગલિક પ્રશંસાથી મુક્ત થઈને
તત્ત્વદૃષ્ટિ પ્રાપ્ત કરી સર્વ સમૃદ્ધિ પોતામાં જ નિરખી લઈ
કર્મવિપાકને સમભાવે વેદી લઈ ભવથી ઉદ્વિગ્ન થઈ,
બાહ્યસંગ અને પરિગ્રહનો ત્યાગ કરી ધ્યાનયોગમાં
તપ વડે શુદ્ધ - બુદ્ધ થાય છે. આ જ્ઞાન - સાર છે.

## મનુષ્યજન્મના ૮ ફળ

પૂજ્યપૂજા દયા દાનં તીર્થયાત્રા જપસ્તપઃ ।
શ્રુતં પરોપકારશ્ચ મર્ત્યજન્મ ફલાષ્ટકમ્ ॥

પૂજ્યપૂજા, દયા, દાન, તીર્થયાત્રા, જાપ, તપ, શ્રુતજ્ઞાન
લહાવું, પરોપકાર કરવો - આ ૮ મનુષ્યજન્મના ફળ છે.

| | |
|---|---|
| १८० क्रियावादी | जीवाजीवादिरर्थो अस्ति एवं स्थापंवदन्तीति क्रियावादिनः। |
| ८४ अक्रियावादी | तन्निषेधकरा अक्रियावादिनः। |
| ६७ अज्ञानवादी | अज्ञानमेव श्रेयः अज्ञानवादिनः। |
| ३२ वैनयिकवादी | विनयकर एव श्रेयः वैनयिकाः। |
| ३६३ पाखंडीकार | |

આ ચારે એકાંત કથન કરનાર પાખંડિક છે. (પરિશિષ્ટ-૬)
સ્વપક્ષને છોડી અન્ય પક્ષનું ખંડન કરે છે તે અસત્ય.
સ્વપક્ષનું ખંડન કરે તો તે સત્ય છે. માત્ર અક્રિયાવાદી
જીવાજીવાદિ તત્ત્વના નિષેધક હોવાથી નાસ્તિક છે.
પરરૂપેણ નાસ્તિત્વનું સમર્થન કરે તો આસ્તિક છે,
કેમકે સ્વરૂપેણ અસ્તિત્વને સ્વીકારે છે.

o આ સંસારમાં એક પરમાણુ માત્ર પણ મારું નથી.
કોઈની ઉપર પ્રીતિ - અપ્રીતિ કરવા યોગ્ય નથી.
સમતાભાવમાં સ્થિર થઈ પરભાવ - પરદ્રવ્યનો
મોહ ત્યાગીને અપ્રમત્તભાવમાં મારે ઠરવાનું છે.

इदं शरीरं परिणामदुर्बलं
पतत्यवश्यं श्लथसंधिजर्जरं।
किमौषधैः क्लिश्यसि मूढ! दुर्मते!
निरामयं धर्मरसायनं पिब ॥१॥ (પરિશિષ્ટ-૭)

## સ્વદયા - પરદયા : દ્રવ્યદયા પરની, સ્વદયા પોતાની.

દુઃખિત એવા પરની દ્રવ્યદયા ન કરવાથી
પોતાના અધ્યવસાય ક્લિષ્ટ થાય છે, તેથી
પોતાના ભાવપ્રાણની હિંસા થાય છે, તેની
રક્ષા માટે દુઃખી જીવોના દ્રવ્યદુઃખની ઉપેક્ષા અકર્તવ્ય છે.
એનું નામ 'પરદયા' છે અને એ દયા કરવાથી
પોતાના અધ્યવસાયોની રક્ષા થાય છે, એ 'સ્વદયા' છે.
તેના બદલે ભાવદયા બીજાની અને દ્રવ્યદયા પોતાની-
એમ મુખ્ય બનાવવાથી ઉભય દયાથી ભ્રષ્ટ થવાય છે.
પોતાના સર્વ દ્રવ્યદુઃખો પ્રત્યે
દયાર્દ્ર થવાનો સ્વભાવ જીવમાત્રનો છે,
તેથી મોહની વૃદ્ધિ થાય છે.
મોહપુષ્ટિ થતી હોવાથી તેમાં ધર્મબુદ્ધિ એ મિથ્યાત્વ છે.
બીજાની દ્રવ્યદયાની ઉપેક્ષા કરીને એકલી ભાવદયા
ચિંતવવાથી નહિ તે જીવોના પરિણામ સુધરતાં કે નહિ
આપણા પરિણામ સુધરતાં, તેથી તે અફલારંભ બને છે.
અફલારંભીપણું એ ભવાભિનંદિપણાના લક્ષણોમાંનું
એક લક્ષણ છે, તેથી તે ત્યાજ્ય છે. સફલારંભી જીવો
દ્રવ્યદયા પરની કરે છે અને સ્વદયા પોતાની કરે છે.

દયાળુની ભક્તિ વગર દયાના અંકુરા પ્રકટ થતાં નથી
અને દયાના પરિણામ વિના દયાળુની ભક્તિ પ્રગટતી નથી.

સાચો ધર્મ શ્રી જિનાજ્ઞાના પાલનમાં છે.

જે જિનનો ભક્ત નથી, તે સાચો દયાળુ બની શકતો નથી.
અનુકંપા દાન એ શાસનપ્રભાવનાનું અપૂર્વ અંગ છે.

'શાસન ષટ્જીવનિકાયનું છે' એવી શ્રદ્ધા
સ્વપર ઉભયમાં સ્થિર થવા, તે સાચી શાસનપ્રભાવના છે.
ધર્મ = આત્મા. તેને ભૂલીને ઉન્નતિની આશા વ્યર્થ છે.
ધર્મને છોડીને દેશની કે વિશ્વની સાચી ઉન્નતિ કદી
પણ થઈ શકતી નથી. માનવજીવન એ ધર્મની મોસમ છે.

દયા અને જિનભક્તિને ઘનિષ્ઠ સંબંધ છે.

શ્રી જિનમતમાં દ્રવ્ય વિના ભાવ માનેલો નથી.
દ્રવ્યદયા વિના ભાવદયાના પરિણામ ઊગવા શક્ય નથી.
પરલોક ભૂલી આ લોકમાં સુખી થવા મથનારા હવામાં
બાચકા ભરે છે. આત્મમુક્તિના પ્રયત્નોની આડે આવનારા
જગતના હિતશત્રુઓ છે. નિર્ગ્રન્થ મહાત્માઓને છોડી
બાવાઓ ગુરૂપદ ધારણ કરવાને માટે લાયક નથી.
આચાર્ય, ઉપાધ્યાય, સ્થવિર, તપસ્વી, ગ્લાન, બાલ, કુલ,
ગણ, સંઘ, સાધર્મિક - આ દશની વૈયાવચ્ચ કરવી જોઈએ.

## આપણે સિંહ કે ઉંદર?

સિંહ પાંજરામાં પોતાનું લક્ષ્ય જોઈ પેસે નહિ. ઉંદર પાંજરામાં લક્ષ્ય જોઈને પેસે અને જ્યાં સુધી લક્ષ્ય હોય, ત્યાં સુધી નીકળવા પ્રયત્ન પણ કરે નહિ. સિંહ પાંજરામાં પૂરાઈ જાય, તો એ તુરત જ નીકળવા પ્રયત્ન કરે, તેમ શરીર રૂપી પાંજરામાં પૂરાયેલ અમે આપણે ઉંદર જેવા નહીં બનતાં સિંહરૂપ બની જઈને જલ્દી મુક્ત બની શિવરમણીના ભોગી બનવું જોઈએ.

'જલ્દી મુક્ત બનો અને શિવરમણીના ભોગી બનો.'

યુધિષ્ઠિરને બધા ગુણી અને
દુર્યોધનને બધા દોષવાન દેખાય છે.
માંખી એ વિષ્ટાને પસંદ કરે છે,
અને ભમરી એ સુવાસને પસંદ કરે છે,
તેમ ભમર જેવા બની ગુણની સુવાસ મેળવો.

## મુક્તિનો શત્રુ પ્રમાદ

પ્રમાદ એ આત્માનો મહાન દુશ્મન છે. ગયેલા ક્ષણો પાછી આવતી નથી, માટે ક્ષણ પણ પ્રમાદ ન કરો.

'અવિધિએ કરવા કરતાં ન કરવું એ સારું'
એમ બોલનાર 'ઉત્સૂત્રભાષી' છે.

## અમનસ્ક મન - આપણો ખજાનો

આત્મરાજ રતન પ્રાપ્ત કરવાનો ઉપાય એક જ છે:

મનને અમનસ્ક - નિર્વિકલ્પ કરવા પ્રયત્ન કરો.

મનની સ્વસ્થતા વિના તપ વગેરે વિફલ છે.

મારા અંતરપરિણામ દ્રવ્ય-ભાવ ઉભયથી અહિંસામય હો.

મારો મન - વચન - કાયાનો યોગ

ઉપયોગમય તથા સંયમયુક્ત હો.

તપ, ત્યાગ, સ્વાધ્યાય, સેવાથી સાધુને અહીં જ મોક્ષ છે.

પરભાવ - પરદ્રવ્ય, વિષય - કષાય પ્રત્યે

મારી અનાસક્ત - ઉદાસીન ભાવ તપયુક્ત હો.

ॐ

0 चिन्ता-भावनापूर्वकः स्थिरोऽध्यवसायो ध्यानम् ।

अनन्तधर्मात्मकस्य वस्तुन एकांशपरिच्छेदी नयः ।

0 ध्यानधूपं मनःपुष्पं पंचेन्द्रियहुताशनं ।

क्षमाजापं संतोषपूजा भवदेवं निरंजनं ॥

0 नाऽगुणी गुणिनं वेत्ति गुणी च गुणमत्सरी ।

गुणी च गुणरागी च सरलो विरलो जनः ॥

0 क्षमाखड्गं करे यस्य दुर्जनः किं करिष्यति ।

अतृणे पतितो वह्निः स्वयमेवोपशाम्यति ॥ (परिशिष्ट-८)

## પ્રભુનો સંકલ્પ એ પરાવાણી છે.

'પ્રાણીમાત્રનું આધ્યાત્મિક કલ્યાણ પામો' એવો પ્રભુનો સુદૃઢ સંકલ્પ પરાવાણી રૂપ હોવાથી તે નાદબ્રહ્મરૂપ છે. નાદબ્રહ્મ એ જ્યોતિબ્રહ્મનું કારણ - કાર્ય ઉભય છે.

જ્યોતિબ્રહ્મ તે સિદ્ધ પરમાત્માનું સ્વરૂપ છે, તે અરિહંતપરમાત્માના નિર્મળ આત્મદ્રવ્યમાં સંકલિત થઈને નાદબ્રહ્મનું કારણ બને છે અને નાદબ્રહ્મ એ વિશ્વમાં ફેલાઈને ભવરાશિને જ્યોતિબ્રહ્મ તરફ ગતિ કરાવે છે. નાદ ધ્વનિ છે તથા ધ્વનિ ગતિમાંથી ઉત્પન્ન થાય છે. અરિહંતોના આત્મપ્રદેશોની તે ગતિ પ્રાણીમાત્રને સિદ્ધ-પદની પ્રાપ્તિ કરાવવાના સંકલ્પમાંથી ઉત્પન્ન થાય છે. સંકલ્પમાંથી શબ્દ અને શબ્દમાંથી નાદ તથા નાદના પ્રભાવે ભવમાત્રમાં ઊર્ધ્વગમન કરવાની શક્તિ પેદા થાય છે.

તે શક્તિ આડે જે કોઈ આવે છે, તે પ્રતિસ્રોતગામી હોવાથી ફેંકાઈ જાય છે અથવા અનેક કષ્ટો વેઠીને પાછા સીધા પ્રવાહમાં આવતા જાય છે.

'સીધા પ્રવાહમાં આવવું' એટલે

સર્વ જીવો પ્રત્યે અનુકૂળતાવાળા બનવું.

પ્રતિકૂળતાના ભાવથી જે પ્રતિસ્રોતગમન થાય છે, તે

નાદબ્રહ્મથી વિરુદ્ધ દશામાં ગમનરૂપ હોવાથી
દુર્ગતિગમન કરાવનારે અનુસ્રોતોગામી બનાવે છે,
તેને જ 'અકામ નિર્જરા' કહેવાય છે.
જીવતત્ત્વ પ્રત્યે અનુકૂળતાના સંકલ્પવાળું બનવું -
તે નાદબ્રહ્મને અનુસ્રોતોગામીપણું છે.
તેને આગમિક ભાષામાં આત્માનું આરાધકપણું કહેવાય છે.
જીવતત્ત્વ પ્રત્યે પ્રતિકૂળતાનો સંકલ્પ તે શબ્દબ્રહ્મથી
પ્રતિસ્રોતગામી બનવાની ક્રિયા છે. તેને અટકાવવા માટે
અકૃતિ આત્માના વિરાધકપણાની દિશામાં જીવ આગળ ન
વધે, તે માટે દુર્ગતિ - હીનગતિમાં જીવને જવું પડે છે. ત્યાં
અકામપણે પીડા ભોગવતા જીવ હળવો થઈ ઊંચો આવે છે.
આગમ કહે છે : આમ જીવની ઉત્ક્રાંતિ અને અપક્રાંતિ
આત્માના આરાધન અને વિરાધનથી થયા કરે છે.
તંત્ર કહે છે કે : પ્રભુના સંકલ્પરૂપ નાદબ્રહ્મને આધીન
થઈને વિશ્વના જીવોની ઉત્ક્રાંતિ - અપક્રાંતિ થઈ રહી છે.
નાદબ્રહ્મને આધીન થઈને શાસ્ત્રપણે ઉત્ક્રાંતિ કરવાનું
સરળ સાધન મંત્ર છે. મંત્રમાં શબ્દશક્તિ નિહિત છે.
મંત્રના વર્ણોની વિવિધ રચનાથી
તેમાં વિવિધ પ્રકારની શક્તિઓ આવે છે.

મંત્રશાસ્ત્રનો આશ્રય લેવાથી જે કાર્ય
દીર્ઘકાળે થવાનું હોય, તે શીઘ્રપણે થાય છે.

નમસ્કાર મંત્રની રચના જ એવા પ્રકારની થયેલી છે કે તેના વર્ણોનો વિધિયુક્ત આશ્રય લઈને જે કોઈપણ તેનું ભાવથી સ્મરણ કરે છે, તેને નાદબ્રહ્મની સહાયથી જ્યોતિબ્રહ્મમાં પહોંચવું અતિકઠિન જ સરળ થઈ પડે છે.

આગમની ભાષામાં કર્મજાળે ભવને કર્મક્ષય કરવાનું અમોઘ સાધન નમસ્કાર મંત્ર બને છે, કારણ કે તેમાં 'અક્ષરોના સંયોગોની વિશિષ્ટ પ્રકારની રચના રહેલી છે' એમ મહર્ષિઓએ જ્ઞાનથી જોઈને તેને સકલ પાપકર્મોના ક્ષયમાં અને સર્વ પ્રકારના પુણ્યકર્મના ઉપાર્જનમાં પરમ સહાયક માનેલો છે. એવી રચના અન્ય કોઈ પ્રકારના મંત્રમાં થઈ શકતી નથી કે જેથી શીઘ્ર કર્મક્ષય થાય.

Imp     નાદબ્રહ્મ 'અર્હં' સ્વરૂપ છે અને 'અર્હં'ની સૌથી નિકટ પંચમંગળ છે, કેમ કે તે 'અર્હં'ની જ પાંચ પ્રકાર અવસ્થાઓ હોવાથી તેનું સ્મરણ તે 'અર્હં'નું જ સ્મરણ છે. 'અર્હં'માં રહેલું આર્હન્ત્ય અનાદિનિધન છે અને તે પ્રવાહથી અરિહંતોના આત્મદ્રવ્યો દ્વારા વહન થયા કરે છે. વિશ્વ ગતિમય છે અને તે ગતિ અરિહંતોના

સંકલ્પરૂપ નાદબ્રહ્મમાંથી ઉત્પન્ન થયેલ છે. તેમનો
સંકલ્પ સર્વ જગતહિતકર અને સર્વોત્કૃષ્ટ કલ્યાણરૂપ
હોવાથી જીવોને ઊર્ધ્વગમનની ગતિમાં સતત પ્રેર્યા કરે છે.
'નમઃ' પદથી તેને અનુકૂળ થવાનો સંકેત મળ્યા કરે છે.

'નમઃ' એટલે અનુકૂળ થવાની વૃત્તિ.

નાદબ્રહ્મની જે સતતગતિ થઈ રહી છે, તેમાં એ વૃત્તિ ભળી
અપરિગ્રહથી-અનાગ્રહથી જ્યોતિબ્રહ્મમાં ભળી જાય છે.
'અર્હં' એ શુદ્ધાત્માનું સ્વરૂપ છે. પાપનો પ્રણાશ એ
ચૈતન્ય પ્રત્યે પ્રતિકૂળતાના પરિણામનો વિનાશ છે.

પ્રથમ મંગલ એ

ચૈતન્ય પ્રત્યે અનુકૂળતાના પરિણામની ઉત્પત્તિ છે.
નામનો અર્થ માટે નહિ, ત્યાં શબ્દની પોતાની જ કિંમત છે.

જે ક્ષણે મનમાં વિચાર કે વિકાર ના આવ્યો,
તે ક્ષણ રામચંદ્રના સ્મરણમાં ગઈ, એમ સમજવું જોઈએ.
'રામ - રામ' કરીને લગાવાનું સ્મરણ થાય,
તે નિર્વિચાર કે નિર્વિકલ્પ સ્થિતિના અનુભવથી પણ
રામનું જ સ્મરણ થયું ગણાય.

विसकोसिपंजरमिव लोए असिपंजरम्मि ।
सिहा व पंजरगया वसति तवपंजरे साहू ॥

અરિહંતાદિના ગુણોનો વિચાર

અરિહંતનો રાગ - ઔદાર્ય
સિદ્ધનો સંવેગ - દાક્ષિણ્ય
આચાર્યનો નિર્વેદ - પાપજુગુપ્સા
ઉપાધ્યાયની કરુણા - નિર્મળ બોધ
સાધુની શ્રદ્ધા - જનપ્રિયત્વાદિ.

વ્યાજે સ્યાદ્ દ્વિગુણં વિત્તં વ્યવસાયે સ્યાત્ ચતુર્ગુણં ।
ક્ષેત્રે શતગુણં પ્રોક્તં પાત્રેऽનન્તગુણં તથા ।

મિથ્યાજ્ઞાનનાં ૪ ચિહ્નો

જે ગુણ જેનામાં હોય તે ન માને અને ન હોય તે માને,
ઉન્મત્તની જેમ પ્રલાપ કરે,
સદ્ગુણ ન વધે અને દુર્ગુણ વધે.
જ્ઞાનના ફળનો અભાવ તથા અજ્ઞાનના ફળનો સદ્ભાવ
- તે સદ્જ્ઞાનને મિથ્યાજ્ઞાન જણાવે છે.

આત્મજ્ઞાનથી શું થાય ?

આત્મજ્ઞાનથી રાજયોગમાં સફળતા થાય.
આત્મજ્ઞાનથી જ સાધ્ય, સાધના, સિદ્ધિ અને
સાધકદશાનો વિવેક પ્રાપ્ત થાય
તથા હેય, જ્ઞેય અને ઉપાદેયબુદ્ધિ પ્રાપ્ત થાય.

o જનકની સભામાં પંડિતોએ અષ્ટાવક્રને જોઈને હસવા માંડ્યું, તો અષ્ટાવક્ર પણ હસવા લાગ્યા. તેમના હસવાથી જનકરાજાએ તેમને તેનું કારણ પૂછ્યું, ત્યારે જવાબમાં 'આ સભા ચમારની છે - પંડિતોની નથી, તો હસું છું. પંડિતો આત્મવાદી હોય શરીર બાહ્ય દેખાવથી હસે નહિ. આત્મસ્વરૂપને દેખે આત્મવાદી બને - જડવાદી ન બને.

o कोह पइट्ठी देहघरि तिन्नि विकार करेइ।
आपौ तपे पर तपे पर तप हाणि करेइ ॥१॥

અર્થ: દેહ ધારણ કરીને કોણ પુરુષ શ્રેષ્ઠ? પોતે તપે તે શ્રેષ્ઠ? બીજાને તપાવે તે શ્રેષ્ઠ? કે બીજાના તાપને શમાવે તે શ્રેષ્ઠ? તે વિચારી જોજો.

o जं जं समयं जीवो आविसइ जेण जेण भावेण।
सो तम्मि तम्मि समए सुहासुहं बंधए कम्मं ॥

અર્થ: જીવ જે સમયે જે ભાવ વડે ભાવિત થાય, તે સમયે તેવા તેવા શુભાશુભ કર્મ બાંધે છે.

o लोभ मूलानि पापानि रसमूलाश्च व्याधयः।
स्नेहमूलानि दुःखानि - त्रीणि त्यक्त्वा सुखी भव ॥

લોભના કારણે પાપ થાય, રસના કારણે રોગો થાય, સ્નેહના કારણે દુઃખ થાય - આ ત્રણે તજીને સુખી થા.

## માનવજન્મની દુર્લભતાના ચાર કારણો

સંસારનું મહત્ત્વ, અધાર્મિકપણું અને દુષ્પ્રાપ્યત્વ.

મનને અની માનને જતે તે માનવ. - આ૦ સૂત્રટીકા

મનને નિર્વિકલ્પ કરવા

ચિત્તની સ્થિરતા કરી અને મનની એકાગ્રતા કરી.

જૈનશાસનની મુખ્ય બે વસ્તુ: આચાર અને વિચાર.

(૧) આચારમાં અહિંસામય પ્રવૃત્તિ.

(૨) વિચારમાં અપેક્ષાવાદ, સ્યાદ્વાદ અને અનેકાન્તવાદ.

૦ પ્રાણા દ્વિત્રિચતુઃ પ્રોક્તાભૂતાસ્તુ તરવઃ સ્મૃતા ।
જીવાઃ પંચેન્દ્રિયા પ્રોક્તાઃ શેષાઃ સત્ત્વા ઇતીરિતાઃ ॥૧॥

અર્થાત્: એકેન્દ્રિયને સત્ત્વ, પંચેન્દ્રિયને જીવ, વનસ્પતિને ભૂત અને વિકલેન્દ્રિયને પ્રાણ કહ્યાં છે.

: નવમા પૂર્વમાં તૃતીય વિચાર વિનિર્ગતં :

સુખ - દુઃખ, જીવિત - મરણ, લાભાલાભ આદિ સૂચક
નિમિત્તશાસ્ત્રનું જ્ઞાન રહેલું છે.

૦ સજ્જનો સદા ઉપકાર કરનારા જ હોય,
દુર્જનો સદા અપકાર કરનારા જ હોય.

૦ કાલ કરે સો આજ કર, આજ કરે સો અબ;
અવસર બીતા જાત હૈ, ફિર કરોગે કબ ?

૦ પાંચે ઈંદ્રિયોના પાંચે વિષયોનો ત્યાગ કરવો.
આ નાશવંત જગતમાં કેવળ 'હરિનામ' જ સત્ય છે.
બાકી બધું મિથ્યા જ છે, હરિનામ જ ચિદાનંદરૂપ છે.
બાલ્યાવસ્થાથી તેનું સ્મરણ કરવું જોઈએ. માતા-પિતા
તથા ગુરૂઓએ બાળકોને એ જ શિક્ષણ આપવું જોઈએ.
ચારિત્ર વિણ કેળવણી એકડા વિનાના મીંડા જેવી છે.
માનવ રાતના અંધકારમાં વાસનાનો નાગો નાચ નાચી
રહ્યો હોય છે, તે રાત્રીના હૈયામાં શૂળની વેદનાઓની
જેમ ભોંકાય છે, તેનાથી આ વિશ્વને બચાવવા માટે
ઊંઘ લેવા પહેલાં પ્રભુ નામસ્મરણની આશા કરે છે.

ભેદમાં ભય અને અભેદમાં અભય છે, તેથી
ભેદભાવ-દ્વૈતભાવ ટાળવો જોઈએ.

દ્વૈતભાવ મલિનભાવ છે, તે ટળવાથી મન નિર્મળ થાય છે.

દ્વૈતભાવ ગયો એટલે મન નિર્મળ થયું.

મન નિર્મળ થયું એટલે મુક્તિના દ્વાર ખુલ્યાં સમજો.
જીવ-મુક્તિનું સુખ અનુભવવું હોય, તેને દ્વૈતભાવની
અનાદિ ટેવને ટાળવાની શીખ સર્વ શાસ્ત્રકારો આપે છે.

દ્વૈતભાવ = વિષયભાવ. અદ્વૈતભાવ = આત્મભાવ.

પ્રપંચ = સંસાર. આત્મ = પરબ્રહ્મ - મોક્ષ.

## યમ - સંયમમાં શું ફેર ?

યમ = નિયંત્રણ.

સમ્યગ્‌યમ = સંયમ = વિકારોનો ઉપશમ.

તે સમ્યગ્ આત્મબોધની સહજ સ્ફુરણાનું પરિણામ છે.

ભયથી, લોભથી, વાહવાહથી કે ક્ષુદ્ર સ્વાર્થથી જે નિયંત્રણ છે, તે યમ છે અને જે સંયમન સ્વયં પર, સ્વયંનું, સ્વયંને માટે, સ્વયં વડે થાય, તે સંયમ છે. સંયમ એ આત્મતત્ત્વના નિર્મળ બોધનું પરિણામ છે.

અહિંસા માટે ઇંદ્રિયોનો સંયમ અને સંયમ માટે મન અને દેહનો નિરોધ તે ધર્મસ્વરૂપ છે.

## સંયમનો હેતુ શો છે ?

યશ, કીર્તિ પ્રતિષ્ઠા, ભય, લોભ, ઐશ્વર્ય કે ઉત્તમ પદની પ્રાપ્તિ અર્થે નહિ, કિન્તુ સંયમ એ આત્મદર્શનના નિર્મળ-નિર્વિકાર હેતુથી હોય છે, તેને સમ્યક્ચારિત્ર કહે છે.

તેનું ક્ષેત્ર બાહ્ય નહિ પણ અંતરંગ છે.

અહિંસા એ નિષેધનો નિષેધ છે, તેમ નમસ્કારભાવ પણ 'અહં'નો નિષેધ છે, તેથી નિષેધનો નિષેધ હોઈ પરમ વિધાયક છે. કોઈપણ ધર્મક્રિયા કરતી વખતે 'અહં'ને ભૂલવો તે નમસ્કારભાવ છે.

## હિંસાની જેમ 'અહં' પણ નિષેધાત્મક

નિરોધ ગર્ભનો નહિ પણ મનની તૃષ્ણાનો, નસબંધી માત્ર
પ્રજનનાવયવની નહિ, વિષયતૃષ્ણાઓની થવી જોઈએ.

બ્રહ્મચર્ય પણ અહિંસાની દૃષ્ટિએ થવું જોઈએ.

મુક્તિ શરીરની નહિ પણ આત્માની.

બંધન આત્માનું તૂટવું જોઈએ, શરીરનું નહિ.

'હિંસા' નિષેધાત્મક છે, તેમ 'અહં' પણ નિષેધાત્મક છે.

## દાન - શીલ - તપ - ભાવ = ધર્મ

'ભાવ વિનાના દાનાદિ નિષ્ફળ છે' તેનો અર્થ શું?
ભાવ એ મનનો વિષય છે. દાનભાવ, શીલભાવ અને
તપશ્ચર્યાની પાછળ રહેલો નમ્રતાનો ભાવ એ ધર્મ છે.
દાનની, શીલની કે તપની ક્રિયા કરતી વખતે એ ક્રિયા
કરનારનો દાનભાવ, શીલભાવ તથા તપોભાવ કે જેમાં
'અહં'નું વિસર્જન થાય છે તથા દાનની, શીલની અને
તપની ક્રિયામાં તન્મયતા ઉત્પન્ન થાય, તે ભાવધર્મ છે.

°

*Not mine but Thine will be done.*
*Religion and selfishness are contrary to each other.*

ह्रीं ॐ जैं अर्हं जैं जैं अर्हं जैं ॐ ह्रीं

## 'સ્નેહ' શબ્દની પરિભાષા

પરમાત્મા સાથે સ્નેહ બાંધવાની પ્રથમ શરત
જીવાત્માઓ પ્રત્યે સ્નેહ બાંધવાની છે.
'સ્નેહ' શબ્દ ભક્તિની સાથે કરુણા, માધ્યસ્થ્ય અને
મૈત્રીની ભાવના સાથે સંકળાયેલો છે.
સમસ્ત સત્ત્વવિષયક સ્નેહપરિણામ ભક્તિબીજ
નીપજે છે, ટકે છે, વધે છે અને એ જ રીતે ભક્તિની
ઉત્પત્તિ, ટકાવ અને વૃદ્ધિ માટે
સમસ્ત સત્ત્વવિષયક સ્નેહપરિણામ કારણરૂપ બને છે.
સ્નેહપરિણામ એક જ છે,
પાત્રભેદે ભિન્ન - ભિન્નરૂપે પરિણામ પામે છે.
સ્નેહપરિણામ જ અહિંસા - સંયમ - તપરૂપ બને છે.
ઔદાર્ય, દાક્ષિણ્ય અને પાપજુગુપ્સા રૂપે ફૂલે છે.
ધર્મના પ્રત્યેક અંગ - પ્રત્યંગો
સ્નેહપરિણામ સાથે સંકળાયેલાં છે.
તે વૈરાગ્ય, વિરતિ તથા વિવેકને પુષ્ટ કરે છે
અને ઉદારતા, સદાચાર અને સહિષ્ણુતારૂપે વિકસે છે.
પંચ પરમેષ્ઠિ નમસ્કાર એ
સ્નેહનું જ ફળ છે અને સ્નેહનું જ મૂળ કારણ છે.

સંકલ્પ - વિકલ્પસહિત મન જડ છે,

સંકલ્પ - વિકલ્પરહિત મન ચેતન છે.

Awareness is a key to quiet mind.

Be aware and it will be still.

પરમાનંદ એ permanent છે,

પરમ આનંદ એ eternal bliss છે.

ચિત્તનો ઉપયોગ સંકલ્પ-વિકલ્પ કરવામાં થાય છે,

કિન્તુ ચિત્તના પ્રત્યે સચેત થવામાં કરતા નહિ.

મન ખાલી થવાથી આત્મિક આનંદ વડે ભરાય છે.

Empty the mind and it will be

filled with permanent joy.

મનને ખાલી કરો અને તે નિત્યાનંદથી ભરાઈ જશે.

નિર્વિકલ્પ જ્ઞાન, નિર્વિકલ્પ સંવેદન,

જ્ઞાનની સ્વપ્રકાશકતાનો પ્રકાશ.

મનનો નિરોધ એ સ્વયંનો બોધ છે,

આનંદની અનુભૂતિ મનની સ્થિરતામાં છે તથા

મનને શાંત કરવાનો ઉપાય તટસ્થતા અને અસંગતા છે.

બંધન નામની કોઈ બાહ્ય વસ્તુ નહિ પણ

પોતાનું અજ્ઞાન અને પોતાનો મોહ એ જ બંધન છે.

મનનું મૌન અપ્રગટ પરમાત્માને પ્રગટ કરવાનો ઉપાય છે.

મનના સંકલ્પ - વિકલ્પ એ સંસાર છે,

મનનું નિઃસંકલ્પ થઈ જવું, તે સંન્યાસ છે.

મનનશીલ મન શાંત થઈ જાય છે. જગતના વાસ્તવિક સ્વરૂપનું મનન એ સાધકનું આધ્યાત્મિક મૌન છે.

અખંડ આત્મબોધ = બોધ. સમાપવર્તી અને બોધસ્વરૂપ તે તટસ્થ છે. આત્મા સમાપવર્તી, તટસ્થ અને બોધરૂપ છે.

તે સત્ - ચિદ્ - આનંદ છે. તેનો સાક્ષી અહં છે.

સાક્ષી બનીને અંદર જોઈલો જે છે,

તે 'હું' પદવાચ્ય છે, તે નિજસ્વરૂપ છે.

નિર્વિચાર - નિર્વિષય - નિર્વિકલ્પ - ચિન્માત્ર - સન્માત્ર

સત્તાની અનુભૂતિ તે આનંદ છે.

તે આનંદ સ્વાવલંબિત છે, પરાવલંબિત નહિ.

'મન' શબ્દને ઉલટાવવાથી 'નમ' બની જાય છે, તેનાથી અંતઃકરણમાં આર્દ્રતા, નમ્રતા, તરલતા, ઉદારતા, રસિકતા રૂપી નમી ય નિરહંકારિતાનું આગમન થઈ જાય છે. વિષયાનંદમાં ભટકી રહેલું મન નિત્યાનંદની પ્રાપ્તિ થવાથી નમ કે નમી જાય છે, નિત્યાનંદ ભાવગ્રાહ્ય છે. બધી વસ્તુના ભાવ હોય છે, તેથી જ મન ખેંચાય છે,

તેમ સૌથી અધિક આનંદ જેમાં છે,
તેનો લક્ષ મનમાં વસાવવાથી મન તે બાજુ વળે છે.
*supreme consciousness is objectless.*
'तद्भावाद्येदम् नित्यम् ।' ચેતના સર્વવ્યાપ્ત છે.
મનુષ્યમાં અધિક, બાળમાં ઉતરતી - એવો ભેદ નથી.
વિચારમાત્ર વિકલ્પ છે, સમજાતા જ તેનો પીછો છોડાવે છે.
ચૈતન્ય પરિચ્છિન્ન નથી, અપરિચ્છિન્ન છે.
તે *limitless - unlimited* છે.
સ્વપ્ન = સ્વપણાનું વિસ્મરણ.
એ જ અજ્ઞાન અગર અચેતાવસ્થા, અવિવેક યા મૂઢતા.
અમન = જ્યાં મન નથી, ત્યાં શાંતિ છે.
વિશ્રાંતિ શરીર સંબંધી હોય, શાંતિ મનનો નિરોધ છે.

o આરામ શારીરિક છે, સુખ માનસિક છે,
શાંતિ એ મનનો નિરોધ છે અને
આનંદ એ નિરોધ બાદ થતો સ્વાત્મબોધ છે.
- Harkishandas Agrawal

o જલનો સ્થૂલ ભાગ મૂત્ર, મધ્ય રક્ત અને સૂક્ષ્મભાગ પ્રાણરૂપ થાય છે, પરંતુ ત્રણેમાં જલસ્વરૂપ કાયમ રહે છે.
આત્મા = આપ.

આત્મા, પરમાત્મા, જ્ઞાન, સજાગતા - પર્યાયવાચી શબ્દ છે.
જાણકારી બદલાય છે પણ જાણનાર બદલાતો નથી.
અંદરમાં બત્તી છે, તેને Switch on કરવાની જરૂર છે.
સજાગતાની અનુભૂતિ સહજ અને સ્વરૂપ છે
અને એ જ મોક્ષમાર્ગ છે.

ત્રણે <u>પ્રકારની અહિંસા માટે શું અનિવાર્ય</u> ?

સાચી માનવતા અહિંસા, અનેકાન્ત અને અપરિગ્રહમાં રહેલી છે. અનેકાન્ત અને અપરિગ્રહ અહિંસામાં સમાઈ જાય છે. અનેકાન્ત એ માનસિક અને વાચિક અહિંસા છે, સત્યનો જ તે એક પર્યાય છે. કાયિક, વાચિક, માનસિક ત્રણે પ્રકારની અહિંસા માટે અપરિગ્રહ અનિવાર્ય છે.

अनेकान्तभावनाजनित, तत्त्वज्ञानोपबृंहित
शैलेशीकरणाऽभिव्यंग्य, कृत्स्नकर्मक्षयलक्षणो मोक्षः।
तस्य मार्गः सम्यग्दर्शनज्ञानचारित्राणि। (परिशिष्ट-૯)

શીલોનો સમૂહ તે શૈલ, તેનો ઈશ મેરુ.
તેના જેવો નિષ્કંપ તે શૈલેશીકરણ.

o દ્રવ્યશ્રુત = word, ભાવશ્રુત = thought.
દ્રવ્ય વિના ભાવ નહિ અને ભાવ વિના દ્રવ્ય નહિ.
પ્રત્યેક શબ્દ ભાવાનુવિદ્ધ અને પ્રત્યેક ભાવ શબ્દાનુવિદ્ધ છે.

o દીનતા, નમ્રતા, વિનય - અત્યંત મહત્ત્વના ગુણો છે.
ઈશ્વરે આપણને સર્જ્યા છે. ઈશ્વર સર્વશક્તિમાન અને
દયાળુ છે. આપણામાં તેનો અંશ છે, તે કબૂલી આપણે
પણ સદ્‌ગુણ કેળવી શકીએ છીએ. માણસે પરમાત્માને
દીનતાથી - શરણાગતિથી સર્વ સમર્પણ કરવું જોઈએ.
'હું પાપી છું - તારે શરણે છું' એવો ભાવ કેળવવો જોઈએ.
સ્વાર્થને સ્થાને અન્યને સહાયક થવાની વૃત્તિ કેળવવી જોઈએ.
સંતોની વાણીમાં ઈશ્વર પ્રત્યે દીનતાનો આર્દ્રભાવ રહેલ છે.
ઈશ્વરપરાયણતામાંથી દીનતા જન્મે છે. - ફાધર વાલેસ

o આપણે આપણા વિષે જ્ઞાન મેળવવું તે તત્ત્વજ્ઞાન
'તત્ત્વમસિ' આદિ મહાવાક્યોના મનન-પરિશીલનથી મળતું
રહે છે. આ જ્ઞાન વડે આપણો વિકાસ શક્ય બને છે.

વ્યક્તિત્વ એટલે શરીર, મન અને આત્મા.
શરીર અને તેની પ્રવૃત્તિ, મન અને તેની વૃત્તિ તથા
આત્મા અને તેની રુચિ પરમાનંદપ્રાપ્તિને અનુરૂપ જોઈએ.
સ્વત્વના જ્ઞાન વડે તત્ત્વનું જ્ઞાન મેળવી શકાય છે.

સ્વત્વને તત્ત્વની અભિમુખ કરવું જોઈએ.

o 'ત્યક્તેન ભુંજીથા મા ગૃધઃ કસ્યસ્વિદ્ ધનમ્ ।'
ઈશ્વરે તારામાં જે દિવ્યતત્ત્વ મૂક્યું છે, તેનો ઉપભોગ કર.

જગતમાં ઈશ્વરે મૂકેલી શક્તિનો લોભ ન રાખ. જગતના વ્યક્તિત્વનું અનુકરણ કરવામાં નિષ્ફળતા જ મળે છે. ધ્યાન દ્વારા મનને ચિત્ત કરીને સમાધિ દ્વારા સંતૃપ્ત બનાવશો તો સાંસારિક ભાવો ગળી જાય અને અદ્વૈત સમાધિ સાધી શકાય. પરમાનંદ આપણા અંતરમાં જ રહે છે.

'अन्तर में होगा तो जन्तर में आयेगा।'

હૃદયમાં સમતા હશે તો સાધના ફળશે, નહીંતર ક્રિયાવિધિ કંટાળો જઈશું. સમાધિમાં મનને ચિત્ત-ખાલી, રાગ-દ્વેષ-રહિત કરવાનું છે. અનેકાન્તદૃષ્ટિ તે માટે ઉપયોગી છે. તે વૈજ્ઞાનિક દૃષ્ટિ છે. આચરણમાં ધર્મભાવ ઉતારવા માટે ધર્મનું શિક્ષણ થવું જોઈએ. ધર્મ એ આચરણનો વિષય છે, જ્ઞાન-વિજ્ઞાન તેનાં સાધનો છે. પૂર્વમાં શાંતિ છે, સમૃદ્ધિ નથી. પશ્ચિમમાં સમૃદ્ધિ છે, શાંતિ નથી. ધર્મનું યથાયોગ્ય આચરણ શાંતિ અને સમૃદ્ધિ ઉભયનો મેળાપ આપે છે.

'સાધુતા' એટલે સદ્વર્તન.

સત્નો સંપર્ક કરાવે તેવું વર્તન, તે જેને હોય, તે સાધુ.

જેનું મન અતૃપ્ત છે, ઇંદ્રિયો ભૂખી છે,
તેનું મન તેને કઈ રીતે જંપવા દેશે?
કકડતી ભૂખ લાગી હોય, તે જો ધ્યાન કરવા બેસે,
તો તેનું મન તેમાં ચોંટશે? ના, નહિ જ.

મનની શાંતિ અને ઇંદ્રિયોની ક્ષુધાને સંતોષવા માટે મૈત્રી - મુદિતાદિની ભાવનાઓ અતિ આવશ્યક છે. 'જે વસ્તુ પોતાને માટે ઇચ્છે છે, તે બધાને અવશ્ય મળો અને જે પોતાને અનિષ્ટ છે, તે કોઈને પણ ન મળો' એ વિચાર જ આપણા મનને તૃપ્ત કરી દે છે અને ઇંદ્રિયો દ્વારા તે બધાને સહાયક થવા પ્રયત્ન કરે છે. મૈત્ર્યાદિ ભાવો વડે મન - ઇંદ્રિયોની ક્ષુધા - તૃષા શાન્ત થાય ઘણું ધ્યાન અડગ બની શકે છે. મન અને ઇંદ્રિયો માત્ર સાધનથી ભરી શકાતા નથી, તેને ભરવા માટે ભાવની આવશ્યકતા છે અને તે ભાવ બીજો કોઈ નહિ પણ પોતા માટે છે, તેવો જ બધા માટે અધિક તેમ પણ અધિક પ્રભુ અને પ્રભુપરાયણ વ્યક્તિઓ માટે રાખવો જોઈએ. ભાવથી મન અને ઇંદ્રિયો સંતોષાય છે. વિષયોનો રસ પરમાત્મદર્શનના રસથી નિવૃત્ત થાય છે અને પરમાત્મદર્શનનો રસ મહાત્માઓની કરુણા અને મૈત્રીથી સંતોષાય છે. મહાપુરુષે પોતાની ખામીઓ સાથે ભૂલાઓ પણ જોવા જોઈએ. દુરાચારી પણ પ્રભુને અનન્યપણે ભજે તો તેને ઉત્તમ જ માનવો; કારણ કે તે ઉત્તમ નિશ્ચયવાળો હોય છે,

તે જલ્દી ધર્માત્મા થાય છે અને શાંતિ પામે છે.
આત્મા વડે જ્યારે આત્મામાં જ સંતોષ પામે, ત્યારે તે
સ્થિતપ્રજ્ઞ બને છે. પ્રથમ પરમાત્મામાં સ્થિત થઈ ચૂકી
હોય, તો તેની બધી બાધાઓ પરમાત્મા દૂર કરે છે.
જ્ઞાન સાથે કીર્તન કરે, જ્ઞાનમાં ચર્ચા કરે તે જ્ઞાનચારી.
'હું' કર્તા, હું મહાન, હું તપસ્વી, હું વિદ્વાન વગેરે 'હું'
દ્વારા જે થાય કે કરાય તે પરિણામે નિષ્ફળ નિવડે છે.

ખુલ્લા પગે ચાલવું, તેથી મજબૂતાઈ પ્રાપ્ત થાય.
જ્યારે મન સમજીને જ કઠિનાઈનો સામનો કરે, ત્યારે
તે મજબૂત બને છે. લક્ષ્ય સૂક્ષ્મ અને અતીન્દ્રિય હોવાથી
તે મન અને બુદ્ધિની પક્કડમાં કદાપિ આવી શકતું નથી.
ધ્યાન ઉપરાંત આત્મનિરીક્ષણ અત્યંત આવશ્યક છે.

અંતઃકરણના પ્રવાહોને તપાસતાં રહેવું જોઈએ,
તેમાં જે સારા હોય, તેને ઉત્તેજન આપવું જોઈએ
અને નઠારા પ્રવાહોનું વિસર્જન કરવું જોઈએ.
પોતાની સાચી ઓળખ એ જ સત્યની ઓળખ છે
અને તે વડે જ પરમનું-પરમાત્માનું દર્શન થઈ શકે છે.

પ્રથમ પ્રયત્ન અને પછી પરમાત્માની શરણાગતિ.
શરણાગતિ દ્વારા જીવન સફળ કરી શકાય છે.

प्रजहाति यदा कामान् सर्वान् पार्थ ! मनोगतान् ।
आत्मन्येवात्मना तुष्टः स्थितप्रज्ञस्तदोच्यते ॥ अ-२/५५

અર્થાત્ઃ હે પાર્થ ! જ્યારે મનમાં રહેલી સર્વ ઇચ્છાઓને છોડે અને આત્મા વડે આત્મામાં જ સંતુષ્ટ થાય છે, ત્યારે 'સ્થિતપ્રજ્ઞ' કહેવાય. શૂન્ય એ નકારાત્મક લક્ષણ નહિ કિંતુ પૂર્ણતાનું સૂચક છે. લક્ષણ અસ્તિત્વાત્મક છે, તેમ લક્ષણવાચક શૂન્ય એક એવા અસ્તિત્વને સૂચવે છે, જેમાંથી બીજું બધું પ્રકટે છે. શૂન્યતા પૂર્ણતાનું ઉદ્બોધક છે.

## પ્રત્યેક જીવ આદરને પાત્ર

જીવમાત્ર પ્રત્યે આદર રાખવો, એ તો ઘણા કરે છે, પણ પદાર્થમાત્રને આદરથી જોવાની કલા કવિને વરે છે યા દાર્શનિકને. પદાર્થમાત્ર પ્રત્યેનો આ આદર માણસ માત્રે કેળવવો જોઈએ. કોઈ વસ્તુ નકામી છે કે કામની, એનો નિર્ણય કરનારા આપણે કોણ ? આપણું સુખ કયું અને દુઃખ કયું, એને પણ આપણે પુરેપુરું જાણતા નથી. સરળ જ જીવનમાં જેનો આદર થઈ શકે, તેનો આદર કરી, ન થઈ શકે તેનો પણ અનાદર કે અવગણના ન કરી. પ્રત્યેક જીવ એ દરજ્જામાં ગમે તેટલો નાનો હોય પણ એના કોઈ નાનકડા જગતમાં એ સૂર્ય જેવડો હોય છે.

એને ઝાંખપ લગાડીએ એટલે અંશે આપણે
આપણી જ માણસાઈને ઝાંખપ લગાડીએ છીએ.
જે પત્થરને અવગણતા રહીએ, તેની જ પૂજા કરવાનો
સમય આવે છે, ત્યારે પેલા અવગણનાનો કાંટો પીડે છે.
અવગણનાને સ્થાને આદર રહ્યો હોત,
તો પૂજાનું સુખ પણ મોટું બનત.

<u>આત્મરસ એટલે શું? સ્નેહ અને વિશ્વાસ.</u>

પ્રેમ, આદર, વિશ્વાસ - ત્રણે ભેગાં થાય ત્યાં સ્નેહ હોય.
તોફાની બાળક પ્રત્યે માને પ્રેમ હોય પણ આદર ન હોય.
પતિ-પત્ની વચ્ચે પ્રેમ અને આદર હોય,
પરન્તુ પરસ્પર વિશ્વાસ ન હોય.
એ ત્રણે હોય, ત્યાં એક સાથે અનુભૂતિ થઈ શકે.
પ્રભુ કહે છે કે પ્રેમ, આદર, વિશ્વાસમાંથી બે કે ત્રણ
પણ એકસાથે ભેગાં થયા હોય ત્યાં અને પરમાત્માના
નામે જ્યાં ભેગાં હોય, ત્યાં હું એમની વચ્ચે ચોથો છું.
'ગમે તેવા મુશ્કેલ કે સમસ્યાઓ છેવટે તો કશું સારું
પરિણામ લાવે જ છે. તે ઉલ્ટું મુશ્કેલીઓ કે સમસ્યાઓ
જીવનમાં પ્રગતિ સાધવા માટેનાં જરૂરી સાધનો છે' એમ
માનનાર તેમની સાથે દોસ્તી બાંધે છે, દોસ્તને ડર શાનો?

## આધ્યાત્મિક અનુભૂતિ માટે શું જોઈએ?

આધ્યાત્મિક અનુભૂતિ માટે પરસ્પર પ્રેમ, આદર અને વિશ્વાસરૂપી સેતુ અને ઈશ્વર માટે અનુરાગ જોઈએ. ત્યાં બુદ્ધિની ગ્રહણશક્તિ ઓછી-વધતી હોય તો પણ ઈશ્વરનો સમાન અનુભવ થઈ શકે. ઈશ્વર બુદ્ધિગ્રાહ્ય નહિ પણ ભક્તિગ્રાહ્ય છે. ઈશ્વર જ્ઞાનગ્રાહ્ય નહિ એટલે ઈશ્વરનો અભાવ બધા બુદ્ધિમાન પણ અબુદ્ધિમાન છે.

આધ્યાત્મિક અનુભૂતિ માટે સાચો સાધક જોઈએ,
જે અંતર્મુખ અને અંતર્દિલ હોય અને જેને
ઈશ્વરની આકાંક્ષા પણ હોય, તો જ તે કાર્ય થઈ શકે.
જેને પોતાની જાત ઉપર કાબુ છે, તે જ ભગવાન છે.

## મુક્તિઅદ્વેષ કે મનાક્મુક્તિ

મુક્તિના રાગ વિના દેવ-ગુરુની પૂજા, સદાચાર કે તપ વગેરે અફળ-વન્ધ્ય છે, પાપાનુબંધી પુણ્યના હેતુ છે. તે સર્વ પુણ્યાનુબંધી પુણ્યના હેતુ તો જ બને કે તેમાં
મુક્તિનો અદ્વેષ કે મુક્તિરાગ રહેલો હોય.
અનુબંધ પાડનાર અપુનર્બંધક કે માર્ગાનુસારી અવસ્થા છે.

*Turn towards the Divine and see that all difficulties have disappeared.*

## નવકારનો અ-ક્ષર પરિવાર

નવકારના ૬૮ અક્ષરો એ ૬૮ તીર્થંકર-સ્વરૂપ છે.
નવકારના ૯ પદો એ ૯ ગ્રહોની પીડાને શમાવે છે.
તેની ૮ સંપદાઓ ૮ કર્મ ઉપર વિજય અપાવે છે.
નવકારના ૭ જોડાક્ષરો ૭ ભયનું હરણ કરે છે.
મૂળમંત્રના પાંચ પદો પંચમી ગતિ - મોક્ષ આપે છે
અને ચૂલિકાના ૪ પદો ચાર ગતિનો છેદ કરે છે.

## નવકારના જાપથી શું થાય ?

નવકારના આરાધકને જીવન જીવવાની કળા અને આત્મદર્શન પ્રાપ્ત કરવાનું વિજ્ઞાન સિદ્ધ થાય છે.

આકાશમાં જેમ બે અવકાશયાનો મળે છે,
તેમ નવકારથી આત્માનું ઊર્ધ્વગમન થઈને
વિશ્વચૈતન્ય સાથે મળવાનું થાય છે.

o

Namaskar is an art of living and a science of being. Navakar is rendezvous with (રેન્દેવુ) Cosmic order.
Rendezvous = Place appointed for assembling - meeting by appointment.

Rajkot, 20-10-70

## સુપ્રણિધાનથી શું થાય ?

સુપ્રણિધાન = કર્તવ્યનો નિર્ણય, કર્તવ્યતાનો નિશ્ચય.
ઉદારદિલતાની બુદ્ધિપૂર્વક તથા એકાગ્રતાસહિત જે ક્રિયા
થાય, તે ઉત્તમ પ્રણિધાનપૂર્વક કરી કહેવાય. તેથી...

(૧) પ્રવચનની આરાધના (૨) સન્માર્ગનો નિર્ણય
(૩) કર્તવ્યતાનો નિશ્ચય (૪) શુભાશયની વૃદ્ધિ તથા
(૫) સાનુબંધ શુભાનુષ્ઠાનની પ્રાપ્તિ થાય છે.

## પ્રણિધાન થવાનું ચિહ્ન શું છે?

ઉદારદિલતાની બુદ્ધિ થવા બાદ સાધક પ્રત્યે વિનયાદિ અને
દીન પ્રત્યે દયાદિ ઉત્પન્ન થાય છે, તે તેનું ચિહ્ન છે.
પ્રણિધાનસહિતની પ્રવૃત્તિથી બાહ્યાંતર વિઘ્નનો વિજય થાય.
બાહ્યવિઘ્ન શરીરસંબંધી હોય છે અને
આંતરવિઘ્ન મિથ્યાત્વાદિજન્ય હોય છે, તે માનસિક છે.
ત્યારબાદ સિદ્ધિ થાય છે અને
સિદ્ધિ થયા પછી તેનો વિનિયોગ કરી શકાય છે.

o 'ભવભવ'નો અર્થ મોક્ષપર્યંત સદા કરવો.
મોક્ષપર્યંત મારા પરમ આધાર છે, હું તેમને શરણે છું.

કલ્યાણમિત્ર = મારા આત્માનું કલ્યાણ ચાહવાવાળા
અથવા આત્મકલ્યાણમાં પ્રવૃત્તિ કરાવનારા.

# Value of Prayer

God be in my head
and in my understanding.
God be in mine eyes
and in my looking.
God be in my mouth
and in my speaking
God be in my heart
and in my thinking
God be at mine end
and at my departing.
Whatever we leave to God
God does and blesses us.
God is Spirit & they that worship Him
must worship Him in Spirit & truth.
God is incorporeal, divine supreme,
infinite, mind, Spirit, Soul, principle,
life, truth, love. Purity of mind is as
important as the purity of body.

Let God be first, last & always in
All that you think - say and do.
Let His love fill your heart and
His purpose too. Wonderful things will
happen through you. Appreciation and
love are very pleasant emotions the
most pleasurable. What we really need
is to give & receive love. Love with
all your heart and mind and Soul.
Love thy neighbour as thy-self.
The first duty of the individual is to
add the amount of love in the world.
God is the source of all good &
His supply is ever open to me His
child. I receive & give thanks to my
Father's bounty & I use it to His.
Turn towards the divine and see
that all the auspicious things have
been or they are already acquired.

પરમ સંબોધિ = નિર્મળ સમ્યક્ત્વ.

પુણ્યાનુબંધી પુણ્યકર્મ તે મોક્ષનું સાધન બને છે.

o કોઈપણ વસ્તુનો ત્રણ વાર ઉચ્ચાર કરવાથી તે વસ્તુસંબંધી ઉત્કટ અભિલાષા દર્શાવાય છે.

o 'गुरो योगैश्वर्यविख्याता ततोऽसि त्वं गुरोर्गुरुः ।
सत्यासत्यविनिश्चेता ततोऽसि त्वं सतोऽपि सत् ।
ईश्वराऽस्तित्वनिर्णेता ततस्त्वं परमेश्वर ।'

- वर्ण ४८, पाद ६, श्लोक ११/२ (परिशिष्ट-१०)

## ધ્યાનયોગનું માહાત્મ્ય

સાચો યોગી = જે સમસ્ત જગતને પ્રભુમય નિહાળે તે.

પરાવિદ્યા = મન, ચિત્ત, બુદ્ધિ અને અહંકારથી જે પર છે, તે દિવ્યજ્યોતિને પ્રાપ્ત કરવી તે.

તેને પામ્યા પછી યોગી સ્વસ્વરૂપમાં સ્થિર થઈને બધાનો સાક્ષી બની જાય છે.

ધ્યાનયોગ એ જીવનનો દિવ્ય પ્રકાશ છે.

ઉપવાસ કરવાથી મન સ્વસ્થ રહે છે. સ્વસ્થ મને થતી સાધના વડે શાંતિ - આનંદ વિશેષપણે અનુભવાય છે. મંત્રશક્તિ અને યોગની સાધના વડે અલૌકિક સિદ્ધિ પ્રાપ્ત કરી શકાય છે. ભગવાન તરફ વળવાથી સદ્ગુણોની

પ્રાપ્તિ થાય એટલે સ્વાભાવિક રીતે જ મુશ્કેલીઓ દૂર થાય.
બંને ક્રિયા એક સાથે થાય છે.

યોગી = સાધક, યોગસાધનામાં રત, સંસારથી વિરક્ત, એકાંતવાસ અને ગિરિકંદરામાં રહી સાધના કરનાર વ્યક્તિ.
યોગી, તપસ્વી, સાધક વગેરે પ્રત્યે આદરની નજર સ્વાભાવિક હોય છે. લૌકિકદ્રષ્ટિએ તે પૂજનીક ગણાય છે.

માનવની માત્ર ભૂલો જ શોધ્યા કરવાને બદલે
તેને માનપૂર્વક જોવાની વિશેષ જરૂર છે.

બહુજનહિતાય - બહુજનસુખાય માટે જીવન વ્યતીત કરનાર સૌમાં માનનીય બને છે. 'યોગઃ કર્મસુ કૌશલમ્ ।'
યોગ = કર્મમાં perfection માટે આગ્રહ, આંખોમાં પ્રેમચમકાર, નિર્વ્યાજ સ્નેહ તથા વચનોમાં અમૃત રાખવું.

હિન્દુધર્મમાં કોનો કયો ભાવ પ્રસિદ્ધ?

| | | |
|---|---|---|
| શાંતભાવ | ભક્તભાવ | સર્વ સામાન્ય |
| દાસભાવ | સેવ્ય-સેવકભાવ | તુલસીદાસ |
| સખ્યભાવ | મૈત્રભાવ | કૃષ્ણ-અર્જુન |
| આત્મભાવ | માતા-પિતાભાવ | રામકૃષ્ણ |
| વાત્સલ્યભાવ | બાલ્યભાવ | ડોંગરેજી |
| મધુરભાવ | પ્રિયતમભાવ (પતિ-પત્નીભાવ) | મીરાંબાઈ |

સિંધુ મેં બિન્દુ સમાયા, જાનત સબ કોઈ;
બિન્દુ મેં સિંધુ સમાયા, જાનત બિરલા કોઈ... (૧)

નૈગમનય સંકલ્પ, આરોપ અને અંશમાં પૂર્ણની કલ્પના સ્વીકારે છે. આંખ માત્ર આકારને જુએ છે, પ્રજ્ઞા આકાર - નિરાકાર બંનેને જુએ છે. આકાર સાથે નિરાકારને જુએ, તે જ પરમાત્માને સાકાર કરી શકે અથવા પરમાત્મામાં સાકાર થઈ શકે.

## અધ્યયન, ગુણગ્રાહકતા તથા સ્નેહ

જીવનમાં આ ત્રણ વસ્તુ અતિ મહત્ત્વની છે.
રોજ એક કલાક, મહિનામાં એક દિવસ
અને વર્ષમાં એક માસ અધ્યયન માટે કાઢવો જોઈએ.

બીજાના દોષ જુએ તે અધમ,
બીજાના ગુણ - દોષ બંને જુએ તે મધ્યમ,
સ્નેહપૂર્વક બીજાના કેવળ ગુણ જુએ તે ઉત્તમ અને
બીજાના અલ્પગુણોનો વિસ્તાર કરે તે ઉત્તમોત્તમ છે.

परगुणपरमाणून् पर्वतीकृत्य नित्यम् ।
निजहृदि विकसन्तः सन्ति सन्तः कियन्तः ॥ भर्तृहरिः

બીજાના પરમાણું જેટલા ગુણોને પર્વત જેટલાં માનીને હંમેશા પોતાના હૃદયમાં ખુશ થતાં સજ્જનો કેટલા હોય?

સત્ય - અસત્ય, તેજ - તિમિર, જીવન-મૃત્યુ;
એ દરેક વચ્ચેનો સંગ્રામ, એનું નામ સૃષ્ટિ.
સંગ્રામમાં તમે નહિ લડો,
તેથી તમારો વિરોધ કાંઈ લડવાનું બંધન નહિ કરી દે,
અરે! લડત બંધ કરવા એ જાતે જ હારનો સ્વીકાર છે.
હાર એ વિજયનું દ્વાર છે, સંહાર એ તો સર્જનનો સંચાર છે.
શ્રેયસ્‌ની સાધના પ્રેયસ્ પર પગ મૂકીને જ શરૂ થાય છે.
અમરત્વનો પથ મૃત્યુની ખીણમાં થઈને જ પસાર થાય છે.
આત્માની દૃષ્ટિએ આ સંસાર તુચ્છ વસ્તુ છે.
તેનો સંકલ્પમાત્ર છે, તેથી સંસારના નામ - રૂપાત્મક
પદાર્થો માટે જ્ઞાનવાન, વિવેકયુક્ત મનુષ્યમાં વાસના કે
આસક્તિ હોય જ નહિ. તે બોધરૂપ શુદ્ધ બ્રહ્મરૂપ જ છે.
આ સત્યને મનમાં સ્થિર કરી અને
દીનતા - વ્યાકુળતાનો ત્યાગ કરો.
ભીંતની પેઠે નક્કર દેખાતું આ વિશ્વ પણ છેવટે સંકલ્પ
ભાવના સિવાય અન્ય કાંઈ જ નથી. જે ચિદાકાશની
અંદર આપણે વસીએ છીએ, તે નિરાકાર - નિર્વિકાર -
આદિ તથા અંતરહિત છે, તે શુદ્ધ બ્રહ્મ-સ્વરૂપ છે.
આત્માની અનુભૂતિ કરીને જેમણે શુદ્ધ બોધરૂપ અને

ચૈતન્યરૂપ થયા છે, તેમની દૃષ્ટિમાં આ સર્વ પ્રપંચ એ પણ બ્રહ્મનો વિવર્ત છે, બ્રહ્મનો વિલાસ અને ઉલ્લાસ છે. અહંતાદિથી સંયુક્ત થયેલું આ જગત દીર્ઘ સ્વપ્ન સમાન છે. શાંત, સત્ય, પવિત્ર, દૃશ્યરહિત એવું ચૈતન્યસ્વરૂપ પરમ તત્ત્વ સર્વ શક્તિઓથી ભરપૂર, સર્વરૂપ, સર્વાત્મક છે. જાગ્રતનો પ્રપંચ પણ સ્વપ્નના પ્રપંચની જેમ પ્રાતિભાસિક હોવા છતાં ય અધિષ્ઠાનની સત્તાથી જ સત્તાવાળો જણાય છે. સર્વ દૃશ્ય એ વસ્તુતઃ સત્ય નથી પણ તેવો આભાસ ઉત્પન્ન કરે છે. અધિષ્ઠાન ચૈતન્ય જ ફક્ત સત્ય છે, વાસ્તવિક છે, અંદર-બહાર તથા ખીચોખીચ ભરેલું છે. સ્થૂલ અને મનોમય દેહની ગતિ ભિન્ન-ભિન્ન હોય છે.

જ્ઞાન ધ્યાને હેત અર્થે આપજો પ્રભુનામ, તેથી નિર્મળ-માનરહિત દશા ખીલતી આવે. અહમ્ પાતળો પડતો જાય એટલે અંશે પાપથી પાછા વળ્યાં જ કરીએ.

એ માટે ભોળો ભગત કહે છે

*હરિજન હોય તેણે હેત ઘણું રાખવું,
નિજનામ ગ્રહી નિર્મળ રહેવું;
ત્રિવિધના તાપ તે જાપ જરણા કરી,
પરહરી પાપ રામનામ લેવું ...(૧)

* પ્રભુભક્તજન

દેહ રાખવું તે ઓરડી છે,

જાળ બધા એના ઉપર માંડા છે.

નિજનામ ગ્રહવું એટલે આપણું સાચું સ્વરૂપ.

તે તો પરમાત્મા જ છે, એનું સ્મરણ રાખવું.

ગુન્હો રાંક છે. નિજસ્વરૂપ હતું, તેને ભૂલીને માનમાં અને અહંકારમાં સબડતા રહ્યા, એ નાનોસૂનો ગુન્હો છે? હવે એને વળગાસે છૂટશે, ત્યારે રાંકભાવે - રાંક દાવે વળગાશે છૂટશે. શરીરધારીને જે ત્રિવિધ તાપ શેકયા કરે છે, તે ભક્તિના રૂડા પ્રતાપે પાસે પણ ફરકી શકતા નથી.

ધર્મ એટલે દાન - શીલ - તપ - ભાવ

ધન સામે લડવાનો પ્રકાર દાનધર્મ છે.

વિષય - વાસના સામે લડવાનો પ્રકાર શીલધર્મ છે.

ખાન - પાન સામે લડવાનો પ્રકાર તપધર્મ છે.

કર્મના બધા બનાવો સામે લડવાનો પ્રકાર ભાવધર્મ છે.

કર્મ સામે લડી રહે છે, તે ધર્મી અને

કર્મ સાથે ભળી રહે છે, તે અધર્મી.

કર્મ સામે લડવાનો પ્રકાર એનું નામ ધર્મ.

One advantage of being poor is it necessiates the cultivation of virtues.

# વિનય - વિવેક તથા વિવેચન

**વિનય** = સારાસારને સમજવાની શક્તિ, ડહાપણ, જ્ઞાન.

વિનય એ વિદ્યાને જ આવિર્ભૂત કરવા માટે છે.

વિનય એમ ગુરુનો છે, તેમ તીર્થંકરદેવોનો પણ છે જ.

**વિવેક** = વિવિચ્ = સભ્યતા = સારી રીતભાત અથવા અલગ પાડવું, દૂર કરવું, તોલન કરવું, નિર્ણય કરવો.

જડ પ્રકૃતિ અને ચિન્મય પુરુષ
વચ્ચેનો ભેદ સમજવાની બુદ્ધિ તે વિવેક છે.

ક્ષીર - નીર વિવેકશક્તિ હંસમાં હોય છે.

વિવેકિન્ = ડાહ્યો માણસ, જ્ઞાની.

હંસ વિવેકી - બક ઢોંગી છે, તો એનો ભેદ કેમ કરવો?

हंसः श्वेतो बकः श्वेतः को भेदो हंसबकयोः ।
नीरक्षीरविभागे तु हंसोहंसः बकोबकः । હંસ સફેદ છે, બગલો પણ સફેદ છે. હંસ અને બગલામાં શું ફરક છે? પાણી-દૂધ જુદું પાડવામાં હંસ-બગલાનો ફેર નજર પડે છે.

**વિવેચના** = વિવેકપૂર્વકની ચર્ચા દ્વારા નિર્ણય પર આવવું તે.

વિવિક્ત = વિભક્ત, એકાંત, વિશિષ્ટ.

સારાસારનો ભેદ પાડવાની - સારાસારને સમજવાની શક્તિ.

અથવા power of understanding.

૨૦૨૬, આસો વદી ૧૪, દિવાળીનો દિવસ

અષ્ટપ્રકારી પૂજાનો રહસ્યાર્થ

ધર્મક્રિયા વડે થતી નિર્મળતા એ
સ્વચ્છ જળથી થતી આત્મદ્રવ્યની પૂજા છે.
સ્થિરતા એ સુગંધી ચન્દન વડે થતી પૂજા છે.
તન્મયતા એ સુગંધી પુષ્પો વડે થતી ઉપાસના છે.
દુષ્કૃતગર્હા એ પાપેન્ધન બાળવા માટે ધૂપનું કામ કરે છે.
સુકૃતાનુમોદના એ ગુણરૂપી પ્રકાશ ફેલાવવાને માટે
પ્રગટેલાં દીપકનું કાર્ય કરે છે. ચતુઃશરણાગમન એ
ફળ - નૈવેદ્ય તથા અક્ષતનું કાર્ય કરે છે.
નિર્મળતાનું સાધન જળ અને અગ્નિ છે,
સ્થિરતાનું ચંદન અને દીપ છે અને
તન્મયતાનું સાધન પુષ્પ અને અક્ષત, ફળ, નૈવેદ્ય છે.
દુષ્કૃતગર્હા વડે નિર્મળતા સધાય છે,
સુકૃતાનુમોદના વડે સ્થિરતા સધાય છે અને
ચતુઃશરણાગમન વડે તન્મયતા સધાય છે.

અષ્ટપ્રકારી પૂજા વખતે એમ વિચારવું કે:

જળપૂજા - ધૂપપૂજા વખતે આત્મા નિર્મળ તથા ચંદન-
દીપપૂજા વખતે આત્મા સ્વરૂપમાં સ્થિર થઈ રહ્યો છે

અને પુષ્પપૂજા તથા અક્ષતાદિ વડે થતી પૂજા દ્વારા તે
આત્મા સ્વરૂપમાં તન્મય બની રહે છે.

ધૂપપૂજા એ પ્રેમનું પ્રતીક છે,
તે વડે ક્રૂરતા અને ક્રોધ દૂર થઈ રહ્યાં છે.

દીપપૂજા એ જ્ઞાનનું પ્રતીક છે,
તે વડે અજ્ઞાન અને મોહ દૂર થઈ રહ્યાં છે.

નૈવેદ્યપૂજા એ પરોપકારનું પ્રતીક છે,
તે વડે લોભ અને સ્વાર્થ દૂર થઈ રહ્યાં છે.

જળપૂજા વડે ક્રોધ અને ક્રૂરતા શમે છે,
ચંદનપૂજા વડે મોહ અને અજ્ઞાનની દુર્ગંધ દૂર થાય છે
તથા નૈવેદ્યપૂજા વડે સ્વાર્થ અને લોભ ટળાય છે.
આ રીતે જળ, ચંદન, પુષ્પ તથા ધૂપ, દીપ, અક્ષતાદિ પૂજા વડે
જીવની અંદર રહેલ ક્રોધાદિ કષાયો, મોહાદિ દુર્બુદ્ધિ
અને લોભાદિ વૃત્તિઓ નાશ પામે છે.
ક્રોધ, લોભ અને મોહ - એ ત્રણ દોષને જીતવા માટે
અનુક્રમે પ્રેમ, પરોપકાર અને જ્ઞાનની સાધના જરૂરી છે.

પ્રેમ, પરોપકાર, જ્ઞાનની સાધના શા માટે ?

પ્રેમ એ ક્રોધરૂપી તાપને ટાળવા માટે શીતળ જળ છે
અને પાપરૂપી ઈન્ધનને બાળવા માટે પ્રચંડ અગ્નિ છે.

પરોપકાર એ સ્વાર્થરૂપી દુર્ગંધને હરવા માટે ચંદનગંધ

અને લોભરૂપી કીચડને શોષવા માટે

સૂર્યનો પ્રકાશ તથા રત્નનો દીપ છે.

દાન એ મોહરૂપી શત્રુને હણવા માટે ખડગ છે અને અજ્ઞાનરૂપી અંધકારને હરવા માટે દીપકનું કાર્ય કરે છે.

o સૂર્યના પ્રકાશ અને ગરમીથી જેમ પંચભૂતનું શુદ્ધિકરણ અને વૃદ્ધિકરણ થાય છે, તેમ આત્મસૂર્યના પ્રકાશ તળે રહેનાર જીવમાત્રના મન-પ્રાણ તંદુરસ્ત બને છે. શુદ્ધ આત્માનું ધ્યાન અને સ્વરૂપ આત્મવિકાસમાં મદદગાર થાય છે, પરમાત્મતત્ત્વથી પરાઙ્મુખ જીવ દુર્ગુણી બને છે અને સન્મુખ થનારો જીવ સદ્ગુણી બને છે. જેમ ભૌતિક સૃષ્ટિના વિકાસનો મુખ્ય આધાર સૂર્ય છે, તેમ આધ્યાત્મિક જગતનો વિકાસ આત્મસ્વરૂપધ્યાનની અપેક્ષા રાખે છે. પરમેષ્ઠીઓનું ધ્યાન સૂર્યપ્રકાશની જેમ જીવાત્માનું રક્ષણ, પોષણ, વૃદ્ધિ કરે છે. પુદ્ગલરૂપ શરીરનું જન્મ-પાલન-શોધન કરનાર પરમેષ્ઠિ નમસ્કૃતિ છે. જે રીતે પ્રકાશનો ગુણ ગરમી અને ગતિ આપવાનો છે, તેમ આધ્યાત્મિક પ્રકાશ તરફ સન્મુખ બનનારની ગતિ ઊર્ધ્વ થાય છે, વિમુખ રહેનારની અધોગતિ સર્જાય છે.

શરીરની તંદુરસ્તી માટે સૂર્યના પ્રકાશનો સ્પર્શ જેને છે,
એવું ભોજન આવશ્યક છે, તેમ આત્માના આરોગ્ય
માટે કેવળજ્ઞાનરૂપી સૂર્યના પ્રકાશથી પ્રકાશિત એવા
પંથ, શ્રુતિ અને શાસ્ત્રનો સંપર્ક આવશ્યક છે.
સૂર્યના તાપથી પાકેલું અનાજ શરીરના પોષણ માટે ઘણું
multi-vitamins ને પ્રોટીનોથી ભરેલું છે.

ભૂમિની ગંદકી સૂર્યથી શોષાય છે,
મેઘવૃષ્ટિ, વાયુની શુદ્ધિ અને વનસ્પતિની વૃદ્ધિ પણ
સૂર્યની ગરમી અને પ્રકાશથી જ છે.
સૂર્યાસ્ત પછીનું ભોજન અને સૂર્યના પ્રકાશથી અસ્પૃશ્ય
એવા ભૂમિકંદ આદિનું ભોજન
રોગવૃદ્ધિ અને વળી તમોગુણની પુષ્ટિમાં પરિણમે છે.
'બેડું મળે બેડુઆચાર અને સંત મળે ઓડકાર'
શરીરમાં જે આત્માનો પ્રકાશ છે, તે જ પરમાત્મા છે.
આ શરીર એ પરમાત્માની સિદ્ધિ, શક્તિ અને
ચમત્કારીનો ભંડાર છે તથા એમાં જ સર્વસિદ્ધિ છે.
પરમાત્મા પણ એમાં જ છે, બીજે ઠેકાણે એ કદી નહિ મળે.
પોતાની અંદર જ પરમેશ્વર શોધવા જોઈએ.
પોતે જ પરમેશ્વર છે, બીજો કોઈ નહિ.

## નમસ્કાર ધર્મનું માહાત્મ્ય

(૧) વંદના: જેને આપણે વંદન કરી રહ્યા છીએ,
તેનો આપણા ઉપર ઘણો જ ઉપકાર છે.
તેને અંતર કરીને કૃતજ્ઞતા પ્રકટ કરવી, તે વંદના છે.
(૨) નમસ્કાર: વંદનાની આગળની પદવી નમસ્કાર છે.
નમસ્કાર એટલે પ્રભુ ઈશ્વરની સન્મુખ પોતાનો અહંકાર
અર્પણ કરી દેવો. અહંકારનો કર્તા પોતે છે, નમ્રતા તે છે.
નમસ્કારમાં પોતાના અહંકારને સોંપી દેવાનો પરમભાવ છે.
વંદના-નમસ્કાર કરતાં જે પોતાના અહંને છોડી ન શકે,
તેને સાચો નમસ્કાર કે વંદના કદી શક્ય જ નહિ. નમ્ર મનુષ્ય
જો સંસારીને ગમે છે, તો પછી ભગવાનને કેમ ન ગમે?
નમ્ર તે સૌને ગમશે. નમસ્કાર એ અંતઃકરણની ચેષ્ટા છે,
તેથી જો અંતઃકરણ નિર્મળ હોય, તો જ તે થાય છે.
સંસારનું સ્વરૂપ વિચારતાં
ઘણા ઉપકાર કરનાર, થોડા ઉપકાર કરનાર,
ઉપકાર ન કરનાર, અપકાર ન કરનાર અને
થોડા અપકાર કરનાર ભલે હોય છે,
તેનો ગુણ માનતાં શીખવું જોઈએ.
એ ગુણ માનવાની ક્રિયાનું જ બીજું નામ નમસ્કાર છે.

(3) સ્તુતિ-પ્રશંસા: આપણે જેની સ્તુતિ કરીએ છીએ, તેના ગુણો-સામર્થ્યનો મહિમા વર્ણનરૂપે ગાઈએ છીએ. સ્તુતિ અથવા યોગ્ય પ્રશંસા મનુષ્યના મનને ડોલાવે છે. મદારી મોરલી વગાડે, ત્યારે સર્પ ડોલે છે, કેમકે તેને એમ લાગે છે કે મોરલીમાંથી નીકળેલ સૂર તેના ગુણોનું ગાન છે. ફણાધર સર્પ પણ પોતાના ગુણોનું ગાન સાંભળીને ગર્વ છોડી દઈ ડંશ દેવાના ક્રૂર સ્વભાવને પણ ભૂલી જાય છે.

(૪) પૂજા: તેના બે અંગ છે: (1) ભક્તિ (2) ભજન. બંનેનું સ્વરૂપ અલગ છે પણ કૃત ક્રિયામાં એક છે. પ્રભુ પ્રત્યે અનન્ય પ્રેમ-અનુરાગ રાખવો, તે ભક્તિ તથા સત્ય, દયા, બ્રહ્મચર્ય, ધૈર્ય વગેરે દૈવીગુણોને જીવનમાં ઉતારવા, તેનું નામ ભજન છે.

ભક્તિ = ગુણોનું બહુમાન તથા ભજન = ગુણોનું સેવન. ભક્તિ-ભજનમાં અચિન્ત્ય શક્તિ-સામર્થ્ય રહેલા છે.

(૫) પ્રાર્થના: પ્રાર્થના એટલે યાચના કરવી અથવા માંગવું. કેવી રીતે અને શું માંગવું એમાં વિવેકબુદ્ધિની જરૂર છે.

પ્રાર્થનાનો સ્ત્રોત કંઠ નહિ પણ હૃદય છે.

જીવાત્માએ પરમાત્મા સાથે હૃદયની અનન્ય પ્રેમભક્તિ વડે સંબંધ જોડવો, તે પ્રાર્થનાનો ઉદ્દેશ છે.

પ્રભુને દયાસિંધુ અને સર્વશક્તિમાન માનતા રહી, સંસાર
અને શરીરને પણ ભૂલી અખૂટ ધૈર્ય-ધારણ વિવશતા કરી
શ્રદ્ધાપૂર્વક તત્પરતા દાખવવા, તે પ્રાર્થનાની શરતો છે.

પ્રાર્થનાનું રહસ્ય ભાવ છે.

પ્રાર્થનાના વિષયો હોય છે: કરેલા પાપોની ક્ષમા માંગવા,
ફરીવાર પાપ ન કરવાની વૃત્તિ માંગવા,
સુકૃત કરવાની શક્તિ માંગવા,
સુકૃતવાનનું ગદ્ગદ ભાવે સ્મરણ થાય તેવી ભાવના
તથા દુઃખ અને તેના કારણભૂત પાપથી છૂટવાની માગણી
કરવી તે સાચી પ્રાર્થના, બાકી બધો લેણાદેણાનો વહેપાર.

'મારું અમુક કાર્ય અમુક રીતે થવું જોઈએ' એવી પ્રાર્થના
તે ઈશ્વરીય પ્રાર્થના નહિ પણ ઈશ્વરને આજ્ઞા છે.

ઈશ્વરની ઈચ્છા મુજબ પોતે ચાલવાને બદલે
ઈશ્વરને પોતાની ઈચ્છા મુજબ વર્તવાની ફરજ પાડનાર
પ્રાર્થનાના મર્મને સમજ્યો જ નહિ.

સકામ પ્રાર્થના સાધકને વિશુદ્ધ સ્વરૂપથી ભ્રષ્ટ કરે છે.
પરમાત્મા દીનાનાથ દીન-દુઃખિયાનો આર્તનાદ સાંભળે છે,
દુઃખિયાની ખિન્નતા ઉપર તો તેમનો અપાર પ્યાર છે.
ભક્તનું હૃદય જોવા તેઓ સતત પ્રતીક્ષા કરતા હોય છે.

પ્રેમ અને રૂદન પ્રભુને અત્યંત પ્યારા છે.
ઈશ્વરની સર્વોત્કૃષ્ટ પ્રાર્થના = દીનદુઃખિયા પર દયા તથા તેમની વ્યથામાં સહાયતા કરવી. 'સોઙહં બ્રહ્માસ્મિ |' પ્રભુ પોતાને શરણે આવેલાનો ભાર સ્વયં વહે છે. ભક્તનું હિતાહિત પ્રભુ સ્વયં જુએ છે. દીનદુઃખિયાની સેવા તમારા ઉપકારીઓ માટે પ્રાર્થના કરવી, એ પરમ ધર્મ છે. જેમણે જન્મ આપ્યો, જ્ઞાન આપી મનુષ્ય બનાવ્યા, અખંડ દયાની વર્ષા કરી, તેમને માટે પ્રાર્થના કરવા જોઈએ.

પરમાત્મા પાસે શું માંગવું જોઈએ ?

પરમાત્મા પાસે પ્રકાશ માંગો, પરાક્રમ માંગો, બળ માંગો,
સામર્થ્ય માંગો, ક્ષમા માંગો, સહિષ્ણુતા માંગો,
ઈશ્વરીય ગુણો માંગો, પવિત્રતા માંગો તથા
સંસારને સુખ કરતાં કરતાં જીવન પૂર્ણ કરીએ, તે માંગો.

(૬) ગુણાનુરાગ: ગુણો પ્રત્યે અનુરાગ હોય, તો તેમાં બદલો લેવાની ભાવના હોતી નથી. જે જે ગુણ ઉપર અનુરાગ હોય, તે ગુણ પોતામાં આવે, તે ભાવના હોય છે. તેમાં લેવાની નહીં, સન્માન કરવાની ભાવના હોય છે.

તે પદ પામવાની ઈચ્છા હોય છે અને
જે પદ પામવાની ઈચ્છા હોય, તે પદ દાતાર હોય છે.

દાતાર થવાની ભાવનાથી થતો પૂજ્ય પદ પ્રત્યેનો
ગુણાનુરાગ એ સ્નેહરાગ નથી, કિન્તુ સ્નેહભાવ છે.
સ્નેહરાગમાં સ્વાર્થભાવ છે, સ્નેહભાવમાં પરાર્થભાવ છે.
પરાર્થભાવ ઉદાત્ત છે, જ્યારે સ્વાર્થભાવ ક્ષુદ્ર છે.

ગૌતમ મહારાજાનાં પરમાત્મા મહાવીર પ્રત્યે
સ્નેહભાવની સાથે અંશે સ્નેહરાગ હતો.

એ રાગના અંશમાં ભગવાન પાસે માંગવાનો ભાવ હતો.
સ્નેહભાવ અંશમાં પ્રભુને સર્વસ્વ અર્પણનો ભાવ હતો.
સ્નેહરાગના અંશમાં 'પ્રભુ પોતાને પોતાનો ગણે' એવી
ઇચ્છાનો અંશ હતો. એ ઇચ્છા સ્વાર્થની - પરમાર્થની
બાધક હતી, તેથી જ તેઓનું કેવળજ્ઞાન અટક્યું હતું.
'પ્રભુ સૌના છે, મારા એકલાના નથી' અથવા 'મારા પર
અધિકભાવ તથા બીજા પર તેથી ઓછો ભાવ રાખનારા છે
એમ નહિ પણ સર્વ ઉપર સમાન ભાવ રાખનારા છે
અને એ જ એમની વીતરાગતા, આકાશ જેવી વિશાળતા
અને સાગર જેવી ગંભીરતા છે' એમ સ્પષ્ટ સ્વરૂપે
ધ્યાનમાં આવવાની સાથે સ્નેહરાગ ઊડી ગયો અને
એકલો ગુણરાગ રહ્યો તેની સાથે જ ઘાતીકર્મ વિલીન
થઈ ગયાં અને કેવળજ્ઞાન રૂપી સૂર્ય ઉદય પામ્યો.

એ પ્રભાતનું નામ બેસતાં વર્ષનું પ્રભાત છે.
જેમાં બેસતાં વર્ષનો સૂર્ય ઉદય પામે છે,
તે જ પ્રભાતે લોકોત્તર ચિદાકાશમાં ભગવાન
ગૌતમ ગણધરને કેવળજ્ઞાન રૂપી ભાનુ પ્રકટ થાય છે,
અજ્ઞાનરૂપી અંધકારનો સમૂળ નાશ થાય છે અને
કદી અસ્ત ન પામે તેવો જ્ઞાનરૂપી સૂર્ય
ઉદય પામતો હોવાથી ભૌતિક સૂર્યોદયની અપેક્ષાએ
તે ઘણો મહિમાવંતો છે, સર્વ ઇચ્છિતોને પૂરનારો છે,
સર્વ અરિષ્ટોને હરનારો છે, સર્વ લબ્ધિઓને ધરનારો છે.

તેથી જ સ્તુતિકાર ફરમાવે છે કે:

સર્વારિષ્ટપ્રણાશાય સર્વાભીષ્ટાર્થદાયિને ।
સર્વલબ્ધિનિધાનાય શ્રી ગૌતમસ્વામિને નમઃ ॥ અર્થાત્:
સર્વ અમંગળનો નાશ કરનાર, સર્વ ઇચ્છિતો આપનાર, સર્વ
લબ્ધિના ભંડાર, શ્રી ગૌતમસ્વામીને નમસ્કાર થાઓ.

'ગૌતમ પ્રભાતે પાતિક ટળે, ઉત્તમ નરની સંગત મળે;
કહે લાવણ્યસમય કર જોડ ગૌતમ તૂઠે સંપત્તિ ક્રોડ.'

ગુરુ અને ગુરુના ઉપરનો રાગ પ્રતિબંધક નથી, કિન્તુ
સહાયક છે. વ્યક્તિગત રાગ એ પ્રતિબંધક છે, કેમકે
એમાં ગુરુ કરતાં પણ વ્યક્તિનું પ્રાધાન્ય આવે છે.

ગુણને ધારણ કરનાર કોઈપણ વ્યક્તિ હોય, તો તે સમાન ભક્તિને પાત્ર છે. અહીં સમાનપણાના ભાવને વ્યક્તિરાગ પ્રતિબંધિત બને છે, તેથી સમતા હણાય છે અને જ્યાં શુદ્ધ સમતા પરિપૂર્ણ ન બને, ત્યાં શુદ્ધ ઘાતીકર્મનો અંત આવતો નથી. ઘાતીકર્મને ટકાવનાર વિષમભાવ અને ખપાવનાર સમભાવ છે. એ સમભાવ ગુણ-ગુણી જેટલા હોય, તે સૌ પ્રત્યે આદરભાવ, દીન-દુઃખી જેટલા હોય, તે બધા પ્રત્યે કરુણાભાવ, પાપ-પાપી જેટલા હોય, તે સૌ પ્રત્યે માધ્યસ્થ્યભાવ અને જ્ઞાન-દર્શન ગુણ જ્યાં જ્યાં જે જે અંશમાં હોય, ત્યાં ત્યાં તે બધા પ્રત્યે સ્નેહભાવ. અંશે પણ અરુચિનો અભાવ આવે, ત્યારે સમતા પરિપૂર્ણ બને છે. જે સમાન વસ્તુમાં એકને અધિક અને બીજાને અલ્પ માનવા જતાં સામ-સમભાવ અને સમ્મભાવ ત્રણે પ્રકારના ભાવ હણાય છે.

સામભાવ મૈત્રીરૂપ છે, સમભાવ તુલારૂપ છે અને
સમ્મભાવ ખાંડ-ખીરના મિશ્રણરૂપ છે.

અધિક-ઓછો ભાવ હોય, ત્યાં સ્નેહ, ન્યાયબુદ્ધિ અને જ્ઞાન-દર્શન હણાય છે. ત્રણેની રક્ષાર્થે રાગ નહીં, ભાવ જરૂરી છે. રાગ એ સ્વાર્થ - ભાવ પરમાર્થ છે.

## ધનતેરસના દિવસે ૧૩ ગુણો કેળવવા

સત્ય, અહિંસા, ચિત્તશુદ્ધિ, સદાચાર, પ્રામાણિકતા, સંયમ,
પવિત્રતા, તપ, દાન, દયા, શ્રદ્ધા,
મોક્ષ માટે ઉદ્યમ અને નિંદાનો ત્યાગ.

## કાળીચૌદશે ૧૪ દોષ વર્જવા

કામ, ક્રોધ, મોહ, મદ, દંભ, લોભ, દર્પ, ઈર્ષા, નિંદા, ચુગલી,
જૂઠ, સંશય, કઠોર ભાષણ અને અપવિત્રતા.

## દિવાળીના દિવસે આંતરપ્રકાશ કેળવવો

આત્મસુખમાં મસ્ત રહેવું, આત્મા વડે આત્માનો ઉદ્ધાર કરવો. જેણે પોતાનું મન જીત્યું, તેને નિત્ય દિવાળી છે. આંતરજગતની સાથે પ્રેમ કરવો, તેનું નામ જ સાચો વૈરાગ્ય છે, તે સિવાય આત્મજ્ઞાન થતું નથી.

આંતરજગતમાં ઉતરીને તથા મનને મારીને
સાચી શાંતિ પ્રાપ્ત કરી શકાય છે.

ત્યાં સર્વ જગત સચ્ચિદાનંદ સ્વરૂપે પ્રકાશી રહ્યું છે. બ્રહ્માકાર વૃત્તિમાં નિમગ્ન થવું તે જ્ઞાનગર્ભ વૈરાગ્ય છે.

એ વૈરાગ્ય અભિનવ પ્રકારનો

દુઃખથી નહિ પણ જ્ઞાનથી પ્રકટે છે. આત્મજ્ઞાની જ સાચા અર્થમાં પરમાર્થી તથા સમદૃષ્ટિવાન હોય છે.

જીવનમાં ધર્મથી વધારે જાણવું કશું મહત્વનું નથી.
સદા સત્ય, નીતિ, દયા, ધર્મ અને
સદાચારનું પાલન કરજો અને તમારા ઇષ્ટદેવનું
શુદ્ધ ચિત્તે તથા એકાગ્રતાથી સ્મરણ કરતાં રહેજો.
એથી તમારા આત્માનું કલ્યાણ થઈ જશે.

હિંસા દ્વારા બીજાને દબાવવા કરતાં તપ દ્વારા પોતાની
વાસનાઓને દબાવવી, એ જ વિશ્વજિત બનવા છે.

'નિવૃત્તિ' એટલે છુટાઈ જવું.
મનુષ્યના હૃદયમાં ઊંચકાતું અને રાગ-દ્વેષ વગેરે
જે વૃત્તિઓ સળગે છે, તેનું છુટાઈ જવું.

દીપક પોતે જ બળીને બીજાને પ્રકાશ આપે છે,
ધૂપસળી બળીને સુગંધ ફેલાવે છે, વૃક્ષો ટાઢ - તડકો,
વર્ષા અને પથ્થરમારો સહીને મીઠાં ફળો આપે છે,
શેરડી પીલાઈ - ઉકળાઈને મીઠો ગોળ આપે છે,
ચંદન ઘસાઈને ઠંડક - ઈંધણ બળીને ગરમી આપે છે.
મનુષ્ય શું આપે છે, તે પર તેની શ્રેષ્ઠતાનો આધાર છે.
અહિંસા, સંયમ અને તપના પાલન વડે
જ્ઞાન - દર્શન - ચારિત્ર આદિ ઉત્તમ રત્નોને આપે,
તો મનુષ્ય સાચા અર્થમાં શ્રેષ્ઠ બને છે.

જ્ઞાનધ્યાન વડે આત્માનો નિશ્ચય કરો

દેહમાં આત્મબુદ્ધિ છોડો. દેહ તો છૂટવાનો છે જ, કિન્તુ તે પહેલાં જ્ઞાનધ્યાન વડે દેહમાં મમત્વબુદ્ધિને છોડો.

કોઈપણ ઉપસર્ગ કે પરિષહથી તારું મન વિક્ષિપ્ત થઈ ગયું હોય, તો નરકાદિ વેદનાઓનું સ્મરણ કરીને જ્ઞાનામૃતરૂપી સરોવરમાં પ્રવેશ કર, અર્થાત્ તારા મનનો વિક્ષેપ મટીને તારો આત્મા પરમશાંતિને અનુભવશે.

તમે જે ઇચ્છતા હો તે મળે નહિ અને તમોને જે અપ્રિય હોય તે આવે - વળગે, ત્યાં સુધી તમારે સમજવું જોઈએ કે તમે કોઈને કોઈ સત્તાના હાથ નીચે છો,

તે સત્તાનું નામ છે 'કર્મસત્તા'.

તેનો જ્યારે મૂળથી નાશ કરશો, ત્યારે જ તમે સાચા સુખને પામી શકશો, સંપૂર્ણ આનંદમય બની જશો.

સત્ય તથા સનાતન શાંતિનો ખપ હોય, તો અંતરમાં ડૂબકી મારો, પછી શાંતિ માટે બીજા પાસે ભીખ માંગવાની નહિ રહે. દરિયાની છીપ દરિયામાં રહેવા છતાં દરિયાનું પાણી લેતી નથી, એને તો સ્વાતિના નીરની ઝંખના છે.

આવી ટેક અને લગન લાગી છે,

ત્યારે જ પ્રભુ સદા ય આપણી પાસ વસે છે.

બ્રહ્મવિદ્યાનું દાન માત્ર સત્પાત્ર અધિકારીને જ આપવું. કુટિલ, ગુરુહીન, ગુરુવાનોની નિંદા કરનાર, વિવેક-શૂન્ય અને ઇંદ્રિયલોલુપ મનુષ્યને એ વિદ્યા આપવી નહિ. બુદ્ધિની સીમા પૂરી થાય, ત્યારે શ્રદ્ધાનો પ્રારંભ થાય છે. ગુરુ ઉપર શ્રદ્ધા રાખનાર, સંયમી, વિનમ્ર, વિવેકી અને વૈરાગ્યવાન તથા છ પ્રકારની સંપત્તિને ધારણ કરનાર યોગ્ય અધિકારીને જ એ વિદ્યાનું દાન કરવું, તો તે વિદ્યા કલ્પવૃક્ષની જેમ ફળ આપનારી બની રહે છે.

૦ ચિતિ = ચિત્પ્રકાશ, તેની સંકોચિદશા તે ચિત્ત છે.

ચિત્ત પ્રત્યક્ષ ચિતિભગવતી છે, તે નિર્વિકાર છે.

ચિત્શક્તિનું - ચિતિશક્તિનું એક સ્ફુરણ તે ચિત્ત.

ચિત્તમાં સતત રહેવાવાળી ચિતિશક્તિની પૂજા કરો.

મંત્રમાં પરશિવ અને ગુરુ એક થઈને રહે છે,

એ કારણે મંત્રચૈતન્ય છે. 'મંત્રાઃ સર્વસાબલશાલિનઃ।'

ધ્યાનથી ચિત્ત શાંત થાય છે, મન સ્થિર થાય છે તથા

પ્રાણ મંદ - નિષ્પંદ થાય છે, ઉપરાંત

તન - મનમાં નવી સ્ફૂર્તિ પ્રાપ્ત થાય છે.

મહિમ્નનો પરમ ઉપાય - એક વિચારણા

આત્મા દ્રવ્યથી પ્રભુ, ગુરુથી એક, પરવિધિ રૂપ છે.

## પ્રેમની પરિભાષાનું સાચું સ્વરૂપ

પ્રેમ પરમાત્માનું સ્વરૂપ છે. તે અમર - અમૃતરૂપ છે.
તેને પરમાનંદ - સચ્ચિદાનંદ કરે છે, તે પ્રકૃતિમય રહે છે.
તે રસને રસમય બનાવે છે, વિષયોને રસમય કરે છે,
રૂપને મધુર અને શબ્દને મધુરાતિમધુર બનાવે છે.
પ્રેમ શુદ્ધ, નિષ્કામ, સંબંધરહિત હોવો જોઈએ. પ્રેમમાં
ઇચ્છા હોય તો તે આપવા - લેવાનો એક વ્યવહાર છે.
સત્ય પ્રેમમાં ચાહના નહિ, પોતાના - પરાયાનો ભેદ નહિ.
મોહ મલિન - પ્રેમ પવિત્ર છે. પ્રેમ દેવાથી વધે - લેવાથી નહિ.

પ્રેમ ભેદરહિત - અભિલાષરહિત હોવો જોઈએ.

પ્રેમ બહાર નહિ પણ ધ્યાનની અંદર છે.

બુદ્ધિને બુદ્ધ સમજને તેના ઉપર પ્રેમ કરે, પછી

મન - ઇંદ્રિયો બહાર જાય જ શા માટે?

શરીર એક મહાન વિજ્ઞાનમય સુંદર મંદિર છે.

શરીર એ આત્માનો આજ્ઞાકારી સેવક છે.

શરીર એ પરમેશ્વરની એક અદ્ભુત કલા,

રહસ્યમય વિજ્ઞાન, જ્ઞાનનો રહસ્યભંડાર છે.

મોહમાં ભેદ છે, જ્યારે પ્રેમમાં અભેદ છે.

મન એક મહાન સર્જનાત્મક શક્તિ છે.

ચપળ મન ઉત્તમ વસ્તુની શોધમાં છે,
તેને અસલી પ્રેમ ઉપર પ્યાર છે. અસલી પ્રેમ એટલે પૂર્ણ સમતા, પરમાત્માની સાથે એકીકરણ - અભેદભાવ. પ્રેમ એ સમતાનું સ્વરૂપ - સમતા એ પ્રેમનું સ્વરૂપ છે. ભ્રમર રસપાન અને મધમાખી મધનો સંગ્રહ કરવા માટે એક છોડી બીજા બાગ પુષ્પ ઉપર જાય છે, તેમ મન પણ ઠેરઠેર ભટકે છે. એના ભટકવાની પાછળ એક રહસ્યમય સંકેત છે. તે પૂર્ણ વિશ્રાંતિને ચાહે છે. આત્મ-ધ્યાનમાં સમરસ ન બને, ત્યાં સુધી તે ચંચળ - ચપળ રહે છે. તે આત્મજ્યોતિમાં જ્યોતિર્મય બનવા ચાહે છે અને આત્મામાં સ્થિર થવાથી પરમાનંદ સ્વરૂપ બની જાય છે. પરમાત્માને છોડીને મન બીજે કોઈ જ જગ્યાએ વિશ્રાંતિ પામી શકતું નથી. આમ મનની ચંચળતા સહાયક છે.

તે ધ્યાનયોગમાં રતિ પેદા કરે છે અને
સિદ્ધોની કૃપાના પાત્ર બનાવે છે. એટલે જ માનો કે જ્યાં મન વિશ્રાંતિ ન પામે, તે સ્થળ પરમાત્માનું નથી. વાંક મનનો નહિ પણ અયોગ્ય સ્થાનનો છે. મનનો તો ઉપકાર છે કે તે અયોગ્ય સ્થાને સ્થિર રહેવા તૈયાર નથી.

મનને આત્મપ્રેમમાં તન્મય કરો.

જ્યાં પૂર્ણ રુચિ મળશે, ત્યાં મન સ્થિર થઈ જશે.
તેને આત્મા તરફ વાળવાથી ચંચળ મટી શાંત બની જશે.
મનને મન નહિ પણ ભગવતી ચિતીનું સ્ફુરણ માનો.
મનને ચિતિમય અથવા પ્રેમમય બનાવવાથી જીતી શકાય.
પ્રેમ એ જ મનના વિલયનો મંત્ર છે.
પ્રેમ એ વિષય નથી - કામ વિષય છે, મોહ વિષય છે.
પ્રેમ તો પરમાત્માનું સ્વરૂપ છે.
કામ અને મોહ એ સંકોચ છે, પ્રેમ એ વિસ્તાર છે.
પ્રેમ અભેદ છે, તન્મયતા છે. સર્વત્ર વ્યાપ્ત અખિલ
ચિતિશક્તિની પ્રાપ્તિ પ્રેમથી જ થાય છે, વિરોધથી નહિ.
પ્રેમ ઉત્સાહને વધારે છે, દ્વેષ નિરુત્સાહ બનાવે છે.
આત્મા સર્વમય - સર્વવ્યાપક છે,
તેના ઉપર પ્રેમ કરવો જોઈએ.
પ્રેમમાં પરમાનંદ, જ્ઞાનાનંદ અને યોગાનંદ રહેલા છે.
સર્વ સાથે અભેદભાવે પ્રેમ કરો,
એટલે મન આપોઆપ વિશ્રાંતિ અનુભવશે.
પ્રેમમાં અભેદભાવ છે, સમાનભાવ છે, અખંડભાવ છે
અથવા એમ કહો કે
અભેદભાવ, સમાનભાવ, અખંડભાવમાં પ્રેમ છે.

પર્યુષણ પર્વ એટલે ક્ષમાપના પર્વ.

વિભાવદશા છોડી સ્વભાવદશા - આત્મામાં સ્થિર થવું,
તે પર્યુષણ પર્વનો નૈશ્ચયિક અર્થ છે.
નિશ્ચયથી પોતાનું અશુભ કર્મ અપરાધી છે, વ્યવહારથી
બીજો જીવ તેમાં નિમિત્ત બને છે. તેને અપરાધી
માનવાની આપણી ભૂલથી પાછા ફરવું, તે ક્ષમાપના છે.

જિનની સાચી વાસના = દ્રવ્ય - ભાવશુદ્ધિ

દ્રવ્ય એ ભાવનું કારણ છે,
દ્રવ્ય વિના ભાવની ઉત્પત્તિ નહિ.
ભાવ એ દ્રવ્યને આધીન છે,
તેથી ઉપાસનામાં મુખ્યતા દ્રવ્યની છે.
દ્રવ્યનું આરાધન ભાવને મેળવી આપે છે.
રાગવંત રાગની શું વિનતી, તન - મન - વચને સાચાં;
દ્રવ્ય-ભાવશુદ્ધિ જે લાગે, સાચી જિનની વાસના...(૧)
ભાવજિનેશ્વર એ સમવસરણસ્થ છે,
દ્રવ્યજિનેશ્વર એ જિનેશ્વરદેવના જીવ છે.
દ્રવ્યજિનની સેવા ભાવજિનેશ્વરપણું આપે છે.

o

*Where there is faith, there is no fear.*
*Faith begins when reason fails.*

## પાંચ અનુપ્રેક્ષા

(૧) ગાયોમાં જેમ પરસ્પર ભેદ હોવા છતાં તેના દૂધમાં ભેદ નથી, તેમ જીવોમાં પરસ્પર ભેદ હોવા છતાં તેઓના ચૈતન્યમાં કોઈ ભેદ નથી.

(૨) જ્ઞાનને છોડીને આત્માનું બીજું કોઈ સ્વરૂપ નથી. ઇંદ્રિયો-મનની સહાયતા વિના સ્વયંને સ્વયંનો બોધ-અનુભવ થવો અને એ અનુભવનો કદી નાશ ન થવો, હંમેશા ટકી રહેવું, તે કેવળજ્ઞાન.

એ આત્માનું સ્વરૂપ છે.

આત્મા જ્ઞાનસ્વરૂપી છે - આત્મા ચૈતન્યસ્વરૂપી છે.

(૩) જેમ દીપક વડે દેખવાલાયક પદાર્થ દેખીને પછી દીપકને દૂર રાખવામાં આવે છે, તેમ જ્ઞાનથી જાણવા યોગ્ય પદાર્થને જાણીને કે જાણવા યોગ્ય માર્ગને જાણીને જ્ઞાનને દૂર કરવામાં આવે છે અને તે માર્ગે ચાલવામાં આવે છે, તે જ જ્ઞાનનું સાચું ફળ છે.

(૪) શરીર કે વેષ એ મોક્ષમાર્ગમાં નિમિત્ત કારણ છે. જે વ્યવહાર નિશ્ચય તરફ લઈ જાય, તે શુદ્ધ વ્યવહાર છે.

વ્યવહાર એ કારણ અને નિશ્ચય એ કાર્ય છે.

શુદ્ધ વ્યવહાર તે કે જે નિશ્ચયમાં કારણ બને છે.

નિશ્ચય તે આત્મા, તેના સિવાય કોઈ તારણહાર છે નહિ.
આત્મા જ તાત્ત્વિક સુખરૂપ અને નિરવધિ તીર્થ છે.

ક્રોધાદિ કષાયોને શાંત કરનાર,
વિષયરૂપી તૃષાને શમાવનાર અને
કર્મરૂપી મળને ધોનાર તાત્ત્વિક તીર્થ, તે આત્મા છે.

(૫) જ્યાં સુધી આત્માને છોડીને અન્ય વસ્તુમાં અંશ પણ રાગ છે, ત્યાં સુધી શુદ્ધસ્વરૂપ પ્રગટ થતું નથી. શાસ્ત્રો દ્વારા આત્મસ્વરૂપ જાણ્યા પછી પણ અન્ય પ્રત્યે રાગ દૂર ન થાય, ત્યાં સુધી આત્મા બંધાય છે. આત્મા, આત્મા વડે, આત્માને જાણી-જુએ અને આત્મા તરફ પ્રવૃત્તિ કરે, તે નિશ્ચયથી જ્ઞાન-દર્શન-ચારિત્ર છે.

મોક્ષપ્રાપ્તિનો સરળમાં સરળ માર્ગ

પોતપોતાના વિષયોથી ઇંદ્રિયોને રોકી,
ચિત્તને વિકલ્પરહિત કરી,
સ્વરૂપ સ્થિરતાનો અભ્યાસ કરવામાં આવે,
તો તત્ત્વથી આત્મસ્વરૂપ સ્પષ્ટ દેખાય
તથા તત્ત્વથી આત્મસ્વરૂપ સ્પષ્ટ અનુભવમાં આવે.
બસ, તે જ મોક્ષપ્રાપ્તિનો સરળમાં સરળ માર્ગ છે.

o

'ૐ સોઽહં ૐ હંસઃ સોઽહં ૐ'

## વીતરાગની ભક્તિ કરવી શા રીતે?

ભક્તિ કરવી તો વીતરાગની જ - સરાગની ભક્તિ કરવી જ નહિ.

ભક્તિ એટલે સેવા. 'સેવા' કરીએ આપણા અંતરને કોઈના ચરણોમાં સોંપવું - સમર્પણ કરવું તે અથવા તો જેમના આલંબને આપણા મન - વચન અને કાયા સાર્થક થયા, તેમનું દાસત્વ સ્વીકારવું તે. આપણા જ્ઞાનનું જ્ઞેય, આપણા ધ્યાનનું ધ્યેય અને આપણા અભિધાનનું અભિધેય જ્યારે વીતરાગ બને છે, ત્યારે તે ત્રણે સાર્થક થાય છે.

તે ત્રણે ક્રિયાનું સ્વામિત્વ વીતરાગને પ્રાપ્ત થાય છે, તેથી તે ત્રણે વડે થતી પ્રશસ્ત ક્રિયા અને તેના ફળનો યથાર્થ માલિક વીતરાગ બને છે, એવો ભાવ તે ભાવનમસ્કારનો મૌલિક અર્થ છે અને તે જ સાચો સમર્પણભાવ છે. વળી વીતરાગતા એ નિશ્ચયથી આત્માનું પોતાનું જ સ્વરૂપ હોવાથી અભેદપ્રણિધાનનો હેતુ બને છે. અભેદપ્રણિધાન એ તાત્ત્વિક સમર્પણ છે.

સમર્પણ અને નમસ્કાર એકાર્થક છે.

અભેદ પ્રણિધાન, સર્વોત્તમ સમર્પણ અને તાત્ત્વિક નમસ્કાર કથંચિત્ એકાર્થક છે.

અર્પણ એટલે આપવું, સમર્પણ એટલે સમ્યગ્ અર્પણ.
સમર્પણ એટલે પાછું ન લેવાની બુદ્ધિ આપવું,
કર્તવ્યબુદ્ધિ આપવું તથા કેવળ ગુણાનુરાગાદિ આપવું.
ગુણાનુરાગાદિ કરવાનું ભાન જાગે, જે સમર્પણ કરાવે છે.
ગુણાનુરાગ એ વ્યવહારથી સંવેદપ્રાપ્તિધ્યાનનું અને
નિશ્ચયથી સંવેદપ્રાપ્તિધ્યાનનું કારણ બને છે.

પરદોષદર્શન અને સ્વગુણશ્લાઘા

એ મહામોહનીય કર્મનું ઉપાર્જન કરાવે છે, તેનો નાશ
સ્વદોષદર્શન અને પરગુણપ્રશંસાથી જ થઈ શકે છે.
અધઃસ્થિત સ્વ આત્માને ઊર્ધ્વસ્થાને સ્થિત કરાવવાનું
સામર્થ્ય વીતરાગના આલંબનમાં રહેલું છે.
જેમનો તે ગુણ જ્યારે શ્લાઘનીય બને છે, ત્યારે
સ્વાપકર્ષનો બોધ સ્પષ્ટ થાય છે, તેથી નીચગોત્ર કર્મ તથા
મિથ્યાભિમાનજનિત મહામોહનીય કર્મ ક્ષય પામે છે.
આપણને પ્રાપ્ત ૩ કરણ, ૩ યોગ, ૭ ધાતુ, ૧૦ પ્રાણ,
૩॥ ક્રોડ રોમ અને અસંખ્ય પ્રદેશને સાર્થક કરાવનાર
અને પોતાના આલંબન વડે સ્વરૂપ સ્થિતિને પ્રાપ્ત
કરાવનાર વીતરાગ પરમાત્મા હોઈ તેમની ભક્તિ, સેવા
અને તેમના ચરણોમાં સ્વાત્મસમર્પણ કર્તવ્ય થઈ પડે છે.

વીતરાગના નામથી, ધ્યાનથી અને સ્મરણથી પ્રથમ
આપણો ઉપયોગ વીતરાગ આકારને ધારણ કરે છે,
તે સંભેદ પ્રણિધાન છે અને પછી
'નિશ્ચયનયથી તે આપણા આત્માનું જ સ્વરૂપ છે'
એવું પ્રણિધાન તે અભેદ પ્રણિધાન છે.
અર્હદાકાર ઉપયોગ તે સંભેદ પ્રણિધાન અને
સર્વાત્મના અભેદીકરણ તે અભેદ પ્રણિધાન છે.
ભેદોપાસનાનાં ફળ: તીવ્ર ગુણાનુરાગ - ઉત્કટ સ્વાત્મગર્હા
છે, તેથી ચિત્તશુદ્ધિ - અંતરંગપરિણતિની નિર્મળતા થાય છે.
'વીતરાગનું આલંબન એ સંસારી આત્માને અત્યંત
ગુણ કરનારું છે' એવી બુદ્ધિ એટલે ગુણાનુરાગ તથા
વીતરાગના આલંબનના વિરહમાં આત્મા નિર્ગુણી અને
ભારેકર્મી બને, તેનું ભાન તીવ્ર સ્વાત્મગર્હા સ્વરૂપ છે.
'પરમ નિધાન પ્રગટ મુખ આગળે, જગત ઉલ્લંઘી જાય'
એ સંભેદપ્રણિધાનનું સ્વરૂપ છે અને
'સબ હી નિધાન ઘરમાંહે' તે અભેદ પ્રણિધાનનું સ્વરૂપ છે.
પંચપરમેષ્ઠિ સર્વોત્કૃષ્ટ વિશુદ્ધ આત્મસ્વરૂપના ધારક છે,
તેથી પ્રાણીમાત્રનું કલ્યાણ સાધવાના પ્રબળ અને
અવંધ્ય પુષ્ટ નિમિત્તભૂત છે, તે ગુણાનુરાગનું લક્ષણ છે.

પંચપરમેષ્ઠિ જેવા જગતમાં કોઈ નથી, તેથી તેમની ભક્તિ તે સર્વથી વધુ મહત્ત્વપૂર્ણ કર્તવ્ય બને છે.

તેઓ પ્રત્યે જેટલો તીવ્ર ગુણાનુરાગ,
તેટલો ઉત્કટ આત્મગર્હાનો પરિણામ સમજવો.

ઔદયિક ભાવોમાં રાગાદિદોષ કર્મજન્ય પ્રકૃતિ મુખ્ય છે, ક્ષાયોપશમિક ભાવોમાં વીતરાગ પ્રભુની આજ્ઞા દ્વારા થતું તેમનું પ્રણિધાન મુખ્ય છે. વીતરાગ પ્રણિધાનથી

'સકલ સિદ્ધિ આત્મસ્થ છે' એવું ભાન થાય છે.

ફળની આશંસા એ શ્રદ્ધાની ન્યૂનતા જણાવનારી વસ્તુ છે.

કબાટ કે તિજોરીમાં મૂકેલ ઝવેરાત મેળવવાની આશંસા અથવા ઇચ્છા હોતી નથી, કિન્તુ ચાવી લગાડી કબાટ કે તિજોરી ખોલવાની જ માત્ર જરૂર રહે છે.

આત્મા પોતે જ નિશ્ચયથી પરમાત્મા છે.

તે પોતાનું જ સ્વરૂપ છે. પોતાના ઘરમાં જ તૈયાર થયેલ રસોઈ હોય તેને ભીક્ષા માટે ભટકવાનું રહે છે જ ક્યાં?

ઘર આંગન જો સુરતરૂ પ્રગટ્યો,
કહા કાજ બન ભમિયે;
સરસ સુરભિ ઘૃત જો હૃદય ઘર મેં, તો ક્યોં તૈલ જમિયે?
અહનિશિ ગૌતમગણધર નમિયે.

દુઃખની આશંકા છે, ત્યાં સુધી આત્મશ્રદ્ધાની ન્યૂનતા
સમજવી અને પ્રબળ મિથ્યાત્વની વ્યાપ્તિ સમજવી.

સાંસારિક દુઃખ તો કર્મના નિયમ મુજબ અને
ક્રમબદ્ધ પર્યાયની નિયતિ મુજબ મળ્યા જ કરે છે,
તેમાં લાચારતા અથવા દીનતા કરવાની જરૂર જ નથી.

સાચું દુઃખ પુરુષાર્થજન્ય છે.

મોહનીય કર્મના આવરણ હટવાથી
આત્માની મૌલિક શક્તિઓ પ્રકટે તે માર્ગ લેવો,
એનું નામ વીતરાગ સેવા અને તેનું સ્વાભાવિક ફળ છે.

તેમાં નિષ્કામભાવ છે, કર્તવ્યનિષ્ઠા છે તથા
કુદરતનું પાલન કરવાનું સક્રિય ભાન છે.
એ સમર્પણભાવના અંતરના આવરણો દૂર કરી આપે છે.

મોહનીય કર્મ અને તેના યોગે જ્ઞાનાવરણીય,
દર્શનાવરણીય અને અંતરાય કર્મના આવરણો તોડવા,
તે જ જીવનમાં કરવા લાયક મોટામાં મોટું કાર્ય છે.

આત્મા ઉપરના મોહના આવરણો ફગોડવારૂપ કાર્ય
વીતરાગની ભક્તિથી જ શક્ય છે.
સરાગીની ભક્તિથી આવરણો હટવાની શક્તિ તો નથી પણ
નવા આવરણો ચઢવાની શક્યતા છે, તેથી તે અકર્તવ્ય છે.

સરાગી દેવોની ભક્તિથી લૌકિક ફલાશંસા પણ સિદ્ધ
થતી નથી, કેમકે તે કર્મજન્ય પદાર્થને આધીન છે,
તેમાં અન્ય પદાર્થની નિમિત્તમાત્રતા છે.
આવરણો દૂર કરવામાં પંચપરમેષ્ઠિ અને વીતરાગની
ભક્તિ પ્રબળ નિમિત્તરૂપ હોવાથી અને તેમાં ગુણાનુરાગ
તીવ્ર રીતે પુષ્ટ થતો હોવાથી તે જ એક પરમ કર્તવ્યરૂપ છે.

## ગુરુનો મહિમા અપરંપાર

જીવોને જે ધર્મદેશના આપે, તે ગુરુ છે.
જેઓ પાંચ સમિતિથી સમિત છે, ત્રણ ગુપ્તિથી ગુપ્ત છે,
એવા ગુરુ ભગવંતોનું મને શરણું થાઓ.
દુર્ગમ એવા આ સંસાર રૂપી જંગલમાંથી
મનુષ્યોને તારનાર કોઈ હોય, તો તે ગુરુ છે.
ગુરુની પ્રતિમા એ ધ્યાનનું મૂળ છે.
ગુરુના ચરણ એ જ આ સંસારમાં પૂજનીય છે.
ગુરુનું વાક્ય એ શિષ્ય માટે મંત્ર સમાન છે.
ગુરુની કૃપા એ જ મોક્ષનું અસાધારણ કારણ છે.
ગુરુની આરાધનાથી મોક્ષની પ્રાપ્તિ થતી હોવાથી
ગુરુની આરાધના એ જ અમૃત છે.
ગુરુનું બહુમાન એ જ મોક્ષ છે.

ગુરૂ બહુમાનથી પરમ ગુરૂ - અરિહંત કે તીર્થંકર પ્રભુનો
સંયોગ થાય છે, તેથી નિશ્ચિત સિદ્ધિ પ્રાપ્ત થાય છે.

ગુરૂ વિના કોઈ મુક્તિદાતા નથી.

ગુરૂની સહાય વિના કોઈ મોક્ષમાર્ગમાં ગતિ કરી શકતું નથી.

અનંતકાળનું અજ્ઞાન દૂર કરવાની તાકાત માત્ર ગુરૂમાં જ છે.

ગુરૂ વિના જીવને સાચું સુખ કોણ આપી શકે? કોઈ નહિ.

જેઓ પગથી લગાવી માથા સુધીની ગુરૂની આકૃતિનું
સ્મરણ કરે છે, એના તમામ વિઘ્નો નાશ પામે છે
તથા એના સર્વ મનોરથો સિદ્ધ થાય છે.

ગુરૂના ઉપકારનો બદલો આ ભવમાં કે
પરભવમાં પણ વાળવો અશક્ય છે.

નાવ વિના સમુદ્ર તરવો મુશ્કેલ છે, ગુરૂના ઉપદેશ રૂપી
નાવ હોય તો સંસારસમુદ્ર આસાનીથી તરી જવાય.

જેમ દેવતાઓ વચ્ચે બેઠેલા ઇન્દ્ર આનંદ આપે, તેમ
શિષ્યો વચ્ચે બેઠેલા ગુરૂ આનંદ આપતા હોય છે.

ગુરૂ : ગુ = અંધકાર, રુ = પ્રકાશ. જે ગુરૂઆજ્ઞામાં નથી,
એના જીવનમાં ધર્મનો શુભારંભ થવો મુશ્કેલ છે.

જીવનના તમામ કલ્યાણોનું મુખ્ય કારણ ગુરૂ છે.

જે અંધકારમાંથી પ્રકાશમાં લઈ જાય તે ગુરૂ.

નમો અરિહંતાણં = ભેદ,
પછી તદ્રૂપ = સંભેદ, ને સોઽહં = અભેદ.

ભેદ = objective

સંભેદ = Subjective - objective

અભેદ = Subjective

Turn it on, accept it by faith:
Observe the operations.

નમો = Turning, અરિહં = Divine, તાણં = on.

Turn towards the Divine and see that all sins are dissolved.

Turn towards the Divine & see that all auspicious things are already acquired.

<u>દયાનું સ્વરૂપ</u>

દયાઽપિ લૌકિકી નેષ્ટા ષટ્કાયાઽનવબોધતઃ ।
ઐકાન્તિકી ચ નાઽજ્ઞાનાન્નિશ્ચયવ્યવહારયોઃ ॥૧॥

- દ્વા૰ દ્વા૰ ૭, શ્લો૰ ૨૭ : સદ્ગુરુ:

ષટ્જીવનિકાયનો અબોધ તથા નિશ્ચય-વ્યવહારનું અજ્ઞાન - એ બે દોષ દયાને લૌકિકી બનાવે છે. લોકોત્તર દયામાં ષટ્જીવનિકાય તથા નિશ્ચય-વ્યવહાર જ્ઞાન રહેલું હોય છે,

એમ શ્રી નવકાર મંત્રને પણ લોકોત્તર મંત્ર બનાવનાર
શ્રી પંચ પરમેષ્ઠિઓ સંબંધી યથાર્થ જ્ઞાન અને
નિશ્ચય - વ્યવહાર સંબંધી યથાર્થ બોધ છે.
એ બેમાંથી એકનું પણ અજ્ઞાન
નમસ્કારને લૌકિક નમસ્કાર બનાવે છે.
એ જ્ઞાન પોતાને હોય યા મંત્રપ્રદાતા ગુરુને હોય.
બંનેમાંથી એકેને ન હોય, તો ન ચાલે.
વ્યવહાર એ નિશ્ચય સાપેક્ષ અને નિશ્ચય એ જો
વ્યવહાર સાપેક્ષ હોય, તો જ જ્ઞાન યથાર્થ બને અને
સમ્યક્ક્રિયાનો હેતુ થાય.

અષ્ટાવક્ર ગીતામાં કહ્યું છે કે:

બુભુક્ષુરિહ સંસારે મુમુક્ષુરપિ દૃશ્યતે ।
ભોગમોક્ષનિરાકાંક્ષી વિરલો હિ મહાશયઃ ॥૧॥ અર્થાત્:
આ સંસારમાં મુમુક્ષુ પણ ભોગની ઇચ્છાવાળો દેખાય છે.
ભોગ અને મોક્ષમાં આકાંક્ષા વગરનો
કોઈક વિરલ મહાશય જ હોય છે.
જેમ અમાનિત્વ - અદંભિત્વ એ જ્ઞાનનાં સાધન હોઈ
'જ્ઞાન' શબ્દથી સંબોધાય છે, તેમ ચિત્તવૃત્તિનિરોધ રૂપ
યોગનાં સાધનને પણ 'યોગ' કહેવાય છે.

યોગની અલગ - અલગ ૧૦ વિભાવનાઓ

(૧) chemical combination is yoga.

(૨) પું પ્રકૃત્યોર્વિયોગોઽપિ યોગ ઇત્યભિધીયતે ।
સાંખ્યદર્શન કહે છે કે : પુરુષ - પ્રકૃતિનું પૃથક્ત્વ સ્થાપી, બંનેનો વિયોગ કરી સ્વરૂપમાં સ્થિત થવું, તે 'યોગ' છે.

(૩) સમત્વં યોગ ઉચ્યતે । (૪) યોગઃ કર્મસુ કૌશલમ્ ।

(૫) યોગેનાઽન્તે તનુત્યજામ્ ।
દેહાત્મબુદ્ધિનો ત્યાગ કરી આત્મભાવાપન્ન થવું તે 'યોગ' છે.
જીવાત્મ - પરમાત્મમિલન તે 'યોગ' છે.

(૬) ચિત્તવૃત્તિનિરોધ કરી સ્વરૂપપ્રતિષ્ઠ થવું તે 'યોગ' છે.

(૭) Etymological = શબ્દયોગ.

(૮) Addition = ગણિતોક્ત યોગ.

(૯) ઉચ્ચાટન - મારણાદિ ક્રિયાઓની કુશળતાને પણ યોગ વિદ્યા કહેવાય છે. Mesmerism = વશીકરણવિદ્યા.
Magic = ઇંદ્રજાલિકકૌશલ - જાદુ.

(૧૦) Remedy તથા cure એ આયુર્વેદ યોગ છે.
જગતનું કલ્યાણ કરવાની ભાવનાની પાછળ ભગવદિચ્છા પૂર્ણ કરવાની ઇચ્છા હોવી જોઇએ. ભગવાનની ઇચ્છા પૂર્ણ કરવા માટે લોકકલ્યાણનું કાર્ય કરવું જોઇએ,

નહિ કે પોતાની ઇચ્છા પૂર્ણ કરવા માટે અથવા તો
પોતાનું અસ્તિત્વ સિદ્ધ કરવા માટે.

ઇંદ્રિયો દ્વારા ઇંદ્રિયાધીશની અનુભૂતિ લેવી,
ઇંદ્રિયવિજય, મનોનિગ્રહ, ચિત્તશાંતિ, આત્મદર્શિત્વ-
એ સર્વે યોગના પ્રયોજન છે.

શ્રોત્રાદિ બાહ્ય ઇંદ્રિયો અને બુદ્ધિ આદિ આંતર ઇંદ્રિયો છે.

ભક્તિ - મુક્તિ ઉભયની વાસના બંધનકારક હોવાથી
કેવળ ભક્તિની ભાવના જ મુક્તિપ્રદાયક યોગ કહેવાય છે.

યોગનાં ૫ ભાવ: શાન્ત, દાસ્ય, સખ્ય, વાત્સલ્ય, માધુર્ય.

યમ દ્વારા કષાયોનો વિજય

અહિંસા અને બ્રહ્મચર્યથી કામ, દયા - ક્ષમા દ્વારા ક્રોધ,
સત્ય - અસ્તેય - આર્જવ દ્વારા લોભ, મિતાહાર - શૌચ
દ્વારા મોહ અને સર્વ બધા દ્વારા મદ તથા મત્સરનો
વિજય કરવો, તે યમ છે. યમ એ ઉપરતિસ્વરૂપ છે.
ઇચ્છાસંયમના બળથી ચિત્તશુદ્ધિ થાય છે.

જીવાત્મા-પરમાત્માના ઐક્ય ચિન્તનનું નામ સમાધિ છે.

શ્રુતિ અને આગમનો ભેદ વાક્યગત છે, વસ્તુગત નહિ.

'સનાતન' શબ્દમાં સુરત અર્થાત્ ધ્યાનને જોડવું તે.
સુરત શબ્દયોગ છે.

પ્રકટ - નામ - રૂપ, અપ્રકટ - અનામ - અરૂપ.

ક્રિયાવતી શક્તિ નામ - રૂપરહિત છે.

ક્રિયા ત્યાં ગતિ અને ધ્વનિ હોય જ છે.

સુમિરન = ભગવન્નામનો માનસિક જાપ.

ધ્યાન = અંતરમાં ચૈતન્યસ્વરૂપનું ચિન્તન.

'ईश्वर प्रणिधानाद्वा ।' 'वीतराग विषयंवाचित्तम् ।'

આપણું જ્ઞાન તે જ વિશ્વ છે, તે જ આત્મા છે,
તે જ પરમાત્મા છે, તે જ બધું છે. માટે કહ્યું છે કે:

'जे आया से विण्णाणे, जे विण्णाणे से आया'
- શ્રી आचारांग सूत्र 'एगे आया' - શ્રી ठाणांग सूत्र

'जिणो दाता जिणो भोक्ता ।' - શક્રસ્તવ.

ઉપરના બધાં વાક્યો અભેદપરક છે.

પ્રત્યેક વસ્તુ જ્ઞાનસ્વરૂપ છે, એમ ઉપરનાં નયો માને છે.

વિજ્ઞાનાદ્વૈત મત તેમાં અવતાર પામે છે.

તાંત્રિકો તેને 'સંવિદ્માત્ર' કહે છે.

જ્ઞાન નયે આત્મા અને વિશ્વ એક જ છે.

दीपो भक्षते ध्वान्तं कज्जलं च प्रसूयते ।
यदन्नं भक्ष्यते नित्यं जायते तादृशी प्रजा ॥

અન્ન તેવું મન, પાણી તેવી વાણી, આહાર તેવો ઓડકાર.

કળિયુગમાં નામજપ અને કીર્તનભજન - એ
જ તરવાનાં સાધન છે. Let go, Let God.
માનવજીવન દિવ્યજીવન માટે છે.
ભાવ સાચો, ન હોય તો ક્રિયા કશી જ ન બને.
બુદ્ધિથી સત્યની ખોજ થાય, ભાવથી સત્ય પકડાય
અને ચારિત્ર્યથી સત્ય આચરાય.
Everything that leads to divine is
religion. ક્રિયાથી સત્ય સાથે એકતા અનુભવાય છે.
ભક્ત = who asscents to his transformation.
અભક્ત = He who does not asscent.
The first law of creation is freedom.
વૈજ્ઞાનિક ભાષા = વસ્તુની યથાર્થતા - અયથાર્થતાદર્શક.
વ્યવહાર ભાષા = વસ્તુથી થતાં કાર્યને જણાવનારી ભાષા.
It is not theoritical but practical.
તે સત્ય, અસત્ય અને તદુભયથી અતિરિક્ત છે.
o ધર્મનું મૂળ વિનય છે, પાપનું મૂળ અહંકાર છે.
પંચમંગલ વડે વિનય કેળવાય, અહંકાર દૂર ભાગે છે,
સત્પુરુષોનો સમાગમ થાય, અસત્પુરુષોનો સંગ ત્યજાય.
સત્પુરુષો તે છે કે જે મોક્ષનો માર્ગ દેખાડે છે.

## ૨૩૬ રત્નકણિકાઓ

(૧) ૧૦ ગુણસ્થાનક સુધી આસ્રવ- સંવર - નિર્જરા હોય છે જ, એ અપેક્ષાએ મૈત્ર્યાદિભાવો પણ આસ્રવ-સંવર-નિર્જરા ત્રણે રૂપ છે. મૈત્ર્યાદિભાવોથી જે આસ્રવ થાય, તે યાવત્ તીર્થંકર નામકર્મને ખેંચી લાવે છે.

(૨) સાધુધર્મ દસ પ્રકારની ચક્રવાલ સામાચારી ઉપર અને તે સામાચારી સમર્પણભાવ અને અનુગ્રહ ઉપર ઊભી છે.

'નમો' શબ્દ સમર્પણભાવસૂચક છે,

'અરિહંત' આદિ પદો અનુગ્રહવાચક છે.

એ રીતે કાર્ય - કારણભાવ રહેલો છે.

(નિગ્રહ = ઉપસર્ગહર, અનુગ્રહ = બોધિપ્રદ)

(૩) જેમ માતા - પિતા સ્વસંતાનને પૂર્ણ દૃષ્ટિએ જુએ તો જ તે સંતાન પૂર્ણતા તરફ શીઘ્ર પ્રગતિ કરે છે અથવા જેમ ગુરુ શિષ્યને પૂર્ણદૃષ્ટિએ - ગુણદૃષ્ટિએ જુએ છે, તેથી જ શિષ્યનો વિકાસ થાય છે, તેમ સર્વ જીવોને પૂર્ણ દૃષ્ટિથી જોનાર સમ્યગ્દૃષ્ટિ જીવ જગતના સર્વ જીવોને વિકાસ કરવામાં સહાયક થાય છે.

(૪) મનને શૂન્ય અને શાંત કરવા માટે પૂર્ણતાની દૃષ્ટિ અનિવાર્ય છે.

(૫) ન = સૂર્યવાચક, મ = ચંદ્રવાચક, અ = વિષ્ણુવાચક,
આ = બ્રહ્માવાચક, ઉ = મહેશવાચક, ઓ = બ્રહ્માવાચક.
નમોમાં બ્રહ્મા = ઉત્પાદ, વિષ્ણુ = વ્યય, મહેશ = ધ્રૌવ્ય છે.
સૂર્ય એટલે આત્મા અને ચંદ્ર એટલે મન.
તે બંને પણ ઉત્પાદ - વ્યય અને ધ્રૌવ્યસ્વરૂપ છે.

(૬) નમ ઇતિ ક્રમ્રં, નમ્ર અને ઉગ્ર એ બે શબ્દોમાં રકાર છે,
તે રામ, અનિલ, વહ્નિવાચક છે. રં વાક્યાલંકાર અર્થે છે.
જેમ આભૂષણસહિત પુરુષને જોવાથી શુભ ભાવો જન્મે
છે, તેમ રંકાર સહિત મંત્રના ઉચ્ચારણ, સ્મરણ તથા
ધ્યાનાદિથી નવા નવા ભાવો સ્ફૂરી આવતાં રહે છે.

(૭) જિનેશ્વર દેવોના રાજ્યમાં સર્વ લોક છે,
તેઓના ભાવમાં સર્વ પ્રત્યે અખંડ કરુણા છે અને
ચારિત્રમાં યથાખ્યાત વીતરાગ ભાવ છે, તેથી
તેઓ જ ભવ્યાત્માઓને શરણ્ય, ધ્યેય અને આદેય છે.

(૮) મિથ્યાદૃષ્ટિને વિષયાસંગી મન તથા સમ્યગ્દૃષ્ટિને
નિર્વિષય મન હોય, કેમકે તે મન નિરંતર નિરાગતા કે
વીતરાગતાને ઇચ્છતું હોય છે. ધ્યાનં નિર્વિષયં મનઃ।
એ વાત સમ્યગ્દૃષ્ટિ જીવના મનને લાગુ પડે છે.
વીતરાગ વિષયં વા ચિત્તં કરો કે ધ્યાનં નિર્વિષયં
મનઃ કરો, એ બંને એક જ સરખી વસ્તુને કહે છે.

(૯) બાદર(સાધારણ)ની કાયસ્થિતિ ૨।। પુદ્ગલપરાવર્તન છે.

## અવ્યવહારરાશિમાં જીવો

સિદ્ધની સંખ્યા પ્રમાણે પાંચમા અનંતે હોય છે. તેને એક નિગોદના અનંતમાં ભાગ જેટલાં પણ કહેવાય.

(૧૦) નિગોદના જીવો એક મુહૂર્તમાં ૬૫૫૩૬ વાર જન્મ-મરણ કરે છે. બાદર અને સૂક્ષ્મ બંનેમાં ૧ શ્વાસોચ્છ્વાસમાં ૧૭ કરતાં અધિક ભવો થાય છે. પૃથ્વીકાય - અપ્કાયના જીવો ૧ મુહૂર્તમાં ૧૨૮૨૪ વાર જન્મ - મરણ કરે છે. પ્રત્યેક વનસ્પતિ - ૩૨૦૦૦ વાર, બેઈન્દ્રિય - ૮૦ વાર, તેઈન્દ્રિય ૬૦, ચઉરિન્દ્રિય ૪૦, અસંજ્ઞી પંચેન્દ્રિય ૨૪ વાર તથા સંજ્ઞી પંચેન્દ્રિય ૧ ભવ કરે છે.

(૧૧) અનુગ્રહ અને અનુરાગ પરસ્પર સાપેક્ષ છે.
પ્રભુની દૃષ્ટિ દ્રમક ઉપર પડી તે અનુગ્રહ અને દ્રમકનો પ્રાસાદાદિ ઉપર અનુરાગ, તે તેનું પરિણામ છે.

(૧૨) મંત્ર જપવાથી અને યંત્ર ભજવાથી તેના શક્તિનો અનુભવ થાય છે. રટણ, મનન અને પરિશીલન - એ જ સિદ્ધિના મહત્ત્વના અંગો છે. -શ્રીપાળરાસ

(૧૩) નિશ્ચયથી આપણા પરમાત્મદશામાં પૂર્ણતા, બહિરાત્મ દશામાં શૂન્યતા અને અંતરાત્મદશામાં એકતાનું ભાન થાય છે.

જ્યાં શૂન્યતા, ત્યાં વૈરાગ્ય છે. જ્યાં પૂર્ણતા ત્યાં ભક્તિ
અને જ્યાં ઉત્કટતા છે, ત્યાં એકતાની ભાવના પ્રગટે છે.

'નમો' પદથી બહિરાત્મભાવનો ત્યાગ અને
અંતરાત્મભાવનો અંગીકાર આવે છે,
તેથી તે વૈરાગ્ય અને અભેદનો એકસાથે બોધક છે.

(૧૪)વસ્તુને પામી શકાય છે, બનાવી શકાતી નથી.
વિવાદ વસ્તુમાં નહિ, વસ્તુને જોવાવાળાની દૃષ્ટિમાં છે.
સ્યાદ્વાદ વડે વાણીમાં નમ્રતા આવે છે અને
અનેકાંત વડે વૃત્તિમાં સમન્વયશીલતા આવે છે.
તે ચિત્તમાં સમતા, વૃત્તિમાં મધ્યસ્થતા, નિષ્પક્ષપાતતા
અને પરિણામે વીતરાગતા લાવે છે.

(૧૫)ગુણાનુરાગ આત્મોન્નતિનું સોપાન છે. ગુણાનુરાગ
હોય, ત્યાં ગુણપ્રશંસા સ્વયમેવ આવે છે. ગુણોત્કીર્તન
એ ગુણાનુરાગ હોવાથી ગુણની પ્રાપ્તિનું કારણ બને છે.
પ્રતિમા, વંદના અને પ્રણિધાન. બહુમાન = અહોભાવ.
પ્રણિધાનનો અર્થ ભક્તિ - ઉપાસના પણ થાય છે.
આરાધક આરાધના કરે છે, તે કોઈ ફળપ્રાપ્તિ ઇચ્છાથી
નહિ પણ પોતાને સમર્પણ કરવાની તક મળી, તેના
આનંદ ખાતર જ આરાધના કરે છે.

આરાધના = ઉપકારીઓના ઉપકારની અખંડ સ્મૃતિ.
પરમેષ્ઠિ ભગવંતોના નામાદિનું આલંબન પાપક્ષય અને
કર્મનિર્જરામાં હેતુ બને છે, તેથી મોટો ઉપકાર તેઓનો.
એનું સતત સ્મરણ રહેવું, એ જ આરાધના પદાર્થ છે.

(૨૬)તીર્થંકરો પાસે પ્રસન્ન ચૈતન્યતત્ત્વ હોય છે અને તેનો
સ્વભાવ સૃષ્ટિના સકલ જીવોને મદદ કરનાર હોય છે.
ભવ્ય - અભવ્ય પ્રસન્ન થાઓ તથા પ્રકાશમાં રહો.

નિષ્કલંક જીવન એ પ્રકાશ છે,
નીતિમાન વર્તન એની જ્યોતિ છે.
પ્રકાશમાં રહેનારને ભય - આપત્તિ હોતી નથી,
તેઓ સદા નિર્ભય - નિરાપદ રહે છે.

(૨૭)જેમ રાજાના શસ્ત્રથી યુદ્ધને જીતનારા સર્વ સુભટો
'રાજાના પ્રભાવે જ જીત્યા' એમ ગણાય છે, ઉપરાંત
'સુભટે યુદ્ધ જીત્યું' કહેવાને બદલે 'રાજાએ યુદ્ધ જીત્યું'
એમ કહેવાય છે, તેમ તીર્થંકરોના સ્મરણ, ધ્યાન, પૂજન,
આજ્ઞાપાલનાદિ વડે બોધિ, સમાધિ અને સિદ્ધિ પ્રાપ્ત
કરનારાઓએ તીર્થંકરોના પ્રભાવે જ તે પ્રાપ્ત કર્યું છે,
એમ માનવું જોઈએ. nothing can be done
without the help of divine grace.

(૧૮)સિદ્ધાણં બુદ્ધાણં સૂત્રની જેમ લોગસ્સની ગાથાઓનું રટણ પણ ઉપકારક છે, એથી મોહનીયકર્મની પ્રકૃતિઓ શિથિલ બને છે. લોગસ્સમાં પસીયંતુ, દિંતુ, દીસંતુ શબ્દોમાં યાચના પૂર્ણ કરવાની શક્તિસામર્થ્ય રહેલાં છે. વીતરાગતા ઉપરાંત બીજી ઘણી ઘણી શક્તિઓ પણ છે,

તેને સમજવી એ બુદ્ધિ પર છે.

બુદ્ધિ within limits હોય તેને સમજી શકે, કિન્તુ limitlessને સમજવા માટે બુદ્ધિનું સામર્થ્ય નથી.

(૧૯)'પસીયંતુ' પદ પરમાત્માના અનુગ્રહને સૂચવે છે. સાધકે પરમાત્માનો અનુગ્રહ માની સ્વામીના ગુણો પરના અનુરાગપૂર્વક પરમાનંદ વડે અનુષ્ઠાન કરવું જોઈએ.

અભિલષિત ફળની પ્રાપ્તિ તેમના કારણથી જ છે.

બધું હોય પણ સ્તવના આલંબન તરીકે તીર્થંકર ન હોય, તો અભિલષિત ફળની પ્રાપ્તિ કદાપિ ન થઈ શકે.

'અભિથુઆ' અર્થાત્ અભિમુખભાવથી સ્તવાયેલા -

સન્મુખ જાણીને સ્તુતિ કરાયેલા.

(૨૦) લોગસ્સનાં ઉપધાનમાં (પાંચમાં-અઠ્ઠાવાસા) સાડા પંદર ઉપવાસનો તપ: ગાથા ૧ના ૪ પાદ - ૩૨ અક્ષરોના અઢી, ગાથા ૩ના છ તથા છેલ્લી ૩ ગાથાના સાડા છ ઉપવાસ. શબ્દજાપથી મૌનજાપ, મૌનજાપથી માનસજાપ શ્રેષ્ઠ છે.

પહેલું પદ હંસની જેમ ધીમેથી બોલવું,
બીજું પદ સિંહની જેમ ગર્જનાથી - ઊંચેથી બોલવું,
ત્રીજું પદ ગજગતિની જેમ લલિતપણે ઉચ્ચારવું અને
ચોથું પદ સર્પની ગતિની જેમ ડોલતાં ગાવું.

(૨૧) લોગસ્સની બીજી ગાથામાં ૧૨ બિંદુ, ત્રીજી ગાથામાં ૧૨ બિંદુ અને ચોથી ગાથામાં ૧૧ બિંદુ છે. કુલ બિંદુ ૩૫ છે.
બીજી, ત્રીજી, ચોથી - એ ત્રણે ગાથામાં કુલ ૩૫ બિંદુ છે.

(૨૨) આરોગ્ગ = અરોગપણું = સિદ્ધત્વ, તે માટે બોધિલાભ.
'આરોગ્ગ' શબ્દથી ભાવારોગ્ય ગ્રહણ કરવું. ભાવસમાધિ = આત્મામાં જ્ઞાનાદિ ગુણોની સારી રીતે સત્તા હોવા તે.
તેની સત્તા હોય તો જ પરમ સ્વાસ્થ્યનો યોગ થાય છે.
મનની નિવૃત્તિ તે સમાધિ છે.
ભાવઆરોગ્ય માટે બોધિ અને બોધિ માટે ભાવસમાધિ.

(23) <u>લોગસ્સ સૂત્રાંતમાંથી ગુણોની પ્રાપ્તિ</u>

ચંદેસુ નિમ્મલયરા = નિર્મળતા
આઇચ્ચેસુ અહિયં પયાસયરા = સ્થિરતા
સાગર વરગંભીરા = તન્મયતા
નમસ્કાર આકાર ઉપયોગ થવાથી
નિર્મળતા, સ્થિરતા અને તન્મયતા ઉત્પન્ન થાય છે.

ધ્યેયવસ્તુનું ધ્યાન તે શ્રેષ્ઠ છે કે જેમાં ધ્યાતા સમગ્ર માનસ
કલ્પનાદિ ભૂલી સાક્ષાત્ ધ્યેય સમુપસ્થિત હોય તેમ ભાસે.
ધ્યાનાવેશાદિ તન્મયભાવ પામતું ધ્યાન જ સર્વશ્રેષ્ઠ છે.

(૨૪) પરમાત્માનું નામ હૃદયમાં સ્થિર થતાં જ
પરમાત્મા ભૂલી તન્મય ભાવને પામતા હોય તેવું લાગે,
ત્યારે સર્વ કલ્યાણોની સિદ્ધિ થાય છે.

(૨૫) પવિત્રતા અને શાંતિના પાયા ઉપર જ
પ્રભુમય જીવનનું ચણતર થઈ શકે.

<u>પશુવૃત્તિમાંથી ઉપર નીકળવાની બે મુખ્ય શરતો છે :</u>
<u>સહજ સાત્ત્વિકતા અને પવિત્ર જીવન.</u>

ઈશ્વરના સતત ધ્યાનથી પવિત્રતા પ્રાપ્ત થઈ શકે છે.
પાયો સુદૃઢ હોય તો જ્યોતિ, શક્તિ, પ્રેમ, જ્ઞાન વગેરે
દિવ્ય તત્ત્વો સરળતાપૂર્વક આધારમાં ઉતારી શકાય.

(૨૬) आणाए धम्मो । આજ્ઞા એ જ ધર્મ.
अणाणाए संसारो । આજ્ઞાના અપાલનમાં સંસારવૃદ્ધિ.
'આજ્ઞા'નો અર્થ સ્વચ્છંદ પરિત્યાગ.

The first law of creation is freedom.
ઇચ્છાસ્વાતંત્ર્ય એ જીવાત્માનો પ્રથમ ગુણ છે, તે
સ્વાતંત્ર્યનો ઉપયોગ જ્યાં શુદ્ધ સ્વમતિને અનુસરવામાં

હોય છે, ત્યાં સુધી સંસાર અને તેનો ઉપયોગ આજ્ઞા એટલે સ્વરૂપસ્થિતિને અનુસરવામાં હોય, તે જ મોક્ષ છે.

તેથી આજ્ઞા એજ સંયમ, આજ્ઞા એ જ તપ, આજ્ઞા એ જ ત્યાગ અને આજ્ઞા એ જ મોક્ષ કહેલ છે.

આસન્નત્વાત્ સાધ્યતે અનેન ઇતિ 'આજ્ઞા'।

વસ્તુનું યથાર્થ જ્ઞાન જેનાથી હોય તે આજ્ઞા. આજ્ઞા અર્થાત્ સ્વરૂપાવસ્થાન, તેને અનુસરવું તે ધર્મ. તેથી નિરપેક્ષ વર્તન તે સ્વચ્છંદ અને તે જ સંસાર છે.

(૨૭)મોક્ષની ઇચ્છા એટલે આજ્ઞાપાલનનો અધ્યવસાય. આજ્ઞાપાલનનો અધ્યવસાય સ્વચ્છંદતાથી મુક્તિ અપાવે છે અને એ મુક્તિ જ પરંપરાએ સકલ કર્મ નિર્મોક્ષનું કારણ બને છે. નમસ્કારની પરિણતિ કેળવ્યા વિના મોક્ષ નથી અને તે પરિણતિ એ ચૌદ પૂર્વનો સાર છે.

નવકાર મંત્ર = Wisdom of all scriptures.

આજ્ઞાના અસ્વીકારમાં અહંકાર છે અને આજ્ઞાપાલનના અધ્યવસાયમાં નમસ્કાર છે, તેથી નમસ્કાર એ જ સર્વ ધર્મનું મૂળ છે. જીવને મળેલ ઇચ્છાસ્વાતંત્ર્યના અનર્થથી બચવા એકનું એક સાધન નમસ્કારની પરિણતિ અર્થાત્ આજ્ઞાપાલનની રુચિ છે.

ગુણવત્પારતંત્ર્ય એ જ સ્વાતંત્ર્યનો સદુપાય છે.

સ્વાતંત્ર્ય કલ્યાણકારી નહિ, કિન્તુ
સ્વાતંત્ર્યનો સદુપયોગ કલ્યાણકારી છે, તેમાંથી જ સાચું
સ્વાતંત્ર્ય - freedom from bondage મળે છે.
અયોગ્યના બંધનમાંથી છૂટવા માટે યોગ્યનું બંધન યાને
યોગ્યનું પારતંત્ર્ય અનિવાર્ય છે. ઇદમત્ર ધર્મગુહ્યમ્ ।
તેથી જ મહાપુરુષોએ સર્વ શાસ્ત્રનું તાત્પર્ય અર્થાત્
ઐદંપર્ય આજ્ઞાને કહેલ છે. બીજા શબ્દોમાં કહીએ તો
યોગ્યને નમસ્કાર = ગુણવત્પારતંત્ર્ય = મુક્તિનો ઉપાય છે.

તેથી નમસ્કાર એ મોક્ષનું બીજ છે.

અરિહંતના નમસ્કારમાં અરિહંતની આજ્ઞાને નમસ્કાર છે.
આજ્ઞા જ તારનારી છે, તેથી તેને 'તીર્થ' પણ કહે છે.
ગુરુઆજ્ઞા પણ તીર્થંકરોની આજ્ઞાના આરાધન માટે છે.

માતા - પિતાદિ વડીલજનોની આજ્ઞા પણ
પરમાત્માની આજ્ઞાના ક્રમથી માનવાની છે.

મંત્ર, તંત્ર, યંત્ર, દેવગુરુપૂજન, ભક્તિ, શ્રદ્ધા, તપ,
ધ્યાનાદિ આજ્ઞાના આરાધન સ્વરૂપ બને છે, ત્યારે
તે સાનુબંધ બને છે અને મુક્તિપર્યંત પહોંચાડે છે.

ચાર ગતિ, પાંચ જાતિ અને ૮૪ લાખ યોનિ,

તેના કારણભૂત ૪ કષાય, ૫ વિષય, ૧૮ પાપસ્થાનક - આ સર્વ ત્યાં સુધી જ ટકી શકે છે કે જ્યાં સુધી આજ્ઞાપાલનનો અધ્યવસાય પ્રકટ્યો નથી.

સંસારમાં સુખ એ આજ્ઞાપાલનનું ફળ છે અને
દુઃખ એ આજ્ઞાવિરાધનનું ફળ છે.
આજ્ઞાનું પાલન સર્વ જીવનિકાયને
હિતકારી છે, શ્રેયસ્કર છે અને કલ્યાણનું કારણ છે.
આજ્ઞાનું વિરાધન એ સ્વચ્છંદને પોષનારું હોવાથી
અકલ્યાણકારી, અહિતકારી અને તેથી વર્જ્ય છે.

(૨૮) First outward, then inward and then upward. ઉર્ધ્વતા સામાન્યમાં ભૂત તથા ભાવિનો વિચાર છે, તેથી તે વધુ સૂક્ષ્મ છે. તિર્યક્‌સામાન્યમાં વર્તમાનનો વિચાર છે, તેથી સ્થૂલ છે. સ્થૂલમાં જે નિષ્ણાત નથી, તે સૂક્ષ્મમાં કેવી રીતે બને? વર્તમાન વિચાર બે જાતનો છે: આત્મા તથા અનાત્માનો. અનાત્મભાવને non-essential અને આત્મભાવને essential જે માને, તે outwardમાં નિષ્ણાત છે.

(૨૯) દુર્જન = જે આપણું ખરાબ ઈચ્છે - બોલે - કરે, જે આપણી પડતીમાં ખુશ થાય, જે અવળે રસ્તે ચઢાવી દે.

મિત્ર ચરિત્ર જે આપણને ઉતારી ન પાડે,
આપણી નિંદા ન કરે, દુઃખના વખતે આપણને ટકાવી રાખે
અને આપણી પ્રગતિ - ચઢતીથી ખુશ થાય.
મિત્ર દયા નથી ખાતો, દાન નથી કરતો પણ
સહાનુભૂતિથી આપણી વાત સાંભળી યોગ્ય રસ્તો બતાવે છે,
અવળે રસ્તેથી સારે રસ્તે ચઢાવી હીંમત - ધારણ આપે છે.
તે પ્રેરણા આપી પ્રયત્ન કરવા કરે છે.
આત્મા પોતે જ પોતાનો મિત્ર અને શત્રુ છે.
દુશ્મનને પણ પોતાનો મિત્ર બનાવી શકાય છે,
કેમકે તે આપણી જાત જ છે ચરિત્ર વધુ સહેલું છે.
(30) જે પોતાનો ઉત્તમમાં ઉત્તમ મિત્ર થાય છે,
તે ચક્રવર્તીથી પણ મહાન છે.
આપણે બહાર મિત્રો શોધવાની જરૂર નથી,
જે અંદર છે, તેને જ પરમ મિત્ર બનાવો.
(31) ઈશ્વર દયાળુ નથી તેમ નિર્દય પણ નથી.
એ માગે તેને આપે અને ન માગે તેને ન આપે,
તેવો અપક્ષપાતી કે ભુલકણો પણ નથી.
પરિમિત બુદ્ધિથી તેનું માપ કાઢવું અશક્ય છે.
શિવ, વિષ્ણુ, બ્રહ્મા ઇત્યાદિ નિરાકાર ઈશ્વરનાં પ્રતીક છે.

## નિરાકાર ઈશ્વરની અનુભૂતિ
### ચૈતન્યની અખંડતાના આકારે હોય છે.

આધ્યાત્મિક ભૂમિકામાં અલગ અસ્તિત્વનો લોપ હોય છે.
એ માટે માગવાનું હોતું નથી, અધિકારી બનવાનું હોય છે.
અધિકારી જીવને 'પોતે ચૈતન્યની અખંડતાથી અલગ નથી'
એવો આધ્યાત્મિક અનુભવ થઈ શકે છે.

હિન્દુ ધર્મમાં સાકાર ઈશ્વરનો સ્વીકાર નથી. શ્રુતિ પણ કેવળ નિરાકાર ઈશ્વરનું પ્રતીક છે. ઈશ્વર, આત્મા, બ્રહ્મ - તત્ત્વો જુદાં નથી, પરન્તુ એક જ મહાન વ્યાપક તત્ત્વને આપેલા જુદા જુદા સંકેત કે નામો છે.

ઈશ્વરનું કાર્ય દેખાઈ આવે છે પણ તે શક્તિ અલગ દેખાવવા શક્ય નથી. 'ઈશ્વર સાક્ષાત્ દર્શન આપે છે' એ આપણા જ કલ્પનાથી નિર્માણ કરેલા થોડા વખત પૂરતા અર્ધજાગ્રત અવસ્થાના આભાસોમાત્ર છે.

(૩૨)લોભ એ પાપનો બાપ છે, સંતોષ એ ધર્મનું મૂળ છે. અપૂર્ણતાની દ્રષ્ટિ એ લોભનું મૂળ છે, પૂર્ણતાની દ્રષ્ટિ એ સંતોષનું મૂળ છે. પદાર્થ અંશ છે, તેથી અપૂર્ણ છે. દ્રવ્ય એ પદાર્થનો સમૂહ છે, તેથી પૂર્ણ છે. સ્વભાવ પદાર્થ ગ્રહણ છે અને કાળભાવ પદાર્થ તે પદાર્થ છે.

કહ્યું છે કે : ગુણપર્યાયવદ્ દ્રવ્યં ।
દ્રવ્યનિરપેક્ષ પર્યાયદૃષ્ટિ તે મિથ્યાદૃષ્ટિ છે. પર્યાય
વિનિર્મુક્ત દ્રવ્યદૃષ્ટિ ઉપાસનાની દૃષ્ટિએ સમ્યક્ત્વ છે.
ઉપાસનાની દૃષ્ટિ એટલે નિશ્ચયદૃષ્ટિ.

વ્યવહાર પર્યાયિક હોય છે,
પરંતુ પર્યાયની શુદ્ધિનો આધાર દ્રવ્ય છે. દ્રવ્ય ઉપર
દૃષ્ટિ એ પ્રકૃતિની દૃષ્ટિ છે, તેથી સંતોષની ઉત્પત્તિ છે.

(33) અનંતાનુબંધી લોભ એ મિથ્યાત્વને પુષ્ટ કરે છે
અને મિથ્યાત્વ અનંતાનુબંધી કષાયને પુષ્ટ કરે છે.
પ્રથમ અનંતાનુબંધી લોભનો નાશ થાય છે પછી મિથ્યાત્વનો
નાશ થાય છે. લોભનો નાશ અપાયવિચય અને વિપાક-
વિચય ધ્યાનથી થાય અને મિથ્યાત્વનો નાશ આજ્ઞાવિચય
અને સંસ્થાનવિચય ધ્યાનથી થાય છે. આજ્ઞા વસ્તુને
દ્રવ્ય તથા પર્યાયાત્મક બતાવે છે, તેથી તેનું ચિન્તન
અનુક્રમે અલાભ - લાભાલાભ લોભનો ક્ષય કરે છે.

(34) મન - To think - ઈહા
ચિત્ત - To be alert - અર્થાવગ્રહ
બુદ્ધિ - To decide - અપાય
અહંકાર - To do - ધારણા.

(35) ૧૪ ગુણસ્થાનકમાં કયા ગુણ વસે ?

(૧) કલ્યાણમિત્રનો સંગ-સંબંધ (૨) જિનવચનનું શ્રવણ
(૩) ધારણા - શ્રુતાર્થ - અવિસ્મરણ રૂપ (૪) પરોપકાર
(૫) પરપીડા પરિહાર (૬) કામભોગાસક્તિત્યાગ
(૭) પૂજ્યપૂજા (૮) નિન્દાત્યાગ (૯) નિર્ગુણીને વિષે માધ્યસ્થ
(૧૦) કુશીલ સંસર્ગનો ત્યાગ (૧૧) પ્રમાદપરિહાર
(૧૨) ક્રોધાદિ કષાયત્યાગ (૧૩) કુવિકલ્પત્યાગ
(૧૪) આત્મસ્વરૂપની ભાવના, ભાવનાનું સ્વરૂપ.

(36) દેહ, ગેહ, ધન, સ્વજન, મિત્ર, પુત્ર-
એ બધા અન્ય છે, પરદ્રવ્ય સ્વરૂપ છે.
હું તેથી અન્ય છું, કૂટસ્થ સ્વભાવ છું, અનાદિનિધન છું,
અક્ષયસ્થિ અવિકૃતરૂપ છું, જ્ઞાન-દર્શનાદિ યુક્ત છું,
મમત્વના ક્ષયથી પવિત્ર થયું
શાશ્વત - પરમપદ એ જ નિશ્ચયેન ઉપાદેય છે.
જિનેશ્વરોની આજ્ઞાનો ટૂંકસાર એ છે કે જે જે રીતે
રાગ - દ્વેષનો શીઘ્ર વિલય થાય, તે તે રીતે પ્રવર્તવું.

(37) ચેતનામાં નિષ્ઠા પામેલાઓમાં તાદાત્મ્યભાવનો
ગુણધર્મ પ્રકટતો દેખાય છે.
જે સુખ ઝંખનામાં છે, તે પ્રાપ્તિમાં નથી.

જગત આપણા પર પ્રેમ રાખે એવું આપણે ઇચ્છીએ છીએ
પણ પ્રેમને પામવા માટે પ્રથમ પ્રેમ વાવવો જોઈએ.
સુખ પ્રેમમાં છે. સુખનો આભાસ અને સુખ વચ્ચે
ઝાંઝવા અને સરોવર જેટલો તફાવત છે.
પૈસાથી સાધનો વસાવી શકાય, સુખ ખરીદી શકાતું નથી.
પ્રેમ પામવા માટે પ્રેમને વાવવો પડે છે.
આપણા અહંને વાવીને ક્યાંથી પ્રેમનો છોડ ઉગાડી શકીએ
તો થોરમાંથી આંબો ઉગાડ્યા જેવું થશે.

## (38) વર્તમાનને સુધારી લો.

જે વીતી ગયું છે, એને ભૂલી જાઓ. જે આવનારું છે,
તે તમારા અધિકારની બહાર છે, એટલે જ ભૂતકાળ અને
ભવિષ્યકાળમાં અટવાવાને બદલે વર્તમાનને જ સુધારી લ્યો.
ક્યાંક આ ક્ષણ પણ વ્યર્થપણે જ વીતી ન જાય એની
સાવચેતી રાખો. અનુભવ કરો કે તમારો આજનો દિવસ સાર્થક
વીતી રહ્યો છે અને તમે ભગવાન તરફ જઈ રહ્યા છો.
આ વાત જાણી લો અને સિદ્ધાંત રૂપે માની લ્યો કે
એક ક્ષણ પણ એવી હોઈ શકતી નથી કે
જે ક્ષણે તમે પરમાત્મામાં સ્થિત રહી ના શકો.
તમે ગમે તે પરિસ્થિતિમાં હો, પરમાત્મા તમારી સાથે જ છે.

એ પરમાત્માના મંગળમય વરદાનના પ્રભાવે જ
તમે અત્યારની સ્થિતિમાં છો.
તેમાં તેમના સુમેળ કરસ્પર્શનો સતત અનુભવ કરો.
જુઓ, આ સમયે પણ તેમના
કરકમળોની છત્રછાયા તમારે શિરે છે. - અખંડાનંદ સરસ્વતી

(૩૯) નિંદા એક એવી વસ્તુ છે કે
આપણને લોકનિંદા કરવી ગમે છે, સાંભળવી ગમે છે,
પરંતુ લોકમુખે આપણી નિંદા સહન કરી શકતા નથી.
કોઈ માગળોલ વ્યક્તિ તમારી સમક્ષ કોઈ બીજી
વ્યક્તિની નિંદા કરે તો તેનાથી તમારે લગારે હરખાવવાની
જરૂર જ નથી, કારણકે તમારા ગયા બાદ એ વ્યક્તિ
કોઈ ત્રીજી વ્યક્તિ સમક્ષ તમારી નિંદા કરવાની જ છે.

(૪૦) આશા એ શ્રદ્ધા સાથે સંકળાયેલ મનઃશક્તિ છે.
આશાની મનઃસ્થિતિ વિના
શ્રદ્ધા જાગવા રહેવા શક્ય નહિ અને આશાને માટે
શ્રદ્ધા સિવાય કોઈ બીજો આધાર હોઈ શકે જ નહિ.
Faith and hope are interealated.
મોટાની આશા કે આકાંક્ષા પણ ઘણીવાર
હતાશાને ઢાંકવા માટેનું ઢાંકણું અથવા કોરી ફિલસુફી હોય છે.

શ્રદ્ધામાં અનુભૂતિનો રણકો છે અને
અનુભૂતિ એ આંતરિક સક્રિયતા વિના સંભવતી નથી.
અંધશ્રદ્ધા એ વ્યક્તિમૂલક કે બાહ્યમૂલકમાંથી જન્મે છે.
જ્યારે શ્રદ્ધા સક્રિયતામાંથી જન્મે છે અને
એમાં અનુભૂતિનો રણકો અવશ્યપણે હોય છે.
સમુદ્રનો તરંગ કહેવાય પણ તરંગનો સમુદ્ર ન કહેવાય.
સાગરના અનેક તરંગ છે, તેમ ઈશ્વરના અનંત ભક્ત છે:
ચંદ્રના અનેક કિરણ જેવાં, વૃક્ષના અનેક પર્ણ જેવાં,
ધૂળની અનેક રજ જેવાં પણ સાગર એક છે, ચંદ્ર
એક છે, વૃક્ષ એક છે, તેમ ભગવાન પણ એક છે.
અદ્વૈત દ્વૈતને કળી શકે છે અને કળી શકાય છે,
એટલા માટે તો અદ્વૈત છે પણ અદ્વૈત અકળ છે.
'તું મારી પંખિણી છે, હું તારું ઈંડું છું.' -નામદેવ

(૪૯) પ્રભુનું ધ્યાન કરવું એટલે
પ્રભુના ધ્યાનનું ધ્યાન કરવું - એ એનો પરમાર્થ છે.
આત્માનું જ્ઞાન કરવું એટલે જ્ઞાનનું જ્ઞાન કરવું,
'વસ્તુમાત્રના જ્ઞાનનો જ્ઞાતા આત્મા છે' એમ દૃઢ કરવું.
પ્રભુનું ધ્યાન કરવું એટલે
પ્રભુ જેનું ધ્યાન કરે છે, તેનું ધ્યાન કરવું.

## પ્રભુના ધ્યાનનો વિષય કયો હોય?

પ્રભુનું ધ્યાન વિશ્વ પ્રત્યે વાત્સલ્ય અને પોતાના આત્મામાં પ્રકૃતિની દષ્ટિવાળું છે. પ્રભુના ધ્યાનનો વિષય આત્મા દ્રવ્યદષ્ટિએ પ્રકૃતિથી અલગ છે, તેથી પ્રકૃતિનું જ્ઞાન પ્રભુના ધ્યાનમાં ઓછપથી રહેલું છે.

આ જાતનું પ્રભુના ધ્યાનવિષયક ધ્યાન કરવું, તે પ્રભુનું સાચું ધ્યાન છે. પ્રભુ - પરમાત્માના ગુણનું જ્ઞાન અને ધ્યાન આ જ સંસારસાગરથી તારનારું છે.

(૪૨) સાચા માણસને ચિંતા હોતી નથી,
ડાહ્યા માણસને મૂંઝવણ અને બહાદુરને ડર હોતો નથી.
ડર, મૂંઝવણ અને ચિંતા તો ફક્ત
કાયર, મૂર્ખ, જૂઠા માણસને હોય. - confucius

(૪૩) સહજયોગ = easy Yoga.
સુરતયોગ = Spirit of Sound.
શબ્દયોગ = real (Yoga) of Sound.

o

The Spirit is kinetic in the body & God is kinetic in universe. kinetic is latent force in motion.
kinematic = Pure motion.

(૪૪)metaphysical anguish = દૈવિક હતાશા.
Human engineering = માનવનું યાંત્રીકરણ.

માનવના હું'ની સ્વાયત્તતા અને સ્વાધીનતાની સચ્ચિદાનંદરૂપતાના મૂળિયાં ઊખેડી તેનો પ્રાણ રૂપી યંત્ર ગણવાની વાતો સવિશેષ પ્રચલિત થઈ.

Evolution of Darwin, communism of marks & psychology of Dr. Freud.

(૧) ડાર્વિનનું મંતવ્ય છે કે:

ઉત્ક્રાંતિ યાંત્રિક રીતે થતી જ રહી છે, માનવ આજે જે કાંઈ છે, તેમાં એનો પોતાનો ખાસ ફાળો નથી.

(૨) ડૉ. ફ્રોઈડનું મંતવ્ય છે કે:

બાળપણના બનાવો અને પ્રસંગોની મન ઉપર પડેલ અસરો માનવના જીવનમાં નિર્ણાયક ભાગ ભજવે છે. આ ગ્રંથિ મંતવ્યે માનવને તેના ગુનાઓથી અને તેની ભૂલોમાંથી મુક્ત કરે છે. અમુક સંજોગોને કારણે એ આવો થયો કે આમ વર્ત્યો, એમાં એનો શો દોષ? આ અસહાયતા તો માનવમાં જન્મગત છે, એવું વૈજ્ઞાનિક ચોકસાઈથી ફલિત થતું અને મનાવા લાગ્યું.

ન માનુષાત્ શ્રેષ્ઠતરં કિંચિત્ ।

એ મહાભારતકારનું મંતવ્ય આમાં અવગણવામાં આવે છે.

(૩) માર્ક્સનું મંતવ્ય છે કે: આર્થિક અને સામાજિક પરિબળોના દબાણથી માનવ અમુક સ્થિતિને પામે છે. માનવીના ઘડતર માટે વૈજ્ઞાનિક પદ્ધતિઓ શોધાઈ છે, જેમાં એમ બતાવવામાં આવ્યું છે કે:

ધર્મ અને તત્ત્વજ્ઞાન નિષ્ફળ નિવડ્યાં છે. માનવ અનુબંધ છે, એને કોઈપણ દિશામાં વાળી શકાય છે અને એને આપણને ગમે તેવો બનાવી શકાય છે. આ માન્યતામાંથી Human engineeringનો જન્મ થયો અને સામ્યવાદી દેશોમાં તેનો ઉપયોગ થવા લાગ્યો. Brain-washingનો પણ ઉપયોગ થયો અને માનવને પોતાને પોતાની રીતે વિચારવાની તકોમાં દિવસે દિવસે કાપ મૂકાતો જ ગયો. વળી mass-media દ્વારા પ્રચાર કરી અને Extensive lecturesનો મારો ચલાવી અમુક વિચારોની લ્હાણ થતી જ રહી છે અને ક્રમક્રમે એ વિચારો માનવના ચિત્તમાં માર્ગ કરી લેતાં રહે છે. માનવની વિચરવા તથા વિચારવાની પણ જવાબદારીઓ રાજ્યોએ અને તેની ક્રમિક સંસ્થાઓએ લઈ લીધી છે.

આ કારણે સમાજને એક lonely crowd અથવા એકાકી ટોળું કહીને ઓળખાવવામાં આવે છે અથવા તો Helpless creature તરીકે ગણાવવામાં આવે છે.

વૈજ્ઞાનિક યુગમાં બે પ્રકારના 'હું' જોવા મળે છે: Bernard Shaw, H. G. Wells, C. P. Snow વગેરેના 'હું'માં પેગંબરપણું છે, કશુંક કરી છૂટવાની ધગશ છે, પરિસ્થિતિ ઉપર પોતાના વ્યક્તિત્વની મુદ્રા અંકિત કરવાની – કરી શકવાની શ્રદ્ધા છે. વેલ્સ જેવાને વિજ્ઞાનચીંધ્યા માર્ગે માનવજાત પ્રગતિ પથે જણાઈ છે. આધુનિક 'હું' જુદો છે. સમાજે સંવિત્તિ અને કાંઈક અંશે અસંપ્રજ્ઞાત પ્રક્રિયાઓના પરિણામ રૂપે માનવની સ્વ સંવેદનાને સદ્યોગ્રાહ્ય બનાવવાની – નવાં idioms અને કલાનાં નવાં forms શોધવામાં એની શ્રદ્ધા છે.

ભૂત, વર્તમાન અને ભાવિના સંબંધોને એક સમગ્રમાં જોવા માટે આધુનિક 'હું'ની મથામણ છે. ભૂત અને વર્તમાનનું તે fusion – સંયુક્તીકરણ ઇચ્છે છે. ૨૦મી સદીની સર્જકતાનો એ આશ્ચર્યકારક આવિષ્કાર છે. ભૂત – ભાવિના confrontation સહિતના આ સમગ્ર દૃષ્ટિબિંદુને વ્યક્ત કરવા માટે જે ઉપક્રમો હાથ ધરાયા, તેમાંથી આધુનિક કલાના વાદો અથવા isms બન્યા.

એ ઉપક્રમો મુખ્યત્વે ટેકનોલૉજીના છે.
૧૯મી સદીમાં નિત્શેએ ભગવાનના મૃત્યુની જાહેરાત કરી.
૧૯૫૭માં અવકાશમાં ઉપગ્રહ તરતો મુકાયો,
ત્યારે એક અમેરિકન અખબારમાં છપાયું હતું કે:
'આ પૃથ્વીના કેદખાનામાંથી માનવનો છૂટકારો !'
'ધરતી એ માતા અને ભગવાન એ પિતા'
એ બે વાત નીકળી ગઈ, એથી જ આજના
માનવને એકલતાનો અનુભવ થાય છે. પહેલાંના આ
વિશ્વમાં જે સલામતી લાગતી હતી, તે આજે રહી નથી.
આંતરિક સ્થિરતા આપનારાં મૂલ્યોનો હ્રાસ થઈ રહ્યો છે.
આજના માનવના બે બાજુનાં ઉદ્ગમો છે:
એક અવકાશમાં વિજ્ઞાનીઓનું - બીજું અંતરમાં સર્જકોનું.
યંત્રવિજ્ઞાને જે સંસ્કૃતિ સર્જી છે, તે માનવના સામાજિક
જીવનમાંથી ધીમી જે સંસ્કારિતા ઉતરી આવે છે, તે
પ્રકારની નથી. યંત્રવૈજ્ઞાનિક સંસ્કૃતિ બહારથી ઉતરી
આવી છે, એના મૂળિયાં ક્યાં છે? તે પ્રશ્ન ઊભો રહે છે.
નવી સંસ્કારિતા જન્માવવાની હોય, તેનું પહેલું પગલું
કળામાં દેખાય. તેમાં પણ mass-mediaના કારણે
કારમી કટોકટી ઊભી થયેલી જ છે.

સાહિત્યની જ વાત કરીએ, તો પહેલાં
લેખકના Visionની પ્રતિષ્ઠા હતી, હવે ટેલિવિઝનની.
ટેલિવિઝનમાં લેખકનું કયું સ્થાન ? સુપર ટેકનીશ્યનનું.
જેને આધુનિક કહીએ, તે તો ક્યારે પણ અટકતું નહિ.
જો અટકે કે અમુક ફોર્મ્યુલામાં બંધાઈ જાય,
તો એમાંનો modernનો આત્મા ક્યાં રહે ?
એટલે એનાં નવાં નવાં રૂપો પ્રગટ થતાં રહે છે.

– ઈડર ભાષાસત્રમાં (પરિસંવાદ), ૨૬ ૧૦/૯૦

(૪૫) જીતવા કરતાં ઝૂઝવું સારું અહીં
પ્રાપ્તિ કરતાં પ્રયત્નમાં આનંદ વિશેષ છે.

વિનમ્રતા કે નિરહંકારત્વ એટલે આપણે ખરેખર જે છીએ, તેનું તટસ્થ દર્શન અથવા નિષ્ઠાપૂર્વકનું અવલોકન કે સ્વદર્શન કે સ્વપરિચય. તુકારામ કહે છે: હું જે કાંઈ છું કે મારી પાસે જે કાંઈ છે, તે પ્રભુનું આપેલું છે. પ્રભુની મદદ વગર કાંઈ જ કરી શકું તેમ નહિ. હા! એક વસ્તુ તો આપણે ભગવાનની મદદ વગર જરૂર કરી શકીએ તેમ છીએ અને તે છે કુકર્મો– જેને માટે ભગવાનની હાજરીની કાંઈ જ જરૂર નહિ.

°

Our awareness is aggregated.

## જીવનનું સમર્થ પ્રેરકબળ શું ?

હજીયે અંદરથી હું કર્તા પણે ભૂલો કર્યા જ કરું છું. ઈશ્વર સાથે જ્યારે આપણે અનુસંધાન નથી રાખી શકતા, ત્યારે કંઈ ને કંઈ ક્ષતિ આપણાથી થતી જ રહે છે. આપણે પોતે કશું જ નથી, આપણને શું અધિકાર છે? આ વિચાર આપણા જીવનનું સમર્થ પ્રેરકબળ છે કે: 'પ્રભુ સર્વ કાંઈ છે, આપણે કેવળ તેના હથિયાર છીએ.'

(૪૬) વર્ણ વિપર્યયનો નિયમ : ન + મ = મ + ન

ક થી મ પર્યંત કામ
ક થી ળ પર્યંત કાળ

તે બંનેને જીતાવનાર છે : 'તવદધન', 'પદ્મજલમ.'

'તપ' વડે 'નમ' થઈને

'કામ' તથા 'કાળ'નો વિજય થાય છે.

વાક્ય : કાવ્ય = મન : નમ.

સાલોક્ય = લોકાંતિક, સાયુજ્ય = ગ્રૈવેયક,

સારૂપ્ય = અનુત્તર, સામીપ્ય = સર્વાર્થસિદ્ધ વિમાન.

(ક્ષેત્રપાલ, દિક્પાલ, દ્વારપાલ, વાર)

સત્ત્વ - આકાશ, રજ - અગ્નિ, તમ - પૃથ્વી.

સંકલ્પ - વિકલ્પ - વિમર્શ - પ્રકાશ.

## (૪૧) ધર્મની વિવિધ વ્યાખ્યાઓ

સંવાદ કલ્પના કે ઉપદેશવાક્યોમાં ધર્મ સમાતો નથી.
સ્વ સમજ કે ઇચ્છાદિ પ્રગતિમાં સહાયભૂત તત્ત્વ તે ધર્મ.
ધર્મ એ માત્ર કલ્પના નહિ પણ એક શક્તિ છે,
જે જીવનના સઘળા પ્રશ્નોને સુવ્યવસ્થિત કરનારી છે.
ધૃ = ધારણ કરવું. ધૃ ધાતુ પરથી 'ધર્મ' શબ્દ બન્યો છે.
ધર્મ એટલે જેને હૃદયમાં ધારણ કરી રાખવાથી દુર્ગતિમાં
પડતા રહેતા બચાય છે. એ એક એવી શ્રદ્ધા છે કે જેને
હૃદયમાં ધારણ કરવાથી શક્તિરૂપ બને છે અને તે
શક્તિ દુઃખરૂપ કે અજ્ઞાનરૂપ દશામાં પડતાં અટકાવે છે.
ધર્મ એ વસ્તુસ્વભાવ, વર્તનના કાનુન અથવા જેને
હૃદયમાં ધારણ કરવાથી ધારણ કરનારને ધરી રાખે છે.
ધર્મ એ લક્ષ્યબિંદુ નહિ પણ કોઈ સાધ્યનું સાધન છે.

ધર્મ એટલે ચૈતન્ય અથવા શક્તિવિશેષ.

તે એક જ છે પણ તેને એકસ્થાને ધરી રાખવા માટે
અથવા સાચવી રાખવા વિવિધ ખાતર, યોજના, બંધારણ,
government અથવા તો શાસનની જરૂર પડે છે.
ધર્મ એટલે સદ્ગુણોનો વિકાસ, ગુણસ્થાન ક્રમારોહ,
ઊર્ધ્વગતિ તથા અંદરનું નૂર વધારવાની ક્રિયા.

સપાટી પરની નહિ પણ ઊર્ધ્વ આકાશ તરફની ગતિ.
ધરતી કે દયા - પાણામાં નહિ પણ હૃદયમાં નિવાસ
કરતું તત્ત્વ તે ધર્મ છે. ભૂમિ કે ભૂમિકાનો અર્થ હૃદય-
ભૂમિ અથવા હૃદયની ભૂમિકા સમજવી. એ ભૂમિ
ફળદ્રુપ હોય, તો જ ધર્મ ઊગી શકે. ધર્મ એ તર્ક કે
દલીલનો વિષય નહિ પણ ઇચ્છાશક્તિને પ્રકટાવવાની
ક્રિયા છે. તે એકલતા નહિ પણ વ્યાપકતા શીખવે છે.
ધર્મ એ વ્યવહારુ જીવનમાં પ્રતિષ્ઠા કામ આવતું
સત્ય તત્ત્વ છે. ધર્મ એ કાંઈ લકીરના ફકીર થવાનું
શીખવતું નહિ પણ જીવતી-જાગતી શ્રદ્ધા શીખવે છે.
લકીર = જડ શબ્દ. ફકીર = શ્રદ્ધાપૂર્વક પૂજવું.
એવી ભક્તિ શીખવાડે ધર્મ કે ચૈતન્ય મરી જાય છે
અને મનુષ્ય જડ ખોખારૂપ બની રહે છે.
ધર્મ એટલે જીવતી શ્રદ્ધા. ધર્મ એ ઈશ્વરીય કળા છે.
ધર્મ એક એવી કૌશલ નદી છે કે
તેમાં તરનારને તત્ત્વજ્ઞાનના મહાસાગરમાં લઈ જાય છે.
દ્રવ્ય, ક્ષેત્ર, કાળ અને ભાવ ઉપર દૃષ્ટિ રાખીને જે
આત્માને ગહનો ભગવાન અથવા મહાન-પુરુષ બનાવવા
માટે વ્યવસ્થા ગોઠવે છે, તેને 'ધર્મ' કહેવાય છે.

ધર્મ કોઈના હાથે રક્ષાની અપેક્ષા રાખતો નથી,
તે તો આશ્રિતોને રક્ષા આપવા માટે જીવે જ છે.

'ભૂખ્યાના ભોમિયા જે છે, વિસામો થાકનારાના;
ડૂબ્યાના તારનારા એ, સદ્ગુરુ છે સંત ને તીર્થો.'...(૧)

(૪૮) <u>આનંદમયી મા કહે છે કે:</u>

સ્વાર્થ અને પરમાર્થને એક સમજી સર્વ ભાવે પોતાનું એમનાં ચરણોમાં સમર્પણ કરી તો તમારામાંથી એવું હાસ્ય પ્રગટશે કે એમાં જગત આખું મસ્ત થઈ જશે.

(૪૯) <u>જીવનમાં ઉતારવા જેવી ૮ વસ્તુઓ</u>

ચંદનની શીતળતા, પર્વતની ધીરતા, વૃક્ષોની ઉદારતા,
ફૂલોની મધુરતા, વાદળોની ચમકતા, પક્ષીની નિઃસંગતા,
નદીની નિખાલસતા તથા શિશુની નિર્ભયતા.

(૫૦) ભગવાનનું નામસ્મરણ કરવાથી મનુષ્યનાં દેહ અને મનની શુદ્ધિ થાય છે. ભૂતો, ખામી, અધર્મ, ગુન્હો - એ બધું જ કાંઈ માનવાનું અવશ્ય નહિ સમજવાનું.

જેને આપણે આત્મા તરીકે ઓળખતા આવ્યા છીએ, તે જ તેનામાં રહેલો ખરો માનવી છે. - <u>શરદબાબુ</u>

ભગવાન મહાવીરના આંસુ કરુણાનાં હતાં,
અધમ સંગમના આંસુ પસ્તાવાનાં હતાં. - <u>વિશ્વબંધુ</u>

(૫૧) <u>પ્રેમ એટલે...</u>

સત્કાર, સદ્ભાવ, સમરસ, સમતા, સૌજન્ય, સહાયતા,
ગુણીનો ગુણાકાર, બદલાની બાદબાકી, ભક્તિનો ભાગાકાર,
તાદાત્મ્ય - તારતમ્યતાનો ભાવ, માંગલ્યની જ્યોત,
દયાળુતા, શૂરતા, નિઃશલ્યતા, સ્વરૂપરમણતા, નિષ્કામવૃત્તિ,
વસુધૈવ કુટુંબકમ્ ભાવના, સર્વની સાથે સ્નેહનો સંબંધ.
પ્રેમ ભાવનામાંથી અને મોહ વાસનામાંથી ઉત્પન્ન થાય.

(૫૨) નીચેના તત્ત્વોનો અવશ્ય નિત્ય અભ્યાસ કરવો:

(1) છ દ્રવ્ય (2) પાંચ સ્વાધ્યાય
(3) આઠ ગાઠ (4) આઠ કર્મ
(5) આઠ પૂજા : અષ્ટપ્રકારી અને ભાવપૂજા - વિઘ્નોપશામિની, અભ્યુદયસાધની, નિર્વૃત્તિકારિણી.
(6) સ્થાનાદિ પાંચ યોગ
(7) મહાયોગ : સંસર્ગારોપ - અભેદારોપ
(8) મંત્ર, ઇચ્છા, પ્રવૃત્તિ, સ્થૈર્ય અને સિદ્ધિયોગ.

o

*Prayer is an interview with god.*
*Prayer is an exercise of the soul,*
*a source of strength and*
*the recognition of eternal laws.*

(૫૩) વિદ્યા પૈસા મેળવવા માટે ભણવાની નહિ, કિન્તુ જીવનમાં સુખ, શાંતિ અને સમાધાન મેળવવા, જીવનદર્શન કરવા, ઈશતત્ત્વ પાસે પહોંચવા મેળવવાની છે.

(૫૪) નવકારના પ્રથમ પાંચ પદમાં તીર્થને નમસ્કાર છે, છેલ્લા ૪ પદમાં એ નમસ્કાર વડે થતી તત્ત્વની શુદ્ધિનો નિર્દેશ છે. તત્ત્વ એ નમસ્કારકર્તાનો આત્મા છે. તે તીર્થને ભાવથી નમે છે, ત્યારે તે જ સમયે તેની શુદ્ધિ થાય છે.

એ શુદ્ધિનું જ બીજું નામ

પાપનો સમૂળ નાશ અને સર્વોત્કૃષ્ટ મંગળનું આગમન. જીવ જ્યારે પોતાને મળેલી સ્વતંત્રતાનો ઉપયોગ કૃતજ્ઞતા દર્શાવવાને માટે કરે છે, ત્યારે તે જ વખતે

તેની શુદ્ધિનો મંગળ પ્રારંભ થાય છે.

(૫૫) ઝંઝટમુક્ત થવાની ઈચ્છામાં જ

ગુંચવાડાની શરૂઆત છે. ઝંઝટ થવાની ટરટંભેશ વધે જતી ઈચ્છાથી પ્રેરાઈ આપણે બહારથી અથવા અંદરથી ઝંઝટ મેળવાઈએ છીએ કે ઝંઝટથી દૂર રહીએ છીએ. સત્યના આવિર્ભાવ માટે આ સર્વનો અંત આવવો જોઈએ. સઘળાં સાધન અને સાધ્ય આસક્તિના જ પ્રકારો છે. સત્યના આવિર્ભાવ માટે એ સઘળાનો અંત આવવો જોઈએ.

(૫૬) મનુષ્યે બે પ્રસંગે પોતાનું મોં બંધ રાખવું જોઈએ:
એક સામાને ગુસ્સો ચડે ત્યારે
અને બીજું પોતાને ગુસ્સો ચડે ત્યારે.

(૫૭) પૂ.આ. જીવનનું ધ્યેય એક જ છે:
V.V. સ્વને જાણી સ્વરૂપમાં સ્થિર થવું.

આત્માને જાણવો તે મોક્ષ - આત્માને ભૂલવો તે સંસાર.

જે લોકો દેહના આરોગ્ય, યૌવન અને સૌંદર્ય માટે યોગમાર્ગે વળે છે, તેઓ એ બધાના મૂળ સ્ત્રોત એવા આત્મા તરફ ખેંચાયા વિના રહી શકતા નથી.
તેઓને બાહ્ય આરોગ્યની સાથે સાથે આંતરિક આરોગ્ય મેળવવાની પણ સતત ઇચ્છા જાગ્રત થતી રહે છે.
જે રીતે દેહનું તમામ આરોગ્ય પ્રાણ અને મનમાંથી આવે છે, તેમ પ્રાણ અને મનનું આરોગ્ય પણ અમર અને અજર એવા આત્મામાંથી આવે છે.

(૫૮) દયાળુતા + સમતા + નિર્ભયતા = અહિંસા.

બ્રહ્મચર્યની સાધના માટે સંયમની સાધના જોઈએ.
મન, વાણી, દૃષ્ટિ, આહાર વગેરેનો
સંયમ એ જ બ્રહ્મચર્યમાં પરિણમે છે. અમૃતના એક બુંદ કરતાં પણ અનુભવનું એક બુંદ અધિક શ્રેષ્ઠ છે.

(૫૯) ઈતરો પંચકૃત્ય કરવા સમર્થ એવા સ્વતંત્ર ઈશ્વરતત્ત્વમાં માને છે અને તેના ભગવાન શરણાગમનને પ્રપત્તિભક્તિ કહે છે. આ પંચકૃત્ય એટલે સર્જન, પાલન, સંહાર, નિગ્રહ અને અનુગ્રહ.

ઉપસર્ગ હરવા માટે નિગ્રહકૃત્ય અને બોધિલાભ દેવાને માટે અનુગ્રહકૃત્યની આવશ્યકતા છે.

હવે કર્તૃત્વ શું છે, તે વિચારીએ. કર્તૃત્વ બે પ્રકારનું છે: (૧) સંકલ્પમાત્રથી અને (૨) કરણથી અર્થાત્ કરવાથી. કરણની અપેક્ષાએ કર્તૃત્વ ઘટકાર્યમાં કુલાલનું છે.

સંકલ્પ પણ બે પ્રકારનો છે:

(૧) મનોવ્યાપાર દ્વારા અને (૨) સંનિધિરૂપ.

મનોવ્યાપાર દ્વારા કર્તૃત્વ બ્રહ્માદિનું છે તથા સંનિધિમાત્ર વડે કર્તૃત્વ નામમંત્રનું છે.

(૬૦) ઉપાધિરહિત અને અશેષ તાદૃશ જિનશાસનના પ્રવર્તક નામમંત્રરૂપ 'પાર્શ્વ' શબ્દબ્રહ્મના પ્રયોગને માનવો પડશે. તે શબ્દબ્રહ્મના યથાવિધિ પ્રયોગનું જ નિગ્રહાનુગ્રહમાં કર્તાપણું છે. જેમ સૂર્યનું કમલમાં વિકસ્વરરૂપે, ઉત્પલમાં મુકુલભાવરૂપે, પંકમાં શોષણરૂપે, નવનીતમાં દ્રવકરણરૂપે, તે જ પ્રમાણે નામમંત્રનું સંનિધિરૂપે કર્તાપણું છે.

(૬૪) ત્રણ <u>સત્ય સંકલ્પ</u> : (1) સુમુનિ નિર્મિત મંત્રવાદ (2) દેવતાશ્રિત મંત્રવાદ (3) મંત્રાત્મક દેવતાવાદ.

મંત્રયોગથી લૌકિક - લોકોત્તર કાર્યોની સિદ્ધિ થાય છે. તેનો અંતિમ ઉદ્દેશ પરમાત્મા સાથે અંતરાત્માનું ઐક્ય સાધવાનો છે અને તે માટે ત્રણ પ્રથા પ્રચલિત છે, તેમાં નામમંત્રમાં શબ્દશક્તિ અને પુરુષશક્તિ જુદી જુદી ભાગ ભજવે છે.

(1) સત્યસંકલ્પ સુમુનિઓ એટલે એવા મુનિઓ કે જેમનામાં ઇચ્છાને સિદ્ધ કરવાની શક્તિ હોય તે. આવા સુમુનિ જ સાચા મંત્રોનું નિર્માણ કરી શકે છે. 'આ મંત્રથી આ ફળની પ્રાપ્તિ થાઓ' આ પ્રમાણે અનુસંધાન કરીને કોઈપણ ભાષા વડે મંત્રપ્રયોગ કરે તો સત્યસંકલ્પ અને વિશિષ્ટ તપના પ્રભાવે તે પૂર્ણ થાય છે, મંત્રમાં તે તે અર્થક્રિયા કરવાનું સામર્થ્ય પ્રકટે છે. જે ત્રિગુણો હોય, તે દેવાધિષ્ઠિત હોય છે.

(2) <u>દેવતા આશ્રિત મંત્રવાદ</u>

જે દેવતાને આશ્રિને મંત્રપ્રયોગ થતો હોય, તે મુજબ પુરુષને અનુગ્રહીત કરે. વૈયાવચ્ચગરાણં આદિ દેવતાની મંત્રજાપ - કાઉસ્સગ્ગ આદિ દ્વારા આરાધના થાય છે. તેમના અનુગ્રહથી સર્વ ઉપદ્રવો દૂર થાય છે.

## (3) મંત્રાત્મક દેવતાવાદ

મંત્ર અને તેના દેવતા કથંચિત્ અભિન્ન છે, તેથી
દેવતામંત્ર સ્વરૂપિણી અને પદમયી ઈત્યાદિ છે.
ધ્યેય વસ્તુરૂપે વિદ્યમાન ન હોય અને તેના બોધરૂપે
ઉપલબ્ધ હોય છે, તેથી ધ્યેયના વાચક પવિત્રપદની
મુખ્યતાવાળા આલંબન દ્વારા ધ્યેય સાથે ઐક્ય સાધીને
પદસ્થ ધ્યાન સિદ્ધ કરવું, તેમાં
શબ્દશક્તિ અને પુરુષશક્તિવાળું આલંબન હોય છે.
મંત્ર જ્યારે સકલ અવસ્થામાંથી પસાર થઈ નિષ્કલ
અવસ્થાને પ્રાપ્ત કરે, ત્યારે બિંદુમયથી દેવતા ઈત્યાદિ.
પ્રભુશક્તિની સહાયથી શુદ્ધ થયેલ
મંત્રશક્તિ સુષુમ્ણારૂપ મધ્યમાર્ગનો આશ્રય લઈને પછી
ક્રમશઃ ઉર્ધ્વગમન કરે છે.
પુરુષશક્તિ એ મુદ્રામંડલરૂપ બાહ્યપરિકર છે અને
નાદબિંદુ એ કલારૂપ અભ્યંતરપરિકર છે.
શબ્દ, અર્થ અને પ્રત્યયની એકતા, તે શબ્દશક્તિ છે.
આત્મા, મન અને પ્રભુની એકતા, તે પુરુષશક્તિ છે.
શબ્દશક્તિ અનિર્વચનીય તેજોરૂપ હોય છે, તે
વર્ણ વિચ્યુતિ થઈ અનાહત અવસ્થાને પ્રાપ્ત થાય છે,
ત્યારે તેમાંથી જ્યોતિ ઉત્પન્ન થાય છે.

(૬૨) વ્યવહારશુદ્ધિ માટે કૃતજ્ઞતા અને પરોપકાર - બે ગુણનું પાલન આવશ્યક છે. કૃતજ્ઞતાગુણથી પ્રમોદભાવ જળવાય છે, પરોપકારગુણથી કરુણાભાવ સચવાય છે. ભાવશુદ્ધિ માટે આત્મૌપમ્ય તથા પરમાત્મૌપમ્ય જરૂરી છે.

આત્મૌપમ્યભાવ મૈત્રીપોષક છે તથા
પરમાત્મૌપમ્યભાવ માધ્યસ્થ્યપોષક છે.

તે માટે અહિંસા અને અનેકાન્ત - બે મોટાં સાધન છે.

અહિંસા વડે આચારશુદ્ધિ કેળવાય છે અને
અનેકાન્ત વડે વિચારશુદ્ધિ કેળવાય છે.
આચારશુદ્ધિ વડે વ્યવહારનય અને
વિચારશુદ્ધિ વડે નિશ્ચયનય આરાધાય છે.

શેના વડે શેની રક્ષા થાય ? કયા ભાવનું કયું મૂળ ?

(૧) અહિંસા વડે મૈત્રીભાવની રક્ષા થાય છે.
(૨) અનેકાન્ત વડે માધ્યસ્થભાવની રક્ષા થાય છે.
(૩) કૃતજ્ઞતા વડે પ્રમોદભાવની રક્ષા થાય છે.
(૪) પરોપકૃતિ વડે કરુણાભાવની રક્ષા થાય છે.
(૫) આત્મૌપમ્યભાવનું મૂળ મૈત્રી અને અહિંસા છે.
(૬) પરમાત્મૌપમ્યભાવનું મૂળ માધ્યસ્થ્યભાવ છે અને
માધ્યસ્થ્યભાવનું મૂળ અનેકાન્ત છે.

## (૬૩) શેના વિચારથી શેનો પ્રતિકાર ?

વસ્તુના વિચારથી રાગદોષનો પ્રતિકાર થાય છે, મુક્તિના વિચારથી દ્વેષદોષનો પ્રતિકાર થાય છે અને આત્માના વિચારથી મોહદોષનો પ્રતિકાર થાય છે. વસ્તુનો અવિચાર તીવ્ર રાગને, મોક્ષનો અવિચાર તીવ્ર દ્વેષને અને આત્માનો અવિચાર તીવ્ર મોહને સૂચવે છે.

(૬૪) ગામમાં જો કોઈ ચોર આવે, તો તેને પીટવાને માટે બધા તૈયાર થઈ જાય છે અને કોઈ સંત આવે, તો તેને સત્કારવા માટે વિરલ આત્માઓ તૈયાર જ રહે છે.

અધ્યાત્મવાદનો વિશ્વાસ વધવાથી શાંતિ અનુભવાય છે, તેનું કારણ 'ધર્મનું બળ અધિક છે' એવો વિશ્વાસ છે. ઝઘડો અને ખંડન કરવાની જરૂર તો જ પડે છે કે ધર્મના બળ ઉપર વિશ્વાસ હોતો નથી અને અધર્મના બળ ઉપર વિશ્વાસ વધે છે. પ્રકાશની આગળ અંધકારની જેમ ધર્મની આગળ અધર્મ એ વિલીન થઈ જનારી જ વસ્તુ છે. એ વિશ્વાસ વધ્યા પછી કોઈના ખંડનની જરૂર રહેતી નથી. આવશ્યકતા રહે છે માત્ર અધ્યાત્મના અનુભવની અને તે માટે જરૂરી પ્રયત્ન અને ઉદ્યમની તથા તે ક્રિયા સ્વાધીન હોવાથી શાંતિ અર્પનારી છે.

## (૬૫) ૪ વ્યાખ્યાઓ

(૧) પુણ્યાનુબંધી પાપ: ધર્મસ્થાન આદિના આરંભમાં ઘણું પાપ, જે ધર્મસ્થાન કરતા થતાં પુણ્ય વડે છેદાય છે.

(૨) પાપાનુબંધી પુણ્ય: વિદ્યા, રૂપ, બળ, ઐશ્વર્યનો ગર્વ કરનાર સઘળાં સુખ ભલે અનીતિ તથા અન્યાયના અત્યાચારરૂપી પાપ વડે પુણ્યનો છેદ કરે છે.

(૩) પાપાનુબંધી પાપ: જંતુઘાતક, ક્રૂર અને દોષની ખાણ જેવા આ ભવમાં દુઃખી પરભવે પણ દુઃખી થાય છે.

(૪) પુણ્યાનુબંધી પુણ્ય: સત્ત્વ - શૌચમાં તત્પર, દેવ-ગુરુ બહુમાની આ પુણ્ય ભોગવતાં નવું પુણ્ય ઉપાર્જન કરે છે.

કૂપને ખોદનારો ધૂળ વડે મલિન થાય છે, કિન્તુ જળ નીકળવાથી તે કૂપના જળ વડે જ શુદ્ધ થાય છે.

## (૬૬) બાહ્યઅનુષ્ઠાનો શા માટે ?

આપણી સઘળી સાધનાઓ પરભાવથી સ્વભાવમાં જ આવવાની છે, તે માટે બાહ્યઅનુષ્ઠાનો અને સમિતિ-ગુપ્તિ આદિના પાલનની વિધિ શાસ્ત્રોમાં બતાવેલી છે. બાળના હિત માટે આપણે પ્રાર્થના કરીએ તો ઉચ્ચ શુભ ભાવનાઓના બળે ઉગ્ર પુણ્યાનુબંધી પુણ્ય બંધાય, જેના પ્રભાવે પરહિત માટેના સાધનો આપોઆપ મળી આવે છે.

(૫૭)अतद्रूपताख्यानं मलः। मलं अज्ञानं, तस्य अतद्रूपता-
ख्यानं मलग्रन्थिः संकीर्त्यते । निरन्तरयोगाभ्यासेन
विषयानुरागरूपमलरहितत्वं संपद्यते ।

ભાવાર્થ: અતદ્રૂપતા ભાન એ અજ્ઞાનતારૂપી મળ છે.
બીજો વિષયાનુરાગ જન્મે છે.

મળના બે પ્રકાર

બુદ્ધિનો મળ એટલે તદ્રૂપતાવિષયક શંકાનું ઉત્થાન
અને મનનો મળ એટલે શંકાનું ચિન્તન.
ઉભય પ્રકારનો પ્રતિકાર તદ્રૂપતાના જ્ઞાનથી થાય છે.
સાધક જ્યારે બુદ્ધિ અને મનના મળથી મુક્ત થાય છે,
ત્યારે તેને દૈવત્વ પ્રાપ્ત થાય છે.
'દૈવત્વ' એટલે આત્મસ્વરૂપ - દિવ્યતાની પ્રાપ્તિ.
दिवु क्रीडायाम् प्रकाशने वा।
આત્મગુહામાં ક્રીડા કરવી, રમણ કરવું અથવા
વિશુદ્ધ જ્ઞાનનો પ્રકાશ થવો, તે દૈવત્વ છે.
બુદ્ધિ તથા મનનો મળ જવાથી આત્મપ્રકાશ પ્રાપ્ત થાય
અને જ્ઞાન અને વૈરાગ્યના અભ્યાસ વડે
અજ્ઞાન અને રાગરૂપી મળ નાશ પામે છે.
(૫૮) अनिर्वेद એ આરોગ્યનું શ્રેષ્ઠ લક્ષણ છે.

નિર્વેદનો અભાવ એટલે મનની સ્ફુર્તિ, મનનો ઉત્સાહ,
- પ્રસન્નતા. મન એ જ મનુષ્યના બંધ-મોક્ષનું કારણ છે.

મન બંધાયેલું છે, તો મનુષ્ય બંધાયેલો છે.

મન મુક્ત છે, તો મનુષ્ય મુક્ત છે.

સૌમનસ્ય = મનનો અતિહર્ષ. દૌર્મનસ્ય = હર્ષરહિત મન.

વિષાદોરોગવર્ધનાનામ્ ।

શોકઃ શોષણાનાં । પ્રશમઃ સર્વપથ્યાનાં ।

પ્રશમ = પરમ શાંતિ. શાંતિ એટલે ક્ષોભ વિનાનું મન.
મનની પરમ શાંતિ જેવું અન્ય કોઈ પણ પથ્ય નથી.

(૫૯) ધર્મ એ ફરજ ઉપર ભાર મૂકે છે.

ફરજ = કર્તવ્યકર્મ, નૈતિક તથા આધ્યાત્મિક જવાબદારી.
અનુગ્રહ = કોઈપણ કારણ વિના પ્રભુની સ્નેહાસક્તિ,
વાત્સલ્યપ્રવૃત્તિ. નવનીત એ સ્નેહનું પ્રતીક છે. ભગવાન
માટે પ્રેમ અને ભગવાનનો પ્રેમ - એ બે વચ્ચે ફરક છે.
પ્રથમ પ્રેમ એ ભક્તિ અને બીજો પ્રેમ એ અનુગ્રહ છે.

એક ભક્ત અને બીજો હરિ છે.

ભગવાનમાં ચિત્તવૃત્તિનો નિરોધ એ યોગ છે.

'સત્યં પરં ધીમહિ ।'

અર્થાત્: સત્યરૂપ પરમાત્માનું ધ્યાન ધરીએ છીએ.

21-11-70, Rajkot

(૭૦) નવકારનો વાચ્યાર્થ આત્મપ્રદેશોમાં વ્યાપ્ત થાય,
ત્યારે સમાપત્તિ થાય છે અને
પૂર્ણ શાંતિ અને સમત્વનું વેદન થાય છે.
બિંદુ-કલામાંથી સર્વ લિપિ તથા શબ્દો વગેરે ઉદ્‌ભવે છે.
બિંદુના ધ્યાનમાંથી અર્ધમાત્રા અને અમાત્રમાં પ્રવેશ થાય છે.
જાપ અને ધ્યાન પછી અતિ સાત્ત્વિક
આનંદ - આહ્‌લાદ - અહ્‌લાદનો લાભ સ્પર્શે છે.
અનાહત નાદ બિંદુરૂપે ધ્યાનમાં રહીને
પછી જ્યોતિસ્વરૂપ બને છે.
હું શૂન્ય બનું, તે જ પૂર્ણનું કાર્ય છે
અને એવા કરુણાથી પૂર્ણ (સિદ્ધો) ઉપકાર કરી રહ્યા છે.
'હું કાંઈક કરી શકું' એવા ભાવને બદલે
અનંતા સિદ્ધો અને અનાદિ ચૈતન્ય
જે કાર્ય કરી રહેલ છે, તે કાર્યમાં જ લીન બનીને
ઉપરાંત મૌન અને એકાંતમાં રહીને તેમની અસીમ
કરુણાનો અનુભવ કરવો એ જ એક કર્તવ્ય છે.

o

It is an endless and eternal
thanks giving and gratitude attitude.

Dt. 4/12/70

(૭૧) જાપનું અંત: શ્રવણ એટલે...

Imp મન-બુદ્ધિને તદ્દન શાંત કરીને આત્મામાં આત્માથી થતો જાપ અને તેનું શ્રવણ પછી જ્યોતિદર્શન. જ્યોતિમાં અભેદ પ્રણિધાન એટલે સંપૂર્ણ સમતાપૂર્વક એક અક્ષરનો બિંદુ ધ્યાન. શાંત-ચિત્ત થવાથી અનાહતનું સંગીત સંભળાયા બાદ ચૈતન્ય સાથેનો અભેદ વધુ સમય રહે છે, જ્યોતિના પ્રકાશમાં ષટ્ચક્રોનું દર્શન થાય છે.

*The joy of giving in life is one of the greatest joys in life.*

એ સ્થિતિ પછી કોઈપણ અવસ્થામાં દુઃખ અથવા સુખ જેવું રહેતું નથી. આંતરિક સાધનામાં નિર્વિકલ્પદશાના અભ્યાસની થોડીવારની પણ તે સ્થિતિ આંતરિક દશામાં અપૂર્વ વેગ આપે છે.

(૭૨) આરાધ્ય, વિશ્વાસપાત્રતા અને ઔચિત્યભાવના મંત્રસિદ્ધિમાં સહકારી કારણ છે.

°

*The God in which we must believe is deep within ourselves. Believe in your divinity.*

શબ્દ, અર્થ અને પ્રત્યયને પરસ્પર સંબંધ છે.

'શબ્દથી અર્થની પ્રતીતિ થાય છે' એટલે...

દૂર રહેલ પદાર્થ પણ શબ્દના બળથી વિમર્શરૂપે આંતરિક માનસ આકૃતિરૂપે પ્રતીત કે ઉપસ્થિત થાય છે. પદને પદાર્થની સાથે વાચ્ય-વાચક સંબંધ છે. પદના ઉચ્ચારણ, સ્મરણ, ધ્યાનથી વાચ્યપદાર્થની પ્રતીતિ થાય છે. શબ્દાનુસંધાનથી અર્થાનુસંધાન, અર્થાનુસંધાનથી તત્ત્વાનુસંધાન અને તત્ત્વાનુસંધાનથી સ્વરૂપાનુસંધાન થાય છે. સંભેદ પ્રણિધાન એટલે સંબંધ અથવા સંશ્લિષ્ટ ભેદ અને તે જ વાચક વડે વાચ્યના સંસર્ગને સૂચવે છે. ગુરુ પરંપરાગત આચારનું અનુસરણ તે 'આમ્નાય' છે.

'વિશ્વાસ બાહુલ્ય' એટલે...

મંત્રપ્રદાતા અને મંત્રશાસ્ત્રમાં અત્યંત વિશ્વાસ. તાત્ત્વિક વિમર્શ = ગુરુ, મંત્ર, દેવતામાં અભિન્નત્વની ભાવના. અભિન્નત્વની ભાવનાથી મંત્રચૈતન્ય શીઘ્રપણે પ્રકટે છે. સ્વાભાવિક સામર્થ્યસમવાયમાં | શબ્દમાં અર્થને કહેવાનું સ્વાભાવિક સામર્થ્ય છે અને તે સંકેત મુજબ કરે છે. સંકેત આમ્નાયને કરે છે, આમ્નાય ગુરુ પરંપરાને કરે છે. ગુરુ આપ્તપુરુષ છે, આપ્તતાના કારણે વિશ્વાસ બેસે છે.

'મંત્રપ્રદાતા ગુરુની શક્તિમાં અને
મંત્રના વર્ણ-પદોમાં અચિન્ત્ય સામર્થ્ય રહેલું છે'
એવી શ્રદ્ધા અને વિશ્વાસ તે વિશ્વાસ ભાવુકતા છે.
બીજું મહાન સહકારી કારણ અભેદભાવન છે.
અર્થના પ્રત્યયની સાથે આત્માનો અને આત્માની
સાથે દેવતા અને ગુરુતત્ત્વનો અભેદ રહેલો છે, આમ
ચૈતન્યનું ભાવન આત્મજ્ઞાનનું સાક્ષાત્ કારણ બને છે.
મંત્રમાં શબ્દશક્તિ, બુદ્ધિશક્તિ અને પ્રત્યયની સાથે
અભેદબુદ્ધિ જરૂરી છે. શબ્દ, અર્થ, પ્રત્યય અને ધ્યાતાનો
બુદ્ધિની સાથે અભેદ મળીને પોતાનું કાર્ય કરે છે.
મંત્રજાપના અભ્યાસથી રજો-તમો મળ દૂર થાય છે,
ઇડા-પીંગળા ચાલી જાય છે તથા સુષુમ્ણા ખૂલે છે.
પ્રભુશક્તિની સહાયથી શુદ્ધ થયેલ મંત્રશક્તિ ઊર્ધ્વ-
ગમન કરે છે. આ અવસ્થામાં અનાહતનાદના અનુભવનો
પ્રારંભ થાય છે. તેને મંત્રચૈતન્યનો ઉન્મેષ થયો કહેવાય છે.
(૧૩) ચક્રપદ વડે વાયુનું સાતિશય પ્રતિબંધન થાય છે.
'મંત્રચૈતન્ય' એટલે પ્રભુમય નાદશક્તિનો આવિર્ભાવ.
નાદાન્તના ભેદન પછી દેહાત્મભાવ સર્વથા નાશ પામે છે,
તેથી આત્માની મહાન શક્તિઓનો અનુભવ થાય છે.

અક્ષર = મોક્ષ, ક્ષર = કેવળજ્ઞાન.
એ બંનેનો એક લૌકિક અર્થ પણ અક્ષરક્ષર છે.
માતૃકાની ઉત્પત્તિ નાદમાંથી થાય છે.

સન્નિપાત, વિનિપાત અને પ્રણિપાત

સન્નિપાત - ઘેરાવ - દ્રવ્યસંકોચ = દેહ - પ્રાણ.
વિનિપાત - વામન - ભાવસંકોચ = મન.
પ્રણિપાત - બિન્દુવશ્યતા = આત્મા.
Circle = વૃત્ત = ઇતિ.

સમનસ્ક પરિક્રમા = ઇતિમાંથી છૂટવા પ્રથમ વૃત્તમાં આવવું, પછી સન્નિપાત, વિનિપાત તથા પ્રણિપાત. Diameter = straight line in a circle = 180°. Right angle = 90°. Radius is a line from centre to circumference = 90° = જ્યા.
ઇતિમાંથી વૃત્તમાં, વૃત્તમાંથી જ્યામાં, જ્યામાંથી કેન્દ્ર અથવા બિંદુમાં લઈ જાય, તે નમઃ પદ છે.
નમઃ પદથી આકૃતિ નમવે મંત્ર વડે સાધ્ય સધાય છે.
મનનો સંબંધ દેહ-પ્રાણ સાથે હતો, તે છોડીને કેન્દ્ર-આત્મા સાથે કરાવવો, તે 'નમવે' મંત્રનું પ્રયોજન છે.
માટે જ કહ્યું છે કે : નમઃ ઇતિ પ્રણિપાતેન નિવૃત્તિઃ |

- જપસૂત્ર, ભાગ-૬

(૧૪) શબ્દ, અર્થ, પ્રત્યય - અહીં અનુસ્યૂત છે.

'તતઃ પરમ્ |' કાળની દૃષ્ટિએ દ્રવ્યાદિથી પર,
સ્થાનની દૃષ્ટિએ દ્વાદશાંત, લક્ષ્યની દૃષ્ટિએ ઉન્મનાતીત
દશા અને ફળની દૃષ્ટિએ પરમાત્મપદ નાદાનુસંધાનથી
નિર્વિકલ્પદશાની પ્રાપ્તિ થાય છે.

આગમદર્શન શક્તિનું મૂળ નાદ છે. તેને પરાવાક્ કહેવાય છે.
અહીંથી સ્વરો અને વ્યંજનોની ઉત્પત્તિ છે.
પ્રણવનો સ્વાભાવિક ધ્વનિ જ ઉચ્ચાર છે.
'સ' એ સૃષ્ટિબીજ છે, 'હ' એ સંહારબીજ છે.
નાદના અભ્યાસથી નાડીશુદ્ધિ, ભૂતશુદ્ધિ, ચિત્તશુદ્ધિ થાય.

વ્યુત્થાન = રાજસ - તામસ વૃત્તિઓના સંસ્કાર.
ધ્યાન = એકાગ્ર ચિત્તના સંસ્કાર.

વૈરાગ્યથી વિક્ષેપ તથા અભ્યાસથી આલસ્ય દૂર થાય છે.
વૈરાગ્ય વડે બહિર્મુખ પ્રવાહ રોકાય છે,
અભ્યાસ વડે અંતર્મુખ પ્રવાહ સ્થિર થાય છે.

તત્ર સ્થિતૌ યત્નોઽભ્યાસઃ |
ચિત્તની સ્થિતિમાં યત્ન તે અભ્યાસ.
સ્થિતિ = વૃત્તિરહિત શાંત પ્રવાહમાં વહન, પ્રશાંતવાહિતા.
તે માટે ઉત્સાહપૂર્વક અભ્યાસ આવશ્યક છે.

અભ્યાસમાં પ્રતિબંધિત તમોગુણ છે,
વૈરાગ્યમાં પ્રતિબંધિત રજોગુણનું પ્રાબલ્ય છે.
બંનેનો નિરોધ - અભ્યાસ વૈરાગ્ય વડે થાય છે.

(૭૫) અભેદ પ્રણિધાન બ્રહ્મરંધ્રમાં રહેલ છે.
તે પછીના ચક્રોમાં ભેદ પ્રણિધાન રહેલ છે.
શુદ્ધ સ્ફટિક = ઉપાધિરહિત સ્ફટિક. સતત અભ્યાસસિદ્ધ બનેલું આત્માનું સ્વરૂપ સ્ફટિક સદૃશ નિર્મળ છે.

(૭૬) ઈશ્વરથી વિમુખ થઈને કરાયેલો વ્યવહાર મનુષ્યને રડાવે છે, પરમાત્માને માથે રાખીને કામ કરો...
તો વિજય તમારો જ છે. - ડોંગરેજી

માનવભવ કેટલા મળ્યા છતાં જેણે ઈશ્વર ભજન નહિ કર્યું, તેણે સર્વસ્વ ખોયું છે પણ પ્રભુભજન અને સત્સંગ સાંપડતું નહિ, તે માટે ગુરુની - સદ્ગુરુની જરૂર પડે છે. ગુરુ જ્ઞાન આપે છે, ત્યારે જ કલ્યાણના માર્ગો ખુલે છે. ગુરુ ઉપદેશથી મન કાબુમાં આવે છે. મનનો કાબુ તનના કલ્યાણ માટે જરૂરી છે. તનવૈરાગ્ય કરતાં મનનો વૈરાગ્ય જ મુક્તિના દ્વારે લઈ જનારો છે. - પ્રિતમ

(૭૭) આ તનમાં તત્વવિચારનું તીર્થ છે.
ચૈતન્યસાગરમાં નાહ્યાનું ફળ ઘણું છે.

કદાગ્રહી કલહમાં વિશ્વનો નાશ વસે છે.
પ્રિયતમ પદને જે સ્પર્શી છે, તે તદ્રૂપ થાય છે.
'હે મનુષ્યગણો ઘણી જોઈ પ્રિયતમને ન જાણશો,
તેહ મહામહિ મૂકી પત્થરમાં હાથ ઘાલશો.'
સરિતાના પૂરની જેમ દેહનું આયુષ્ય ઓછું થાય છે.
કપૂરની જેમ દેહ ઉડી જાય છે. વાદળીના ચમક તથા
દીપકની જ્યોતની જેમ જ આપણો દેહ અસ્થિર છે.

(૭૮) સમ્યગ્જ્ઞાન એટલે...

વ્યવહાર, નિશ્ચય અને દ્રવ્ય-ભાવથી આત્મતત્ત્વનો
બોધ થાય અને પરમાત્મતત્ત્વ જેણે પ્રાપ્ત કર્યું છે
અથવા કરવા માટે પ્રયત્નશીલ છે, તેમના પ્રત્યે અને
તેમના વચનો પ્રત્યે અભિલાષા રહે તથા
તેનો જે વિશેષ બોધ-સ્પષ્ટ જ્ઞાન થાય તે સમ્યગ્જ્ઞાન.

સમ્યગ્ચારિત્ર એટલે...

પરમાત્માના ગુણોનું જ્ઞાન થવાથી તેમાં જે તન્મયતા થાય,
તે તત્ત્વપરિણતિરૂપ ચારિત્ર છે અને તે કાયમ રહેવાથી
જે સતત વિપુલ નિર્જરા થાય તે સમ્યક્ત્વ છે.
સમ્યક્ત્વ = સુખ બહાર નહિ પણ અંદર આત્મામાં છે,
એવો સામાન્ય બોધ થયા પછી વૃત્તિ અંતર્મુખ રહે તે.

most Important આપણા જેવા મહાભાગ્યવાન કોણ?
જુનામાં જુનું તીર્થ શત્રુંજય છે.
જુનામાં જુની પ્રતિમા તે શ્રી શંખેશ્વર પાર્શ્વનાથ છે.
જુનામાં જુનો મંત્ર તે શ્રી નમસ્કાર મહામંત્ર છે.
તે બધાની સાથે સંબંધ બંધાવી આપનાર ગુરૂઓના ગુરૂ તે શ્રી ગૌતમ ગણધર અને મોક્ષમાર્ગમાં પ્રત્યક્ષ સહાયકમાં સહાયક દેવ હોય તો તે શ્રી માણિભદ્ર દેવ છે.
માણિભદ્રની ભક્તિ, ગૌતમ સ્વામીની લબ્ધિ, નવકાર મહામંત્રની શક્તિ, પાર્શ્વનાથ પ્રભુની મૂર્તિ અને સકલ તીર્થશિરોમણિભૂત તીર્થ શ્રી શત્રુંજય- એ પાંચ વસ્તુ જેને જન્મથી મળી છે, તેના જેવા ભાગ્યવાન બીજા કોણ છે? શ્રી અરિહંતદેવ, તેમનું નામ, આકૃતિ, દ્રવ્ય અને ભાવ-જગતમાં એ ચારે વસ્તુઓ ચઢીયાતી વસ્તુ મુમુક્ષુઓને માટે બીજી કઈ છે? વહેલું મોક્ષસુખ જોઈતું હોય, તો તેઓએ એ પાંચે વસ્તુ ઉપર નિષ્ઠાપૂર્વકની ભક્તિ એ કલિકાલમાં કલ્પવેલડી, મરૂ- ભૂમિમાં કલ્પવૃક્ષ, અમૃતકુંભ, દ્રવ્ય-ભાવ સર્વ પ્રકારના રોગોને હરવા સંજીવની જડીબુટ્ટી, દરિદ્ર માટે રત્નદ્વીપ, ભૂખ્યાને ઘેબરના ભોજન, તરસ્યાને દિવ્ય ઉદક, પાપીઓને પરમ સુખપાત છે. આ સર્વ ઉપમાઓ તેને ઘટે છે.

(૭૯)અર્વાચીન જીવન પદ્ધતિ મહાઆરંભને પોષી રહી છે. પ્રાચીન જીવનપદ્ધતિ કેવી સુંદર હતી તે વિચારવા જેવું છે. તદ્દન નકારાત્મક વલણ અને કાર્ય માટે દિશાશૂન્ય સ્થિતિ દુઃખજનક છે. ગૃહસ્થવર્ગમાં પરસ્પર વિદ્વેષ તથા સાધુવર્ગમાં મૈત્રીભાવનો વિરહ શ્રી સંઘને અતિનુકસાન કરી રહેલ છે. અધ્યાત્મ દ્વારા આત્મશક્તિ વધારવા માટે પ્રયત્ન કરવો ખૂબ જરૂરી છે. સાધના, સ્વાધ્યાય અને સમન્વય દ્વારા જ કાર્ય કરવાની સાચી દિશા સૂઝશે.

આત્મૌપમ્ય દ્વારા વ્યવહાર સમ્યગ્દર્શન અને
પરમાત્મૌપમ્ય દ્વારા નિશ્ચય સમ્યગ્દર્શન સ્થિર કરવું.

સર્વ જીવોની હિતચિંતાપૂર્વક કરેલો
નવકારનો જાપ ભાવનમસ્કારને સ્પર્શાવી શકે.

જે ધર્મ અહિંસાને મુખ્યતા આપે, તે ભાવથી જૈન છે.

ગતાનુગતિક અનુષ્ઠાનો અને દંભપોષક વર્ણવિલાસો
કાંઈપણ નક્કર ફાયદો ન આપી શકે.

મૌન રહીને આંતરિક સાધના વધુ વેગવંતી-તીવ્ર બને,
તે તરફ લક્ષ્ય કેળવવાની જરૂર જણાય છે.

આરાધના ઉજ્જવળ બને અને પ્રતિદિન તેમાં વિકાસ થતો રહે, તે આજના આ સમયમાં કર્તવ્ય લેખાય છે.

Dt.11-12-70

(૯૦) વીતરાગ = ઇચ્છામુક્ત.

ઇચ્છા એ જ પાપ છે, સુખ-દુઃખની જનેતા છે.
વિશ્વ આપણી ઇચ્છા મુજબ નહિ પણ
નિયમ મુજબ જ પરિવર્તન પામી રહ્યું છે. એ નિયમ
પાંચ કારણોને અનુસરે છે, કોઈની ઇચ્છાને નહિ.
ઇચ્છા ઉપર જેણે વિજય પ્રાપ્ત કર્યો, તે જ ઉપાસ્ય.
ઉપાસ્ય તત્વની એ જ સાચી ઓળખાણ છે.
અરિહંત મારા દેવ છે, નિર્ગ્રન્થ મારા ગુરુ છે.
તેમણે કહેલું તત્વ તે જ મારો ધર્મ છે.
ઇચ્છારૂપી અરિનો જેણે નાશ કર્યો છે અને
સાચા અર્થમાં જેણે વીતરાગપદ પ્રાપ્ત કર્યું છે,
તેની ઉપાસના એટલે દેવતત્વની ઉપાસના છે.
'નિર્ગ્રન્થ' એટલે મૂર્છારહિત. તીવ્ર ઇચ્છાનું નામ 'મૂર્છા' છે.
ઇચ્છા ઉપર જેને મૂર્છા નથી, તે નિર્ગ્રન્થ છે.
ઇચ્છારહિત થવું, તે માટે મૂર્છારહિત બનવું તે જ તત્વ છે
અને તેનું જ નામ મુક્તિ માટેનો ધર્મ છે.
ઇચ્છારહિત થવાની ઇચ્છાથી ધર્મ શરૂ થાય છે અને
મૂર્છારહિત બનીને ઇચ્છામુક્ત થવાય છે.

એ માર્ગ પર જેને વિશ્વાસ છે, તે જ સાચો સમ્યગ્દૃષ્ટિ છે.
<u>સ્વરાગનો તે ઉપાસક છે અને વીતરાગનો તે સેવક છે.</u>

'સ્વરાગ' એટલે ઇચ્છાની ઇચ્છાનો અભાવ.

'વીતરાગ' એટલે ઇચ્છારહિત અવસ્થા.

ઇચ્છારહિત થવાની ઇચ્છાના ધ્યેયથી ઇચ્છારહિત દેવની - મૂર્છારહિત ગુરુની ઉપાસનાપૂર્વક ઇચ્છારહિત થવાના પદને પામવાની ઇચ્છાથી જે દાન આપે છે, શીલ પાળે છે, તપ કરે છે અને ભાવ સેવે છે, તેવો ધર્મી જ સાચો ધર્મી અને મોક્ષગામી છે.

(૧)સત્ય સંકલ્પ - સુમુનિઓ એટલે જેમનો સંકલ્પ સત્ય છે, તેવા મુનિવરો. સંકલ્પ એટલે ઇચ્છા, તેને સિદ્ધ કરવાની શક્તિ જેમનામાં છે, તે ઋષિ - મુનિઓ. ઇચ્છાને સિદ્ધ કરવાની શક્તિ જે મુનિવરોમાં રહેલ છે, તે મુનિઓ 'સત્ય સંકલ્પવાળા મુનિઓ' કહેવાય છે.

(૨)'જૈન માત્ર આશ્રવ - બંધથી ડરનારો અને સંવર-નિર્જરાનો પ્રેમી તથા મોક્ષની અભિલાષાવાળો હોય' તેનો અર્થ તે અરિહંત - સિદ્ધ - સાધુ અને ધર્મરૂપી મંગળને માનનારો હોય. જે સાધક સ્વ પુરુષાર્થથી મળેલું પણ ભોગવે નહિ, તેને તપધર્મની આરાધના થાય છે.

(૯૩) <u>શાસ્ત્રસિદ્ધાંતની પ્રધાનતા</u>

શાસનની આરાધનાના કોઈપણ અંગ પ્રત્યે ઉપેક્ષાભાવ ન આવવો જોઈએ અને શાસ્ત્રાધારોના સુમેળને લક્ષ્યમાં રાખીને જ વિચારણા વગેરે કરવા જોઈએ.

વ્યક્તિગત રુચિ - અરુચિના પ્રશ્નને ગૌણ બનાવવો જોઈએ તથા શાસ્ત્રસિદ્ધાંત શું કહે છે, તેને જ પ્રધાનતા આપવી જોઈએ.

મોક્ષના અસંખ્ય યોગોમાંથી એકપણ યોગ પ્રત્યે ઉપેક્ષા ન આવી જાય, તેની પૂરેપૂરી કાળજી રાખવી જોઈએ.

(૯૪) સિંહનું એક દિવસનું જીવન

ઘેટાંના સો દિવસના જીવન કરતાં વધુ લાંબું હોય છે.
જીવનમાં કદી કંટાળશો નહિ - ભૂલોથી કદી હારશો નહિ.
પ્રત્યેક ભૂલ સુધારવાની અમૂલ્ય તક લેખશો.

દુનિયા જેવી છે તેવી સ્વીકારી લેવામાં અનંત સુખ, અપૂર્વ શાંતિ અને વિપુલ સમૃદ્ધિ પ્રાપ્ત થાય છે.

ખરી જરૂર દુનિયાને બદલવાની નહિ, પરંતુ પોતાની વિચારધારાને યોગ્ય વળાંક આપતાં શીખવાની છે. યોગ્ય વિચારધારા વડે જગત જેવું છે, તેવું જ જોવાથી સંવેગ તથા વૈરાગ્યરસની છોળો અનુભવી શકાય છે.

(૯૫) અરિહંતાદિ પરમેષ્ઠિઓને ભાવ-નમસ્કાર - નિશ્ચયથી આત્મા તેમને દ્રવ્ય - ભાવનમસ્કાર કરવાથી સર્વ પાપનો નાશ અને સર્વ મંગળોનો લાભ થાય છે.

નમસ્કારના પરિણામને પામેલો આત્મા-
તે જ નિશ્ચય નમસ્કાર અર્થાત્ દ્વાદશાંગનો સાર છે.
તે પરિણામની પ્રાપ્તિ નામાદિ નિક્ષેપો વડે અરિહંતાદિ પરમેષ્ઠિઓને આત્મા તેઓનું ધ્યાન કરવાથી થાય છે.

નામથી ભાષ્ય - ઉપાંશુ - માનસ જાપ થાય છે.
આકૃતિ વડે પદાર્થ - વાક્યાર્થ આદિનું ચિન્તન થાય છે,
દ્રવ્યનિક્ષેપ વડે તત્ત્વનું જ્ઞાન થાય છે અને
ભાવનિક્ષેપ વડે સ્વરૂપનો બોધ થાય છે.
એ રીતે ભાવનમસ્કારથી સાચે નિક્ષેપાનું દર્શન એ નિશ્ચય નમસ્કારની પ્રાપ્તિનું મુખ્ય સાધન બને છે.

(૯૬) કબીર કહે છે કે:

'સુરત' શબ્દ મેલા ભયા, કાલ રહા ગતિ મૌન.
ચૈતન્યનું મિલન શબ્દ સાથે થઈ ગયું અને એ પછી કાળે મૌન ધારણ કરી લીધું. જેમ સાધકોમાં બનતું રહે છે. ચેતનાનું મિલન શબ્દના ધ્વનિ સાથે થઈ જાય, પછી એ કાલાતીત બની સમયની પાર ચાલી જાય છે.

જે પ્રજા પાસે આવું ઉત્તમ સાહિત્ય હોય એ ગમે તેવા
પરાધીનતાની કુંઠા પણ સ્વતંત્રતાનો શ્વાસ લઈ શકે છે,
બંધનો વચ્ચે પણ સ્વતંત્રતાની આબોહવા માણી શકે છે.

હિંદુ પૂજે દેહુરા, મુસલમાણું મસીતિ;
નામે સોઈ સેવિયા, જહ દેહુરા નમસીતિ... (૬) - નામદેવ

હિંદુ મંદિરની અને મુસલમાન મસીદની પૂજા કરે છે
અને ઈશ્વરને વિસારે છે, તેથી નામદેવ કહે છે: બંનેની
પૂજા છોડીને અંતર્યામી જે ભગવાન છે, તેની તરફ વળો.

નામદેવ, નાનક, કબીર અને તુલસી -
બધાનું કહેવું લગભગ મળતું આવે છે.
જ્ઞાનદેવ જ્ઞાની, નામદેવ પ્રેમી, એકનાથ શાંત,
તુકારામ વિરક્ત તથા રામદાસ કર્મઠ હતાં.

(૭) અહંકારને કાપવો હોય તો સમૂહમાં લીન થવું જોઈએ.
પ્રભુનું નામ એટલે અર્થ સહિત સમગ્ર વાઙ્મય.
સમસ્ત વિજ્ઞાન એટલે ઈશ્વરની શોધ કરનારું વિજ્ઞાન.
પ્રભુનું રૂપ = સૃષ્ટિ. પ્રભુદર્શન = અધ્યાત્મ - તત્ત્વજ્ઞાન.
સર્વથી સુંદર પ્રભુનો પ્રેમ છે.
અનેક ભાવનાનાં પુટ પામીને પરિપક્વ થયેલ
વિદ્યા કે બુદ્ધિ કે જ્ઞાનનું જ નામ અનુકંપા છે.

અનુકંપાજનિત કાર્ય બુદ્ધિવિહીન હોઈ શકે,
એમ કહી માની ન શકાય. માનવે આવશ્યકતા સમજીને
અનુકંપાના લક્ષણને માનવહૃદયમાં સ્થિર કર્યો છે.
<u>પ્રેમ, કરુણા, અનુકંપા આદિ સનાતન સત્ત્વો છે. એની</u>
<u>વિરુદ્ધ તર્ક કે દલીલ એ માનવબુદ્ધિનો વિફલ પ્રયાસ છે.</u>

(૮૮) Ecology = સૃષ્ટિ સંતુલન શાસ્ત્ર.

સો વર્ષ પહેલાં આ શબ્દ જર્મન જીવશાસ્ત્રી Hegel એ
પ્રચલિત કર્યો છે. સૃષ્ટિના સમગ્ર પ્રદેશ, તથા જીવોના
પરસ્પરના સંબંધો ઉપર પ્રકાશ પાડતું આ વિજ્ઞાન છે.
ઈકોલોજીનો પ્રથમ સિદ્ધાંત interdependance કે
પરસ્પરાવલંબન છે, બીજો limitation તથા ત્રીજો
complexity = સંકુલતા - જટિલતા - સંમિશ્રતા છે.

Integreted study = એકાત્મ અધ્યયન.

પ્રકૃતિ પ્રત્યે કૃતજ્ઞતા અને બધા જીવો પ્રત્યે
આદરભાવ એ ઈકોલોજીના મૂળભૂત તત્ત્વો છે.
વિજ્ઞાને મનુષ્યને નમ્ર અને વિવેકી બનાવવો જોઈશે.
જ્ઞાન-વિજ્ઞાનની સાથે એનો ઉપયોગ કઈ રીતે કરવો,
તે અધ્યાત્મવિદ્યા શીખવે છે.

વિજ્ઞાન અધ્યાત્મથી છૂટું પડવું ન જોઈએ.

ઇચ્છાઓનું નિયમન = limitation of wants.
આધુનિક વિજ્ઞાન, અધિકાધિક ચીજોનો સંગ્રહ, ઇચ્છાઓનો
વધતો જતો વધારો વગેરે દોષો આજે પ્રજાને પીડી રહ્યાં છે.

Happiness is not something that
happens to you but something
that happens in you.

(૯) એક જ સમયે આખો સમાજ એક જ પ્રકારની
દિવ્યભાવનામાં સજાગ રહે - એકરૂપ રહે,
એ ખાતર જ પવિત્રતાનિષ્ઠ આત્મઅનુભવી મહાત્માઓએ
તીર્થયાત્રાઓ અને મહાન પર્વો યોજેલાં હોય છે.
એ મહાત્માઓની ભાવના અને એમનાં પવિત્રતાપૂર્ણ
આંદોલનો તીર્થસ્થળોએ કામ કરી રહેલાં જ હોય છે.
એવા સ્થળોએ સહજ રીતે ધ્યાન લાગી જાય છે.
જે મનુષ્યો પ્રેમ - ભક્તિ અને ભાવપૂર્વક
તથા સંતુષ્ટ થઈને તીર્થયાત્રાએ જતાં હોય છે,
તેઓને તે દરેક તીર્થસ્થળની
પવિત્રતા સ્પર્શ કર્યા વિના રહેતી નથી.
મહાપુરુષોની પવિત્રતા હજારો વર્ષોથી જનતાને તેમની તરફ
તીર્થયાત્રા અને પર્વઉજવણી દ્વારા ખેંચી રહેલી હોય છે.

- શ્રી મોટા

(૯૦) પ્રેમમાં આગ્રહ રહેય છે, દુરાગ્રહ નહિ.
મોહ-માયામાં જ દુરાગ્રહ રહેય છે. - ડોંગરેજી

(૯૧) દૈવીસંપત્તિનાં તેજસ્વી લક્ષણો

જે પુરુષ ઉત્પન્ન થયેલા ક્રોધને બુદ્ધિ વડે શમાવી શકે,
તેને જ તત્ત્વદર્શી પુરુષો 'તેજસ્વી' કહે છે.

તેજ, ક્ષમા, ધૃતિ, પવિત્રતા, અભિમાનત્યાગ, શત્રુતાનો અભાવ વગેરે દૈવીસંપત્તિનાં લક્ષણો છે. તેમની હાજરીમાં આસુરી સંપત્તિવાળાં પુરુષો ખરાબ કામ કરતાં અચકાય છે. આનું નામ 'શ્રી પુરુષોનું તેજ' કહેવાય છે. આવા પુરુષોના સંસર્ગમાં જે જે લોકો આવે, તે બધાને તેમને માટે આદર-માન ઉપજે છે. સઘળા અનર્થોના મૂળ ક્રોધ ઉપર તેઓએ વિજય મેળવ્યો છે. ધર્મ આત્માની વસ્તુ છે. તેને દેહના વેશ કે બાહ્યોપકરણો સાથે અનિવાર્ય સંબંધ નથી. લોકે લિંગપ્રયોજનમ્ । વેશનું પ્રયોજન લોકો માટે છે.

(૯૨) મનુષ્યમાત્ર અદ્વિતીય છે,

તેથી દરેકે પોતાએ ગાંઠને ગાંઠ શોધવાનું રહેય છે, માટે જાતે જાતને માટે કથંચિત તીર્થસ્વરૂપ બને છે. એ રીતે તીર્થ અને તત્ત્વની અવસ્થા કરવાથી વિષય-કષાય ઉપર વિજય પ્રાપ્ત કરવાનું કાર્ય એકદમ સરળ થઈ પડે છે.

(૯૩) પવિત્રતા અને નીતિ એ સૌથી મોટી ભલાઈ છે, એ અમર આનંદ છે.

(૯૪) વૃત્તિરૂપી સમાધિ તો અંતર્મુહૂર્ત ચઢે અને ઉતરે પણ સ્થિતિરૂપી સમાધિ તો ચોવીસે કલાક રહે. સર્વ જીવોને સમાન માની તે પ્રમાણે આદર અનુભવવું. સર્વ ભવ્યાત્મા ભાવિ પરમાત્મા છે, તેથી તેઓનું સત્કારરૂપી ચંદન-કેસર વડે પૂજન કરતાં રહેવું, તે જ સ્થિતિરૂપી સમાધિ છે.

દુઃખી વ્યક્તિ સાથે એકરૂપ થઈ જવું નહિ,

સમભાવથી સામી વ્યક્તિના દુઃખપ્રવાહને પોતામાં સમાવી લેવો, એ પણ સમાધિનો જ એક પ્રકાર કહી શકાય. મંદિર હોય, તેને પૂજનાર ન હોય, શાસ્ત્રો હોય પણ તેના અભ્યાસ કરનાર ન હોય, તો શી દશા ઉત્પન્ન થાય? કસોટી વિના સિદ્ધિ ક્યાં સાંપડે? કસોટી સિદ્ધિની જનેતા છે.

(૯૫) નમસ્કાર સર્વ પાપનો નાશ કરે છે. બધા પાપનું મૂળ આર્ત-રૌદ્રધ્યાન તથા તેનું મૂળ ઇચ્છાઓનો વ્યાઘાત છે.

નમસ્કાર મંત્ર ઇચ્છાજનિત રૌદ્રધ્યાનરૂપી પાપનો નાશ કરી સર્વ મંગળમાં પહેલું મંગળ બને છે.

તેમાં ઇચ્છારહિત વીતરાગ પુરુષોને વંદન છે તથા મૂર્છારહિત નિર્ગ્રન્થ પુરુષોને વંદન છે.

(૮૬) ઈચ્છા અને મૂર્છારહિત થવાની અભિલાષાદિ ઈચ્છા - મૂર્છારહિત થયેલા પુરુષો પ્રત્યે પૂજ્યભાવ પ્રકટાવનાર નમસ્કાર મંત્ર ઈચ્છા અને મૂર્છાજનિત અશુભ ધ્યાનોનો નાશ કરી પ્રશસ્ત ઈચ્છાઓ અને પ્રશસ્તભાવનાઓ પ્રકટાવે છે અને તે જ્યારે પ્રકર્ષપણાને પ્રાપ્ત થાય છે, ત્યારે સર્વ મંગળોમાં પ્રધાન મંગળનો લાભ થાય છે.

(૮૭) નાદનો જેટલો મહિમા છે,

એટલો જ નાદ પછી પથરાતી શાંતિનો મહિમા છે. જ્યાં કદી કોઈ અવાજ પ્રકટ્યો જ ન હોય એવા સ્થળની શાંતિ કરતાં અવાજ પછીની શાંતિ ઘણી જુદી હોય છે. પહેલાં જ્યાં માત્ર અવકાશ હોય, ત્યાં શબ્દ થયા પછી, શબ્દનો ધ્વનિ વિલીન થયા પછી મૌન અવતરે છે. મૌનમાં આગળ બોલાયેલા શબ્દો એના ધ્વનિ વિના પણ તરી રહ્યા હોય છે. કોઈ મહોત્સવના ચહેરા પરના વિષાદમાં અગાઉ બનેલી ઘટનાઓનો ઓથાર તથા કોઈના નીરવ સ્મિતમાં પ્રસન્ન શબ્દોનો ન સંભળાય તેવો મધુર રસ જોઈ શકીએ છીએ. જેમ નાદ શમ્યા પછી એના ધ્વનિનું મૌન હોય એમ કવિ નથી હોતો ત્યારે ય એની કવિતા રહેતી હોય છે.

એ કવિતાનો મહિમા ઘણો જ હોય છે.

(૯૮) શબ્દની જેમ ધ્યાન પછીનું મૌન અને ધ્યાન પહેલાંનું મૌન - એ બે વચ્ચે ઘણું અંતર છે. ધ્યાન દ્વારા નવપદમય કે પંચપરમેષ્ઠિમય આત્મા બન્યા પછી આત્મસ્વરૂપમાં જે રમણતા આવે, તે તે પહેલાં ન જ આવે. એમ સામાયિકમય બનેલો આત્મા જે રીતે સામાયિક સ્વરૂપ બને, તે રીતે તે પહેલાં ન જ બને.

आया सामाइए। आया सामाइयस्स अट्ठे।

આ બે સૂત્રો પૂરીને એમ કહેવું છે કે: સામાયિક + સામાયિકનો અર્થ બે મળીને આત્મા થાય છે. એટલે 'आया सामाइए' નહિ પણ જે રીતે સામાયિકના અર્થની અપેક્ષા રાખીને આત્માને સામાયિક કહેલ છે, તેમ આત્મામાં નવપદ કે આત્મામાં પંચ પરમેષ્ઠિ એ નવપદ કે પરમેષ્ઠિપદના ધ્યાનમાં લીન થનારની અપેક્ષાએ સમજવા. કેવળ આત્મામાં નહિ, નવપદ કે પંચપરમેષ્ઠિમાં તન્મય થયેલો આત્મા પોતે નવપદ અને પંચપરમેષ્ઠિમય બને છે અને મંગળરૂપ બનીને કર્મક્ષય - પાપક્ષયનો હેતુ થાય છે, એમ સમજવું જોઈએ. શબ્દ, શબ્દનું રટણ અને રટણ પૂર્વકનું ધ્યાન - એ ત્રણે વસ્તુ પોતાના સંસ્કાર પૂરીને આત્માને શોધ, ધ્યેય અને અભિધેયરૂપ બનાવે છે.

(૯૯) સાધનાના વૃક્ષને શ્રદ્ધાનું જળ સિંચતા રહો,
તો સિદ્ધિના અભિનવ પુષ્પો અવશ્ય ખીલે છે.

જીવને અતૃપ્ત વાસના અને અતૃપ્ત ઇચ્છા છે,
તો તે પોતાને અનુરૂપ દેહ તેવા જગ્યાએ જ જશે.
જીવને બીજ વાસના છે, તેમ અહંનો ભાવ પણ છે.
બે પ્રકારે વાસના : વસ્તુ તથા જીવનવિષયક વાસના.
अपुत्रस्य गतिर्नास्ति । એ વસ્તુવિષયક વાસનાપૂર્તિ છે.
જીવનવિષયક વાસના રોપવાથી ઋણાનુબંધ - કર્માનુબંધ
મુજબ જન્મ મળે છે. દરેકમાં ભિન્ન એક તત્ત્વ છે, જે
અવિનાશી છે. તેના કર્મો કે તેનો અહંકાર (અહં-મમબુદ્ધિ)
નાશ પામતા નથી. કર્મના ફળ તો અવશ્ય મળે જ છે.

અહં-મમ બુદ્ધિ ટળવાથી નવાં કર્મ બંધાતા નથી,
જૂના કર્મ ભોગવાઈ જાય છે, તો જીવને નિર્વાણ છે
અને તેના નીચે જણાવેલા પ્રમાણેના ઉપાય પણ છે:

પોતાના સુખમાંથી બીજાને ભાગ આપો,
બીજાના દુઃખમાં તમે ભાગ લો.
પોતાનું સુખ આપો, બીજાનું દુઃખ માંગો.
બીજાના નાનામાં નાના ઉપકારને યાદ કરી રહો,
મોટામાં મોટા ઉપકારને ભૂલી જાઓ.

જ્ઞાન = માત્ર જાણવું, વિજ્ઞાન = જાણીને તે મુજબ જીવવું.

'મને બીજા ઉપયોગી થાય' તે વિચારને બદલે
'હું બીજાને ઉપકારી થાઉં'
એ વિચાર જીવનમાં મુક્તિનો પ્રકાશ લાવે છે.

(૧૦૦) બીજાને આનંદ દેવાથી પોતાને આનંદ મળે છે.
અભયદાન પરને અને નિર્ભયતા પોતાને.
આત્મસત્તાના જ્ઞાનનું આ પ્રથમ ફળ છે.
બીજું ફળ જીવવું અને જીવાડવું છે, તે માટે
અન્ન, જળ, વસ્ત્ર, આવાસ, ઔષધાદિનું દાન - ગ્રહણ છે.
આત્મા જેમ સત્સ્વરૂપ છે, તેમ જ્ઞાનસ્વરૂપ છે.
તે સુષુપ્તિ, મૂર્છા કે સમાધિને પણ પ્રકાશિત કરે છે કે જે
વખતે બધી વૃત્તિઓ અને ઈંદ્રિયોનો ઉપસંહાર થાય છે.
ત્રીજું ફળ પોતે ન બીજાને ઠગાવું, ન બીજાથી ઠગાવું કે ન
અજ્ઞાન રહેવું કે ન બીજાની અજ્ઞાનતાનો લાભ ઉઠાવવો.
ચોથું ફળ પોતે જ્ઞાનવૃદ્ધિ કરવી તથા બીજાને કરાવવી.
પશુ - પક્ષી પણ પોતે જ્ઞાન પ્રાપ્ત કરે છે અને
તેના બચ્ચાંઓને પ્રાપ્ત કરાવે છે.
વિવિધ વિજ્ઞાન અને નિર્વિશેષ, નિરાકાર,
શુદ્ધ તત્ત્વનું પણ જ્ઞાન કરવું - કરાવવું આવશ્યક છે.

સામાન્ય, વિશેષ અને સમન્વય-

એ ત્રણે પ્રકારના જ્ઞાનની વૃદ્ધિ થવી જોઈએ.

ભિન્ન ભિન્ન વિષયોનું જ્ઞાન કરવાનાં સાધનોની

જેમ જરૂર છે, તેમ નિર્વિષય તાત્ત્વિક જ્ઞાન અને તેનાં

સાધનરૂપ તત્ત્વજ્ઞાની વીતરાગ મહાત્મા પુરૂષોની અને

તેનાં સ્થાનોની આવશ્યકતા છે.

શરીરની અંદરનું જ્ઞાન તે અધ્યાત્મ છે,

બ્રહ્માંડની સંચાલન - પ્રક્રિયાઓનું જ્ઞાન તે આધિદૈવ છે,

ભૂત-ભૌતિક વસ્તુઓનું જ્ઞાન તે આધિભૌતિક જ્ઞાન છે,

સર્વથી વિલક્ષણ અદ્વિતીય આત્મજ્ઞાન તે પરમાર્થજ્ઞાન.

આત્મા આનંદસ્વરૂપ છે.

પોતાની જાત પ્રત્યે અનવરતપ્રિયતા એ તેનું લક્ષણ

દુઃખદ્વિષ્ટતા તથા સુખપ્રિયતા સર્વ સાધારણ છે.

દુઃખ એ વિજાતીય છે, કેમકે તે

શરીરના કાંટા કે આંખની રજકણની જેમ સદા ખટકે છે,

તેથી કોઈને દુઃખી કરવું નહિ - પોતે દુઃખી થવું નહિ,

એ પ્રથમ ધર્મ છે તથા બીજો ધર્મ છે :

પોતે સુખી થવું અને બીજાને સુખી કરવા તે.

સુખના સાધન અનેક છે :

ભજન - ધ્યાન, ભગવત્ પ્રેમ, ધર્મચર્ચા,
ગીત - નૃત્ય - વાજિંત્ર, તપ - ત્યાગ વગેરે.
શુભ એ આત્મધર્મ છે, તેથી
તે જે જે ઉપાયે મળે, તે બધા ગ્રાહ્ય - સ્વીકાર્ય છે.
આત્મા અદ્વૈત છે. ભેદભાવ કરવો - કરાવવો તે અધર્મ છે.
સર્વમાં એક અને એકમાં સર્વને જોવા તે ધર્મ છે.
અભેદભાવ ભાવવાથી ભય, અરતિ, શોક, અભિમાન,
રાગ - દ્વેષાદિ વૃત્તિઓ વગેરે વિલીન થઈ જાય છે.
પોતાના પ્રત્યે જેવો વ્યવહાર ઇચ્છીએ, તેવો જ
બધા પ્રત્યે કરવો, એ અદ્વૈતભાવનું પરિણામ છે.
જીવ અનેક છે પણ બધા જીવમાં આત્મા એક છે.
આત્મા એટલે કે Soul, Spirit, Life - બધામાં
એક છે, એકજાતીય છે, જે શત્રુમિત્રભાવનો છેદ ઉડાડે છે.
(૯૦૪) ભગવાનનું નામ તે ભગવાન પોતે છે. જિહ્વા પર
તે આવે, તેની સાથે જ ભગવાનના ગુણો : કરુણા,
દયા, પ્રેમ, અહિંસા, અસ્તેયાદિ આપણી અંદર આવે છે.
મુખમાં નામ આવતાંની સાથે જ
'હું પવિત્ર છું' એ ભાન થવું જોઈએ.
નામ તથા નામી - તે બન્ને એક જ છે.

નામજપની સાથે 'ભગવાન હૃદયમાં આવી રહ્યા છે, તેમની ઝાંખી હૃદયમાં થઈ રહી છે' એમ લાગવું જોઈએ. 'પ્રભુનું નામ સર્વશક્તિમાન છે' એ વિશ્વાસ ઉપર નિર્ભર અને નિર્ભયપણે રહેવું જોઈએ. ભગવાનની શરણાગતિ મળવામાં ભગવાનની અહૈતુકી કૃપા કારણ છે. નિન્દા-સ્તુતિ, માનાપમાન નામરૂપના છે, આત્માના નહિ. એથી આત્માને કાંઈ લાભ કે હાનિ થતી નથી. પ્રભુસેવક વિષયનો ગુલામ બનતો નથી, અહંકાર-મમકાર કરતો નથી. અનુકૂળ વિષય ન મળવા પર ચિત્તમાં જે ક્ષોભ થાય છે, તે વિષયની ગુલામી સૂચવે છે. પ્રભુ માટે જે રૂદન કરે, તેને જગત અને તેના પદાર્થો માટે રોવું મટી જાય છે.

## સાધનામાં વિઘ્નભૂત ૩ ચીજ

અર્થ, કામ અને માન - એ ત્રણેની ઇચ્છા.
એ ત્રણે કચરાને હૃદયમાં સ્થાન ન આપી
ભગવાનના આગમન માટે હૃદયભૂમિ સ્વચ્છ રાખો.

જે ભોગીને ઊંચા સમજે તે અભાગી છે,
ત્યાગીને ઊંચા માને તે સૌભાગી છે.

ભોગ તુચ્છ છે, ત્યાગ ઉચ્ચ છે. ભોગની પાછળ અજ્ઞાન અને અવિદ્યા છે, ત્યાગની પાછળ જ્ઞાન તથા વિદ્યા છે.

ભક્તિ નહિ પણ પ્રીતિથી પ્રભુનું સ્મરણ કરો. સેવકનું જીવન ભગવાનનું જીવન છે, તેથી તેને ભગવત્સેવા સિવાય અન્ય ભાન કાર્યમાં જોડવું જોઈએ નહિ. વિષયચિન્તનનું સ્થાન ભગવત્ચિંતન લે, ત્યારે જ સાધનાનો પ્રારંભ થાય. વિષયપ્રાપ્તિમાં પ્રારબ્ધ બાધક છે, ભગવત્પ્રાપ્તિના પ્રબળ ઇચ્છુકને પ્રારબ્ધ અનુકૂળ થાય છે. આંતરિક સંપત્તિનું મૂલ્ય બાહ્યસંપત્તિ કરતાં અધિક છે. અંતર્મુખ વૃત્તિવાળાને ધન, માન, ગૌરવ, પ્રતિષ્ઠા, સુખચેન વગેરે સર્વ બાહ્યવસ્તુનો અભાવ શાંતિપ્રદ બને છે.

જ્યાં બધા ઉપાય નિષ્ફળ નિવડે છે,

ત્યાં પ્રભુપ્રાર્થના અમોઘ - અચૂક ફળ દેવાવાળી બને છે. ભગવદ્વિષયક તીવ્ર વિરહ જો રહે, ત્યાં શીઘ્ર યોગ થાય. મનુષ્ય ત્યાં છે, જ્યાં એનું મન છે. અભિમાનરહિત શુભકર્મથી અંતઃકરણની અશુદ્ધિઓ ધોવાઈ જાય છે.

જાગ્રત તે છે કે જે વર્તમાનમાં સજાગ છે.

જીવે તે છે કે જે વર્તમાન ક્ષણમાં જીવે છે.

'ભગવાન ક્યારે મળશે' એ પ્રશ્ન ભક્તનો, 'હું કોણ?' એ જિજ્ઞાસુનો, 'ભગવાન - આત્મા કેવી રીતે મળે?' તે યોગીનો પ્રશ્ન છે. જ્યાં સંકલ્પ ત્યાં સંસાર છે તથા

જ્યાં સંકલ્પનો અંત, ત્યાં સંસારનો અંત છે.

(૯૦૨) ઈશ્વરની સમીપ જવાના બે ઉપાય છેઃ

લોકોની અનાસક્તિ અને ઈશ્વરની અનુરક્તિ.

પ્રભુપ્રાપ્તિના બે ઉપાય છેઃ

વિષયોથી વિરક્તિ અને ઈશ્વરની ભક્તિ.

પશુ = પાશબદ્ધ જીવ. પશુને નિયમનમાં રાખનાર પશુપતિ છે.

સાચી નિર્લેપતા માનસિક કીચળના ત્યાગમાં છે. કષાયથી લેપ (બંધ) થાય છે અને કષાય માનસિક કીચળરૂપ છે.

કષાયાદિક વિકારના અનેક પ્રકાર છે.

તેનું વર્ગીકરણ કરીને રાગ-દ્વેષ બેમાં સમાવ્યા છે.

રાગ-દ્વેષવૃત્તિથી ભવ અભાવરૂપમાં પરિવર્તિત થાય છે.

કષાયનો નિગ્રહ તે ચારિત્ર છે,

તેમાં મનોનિગ્રહ, ઇંદ્રિયજય, ચિત્તશુદ્ધિ, સમભાવ અને એ માટેના સઘળા ઉપાયોનો સંગ્રહ છે.

મનોનિગ્રહ ઇંદ્રિયજયથી થાય છે અને

ઇંદ્રિયજય માટે સાત્ત્વિક યત્ન તે કર્મમાર્ગ છે.

ચિત્તશુદ્ધિ અને તે માટે થતી સત્પ્રવૃત્તિ તે યોગમાર્ગ છે.

સમ્યક્ચારિત્રમાં એ બે નો સંગ્રહ છે.

સમ્યગ્દર્શન એ ભક્તિમાર્ગ છે.

ભક્તિમાં શ્રદ્ધાની પ્રધાનતા છે, સમ્યગ્દર્શન શ્રદ્ધારૂપ છે.

આ રીતે રત્નત્રયમાં જ્ઞાન, ભક્તિ, કર્મ અને યોગ-
એ ચારે માર્ગનો સમાવેશ થઈ જાય છે.

(૯૦૩) કર્મનો અટલ નિયમ સ્વીકારવાથી વર્તમાનમાં કષ્ટ સહન કરવાની શક્તિ તથા ભવિષ્યમાં જીવન સુધારવાની પ્રેરણા મળે છે. પ્રત્યેક ક્રિયાની પ્રતિક્રિયા હોય છે.
શરીર-રૂપ-રંગાદિની ભિન્નતામાં પણ ચેતનાની સમાનતા છે.
એ ચેતના જેનો ગુણ છે, તે આત્મા છે.
તે નિત્ય - અજર - અમર છે. તેને 'બ્રહ્મ' પણ કહે છે.
વિશ્વના હિતમાં પોતાનું હિત અને પોતાના હિતમાં વિશ્વનું હિત સંકળાયેલું છે. આ દૃષ્ટિથી વિચારોમાં ઉદારતા અને સમન્વય શક્તિ અધિક પ્રકટે છે.
કર્મનો સિદ્ધાંત મનુષ્યની દૃષ્ટિને વિશાળ બનાવે છે અને સંસારમાં સુખ-શાંતિના માર્ગનો પ્રસાર કરે છે.
તીર્થંકરો સિદ્ધાંતોનું પ્રતિપાદન કરે છે,
એને પાલન કરવા માટે આદેશ આપતા નથી.
તીર્થંકરોની પૂજા, નામસ્મરણ, ભક્તિ આદિ એમના જીવન અને ઉપદેશોમાંથી પ્રેરણા મેળવવાની દૃષ્ટિથી હોય છે.
ચિત્તમલિનતા દૂર થવાથી આત્મશુદ્ધિ થાય. મન-વચન અને કાયાના નિયંત્રણથી થતી આત્મશુદ્ધિ તે 'તપ' છે.

## અલગ પ્રકારે તપ

અનુચિત કાર્યોનું પ્રાયશ્ચિત કરવું, ફરી એવું ન કરવાનો સંકલ્પ, સદ્ગુણ વધે અને તેનો ઉપાર્જન કરવા માટે પ્રેરણા મળે તેવાં વિનય-વૈયાવચ્ચાદિ કાર્યો, સદ્ગુણ વધે તેવો સ્વાધ્યાય, ચિત્તની એકાગ્રતા વધે અને મમત્વાદિ ઘટે તેવો પુરુષાર્થ - તે તપના જ પ્રકાર છે.

(૨૦૪) જિન = આંતરશત્રુઓને જીતનાર.

દેવ - દાનવ - માનવને જીતનાર મોહ છે અને મોહને જીતનાર - આત્મશત્રુઓને જીતનાર તે જિનેશ્વર.

અજ્ઞાન = હેયોપાદેયને ન જાણવા.

મોહ = હેયોપાદેયને ન સદ્દહવા.

રાગ = હેયમાં રાગ - આસક્તિ રાખવી.

દ્વેષ = ઉપાદેયમાં દ્વેષ - વિરક્તિ રાખવી.

અસત્ય વચનનાં સ્ત્રોતો અજ્ઞાન, અશ્રદ્ધા, સ્વાર્થ છે.

જિનવચનો શ્રદ્ધાપ્રેરક છે, કારણ કે સત્ય વક્તા છે, તે જ્ઞાનવર્ધક છે, કારણ કે જ્ઞાનીઓ પણ શ્રવણ કરે છે, તે ચારિત્રપોષક છે, કારણ કે મહામુનિઓ સાંભળે છે, તે તપવર્ધક છે, કારણ કે તપસ્વીઓ પણ શ્રવણ કરે છે.

સત્યનો આગ્રહ = વિશુદ્ધિની અપેક્ષાએ વ્યક્તિનો આગ્રહ.

જેને સત્ય પ્રવચનનો આગ્રહ હોય,
તેને સત્ય પ્રવચન કહેનારનો પણ પક્ષપાત હોવો જોઈએ.
સત્યને કહેનાર આત્મા સત્યનો જાણનાર, સદ્દહનાર
અને આચરનાર - એ ત્રણ ગુણવાળો હોવો જોઈએ.
નિજવચન નહિ પણ જિનવચન જ પ્રમાણભૂત છે.
જિનવચનને આગળ કરીને કથન કરવાથી
વિનયગુણનું પાલન અને વિનયગુણનો વિકાસ થાય છે.
અનુભવવચન પણ બે પ્રકારનાં છે:
એક જિનવચનના મહત્ત્વને સ્થાપનારાં અને
બીજાં સ્વવ્યક્તિત્વને મહત્ત્વ આપનારાં.
બીજાં ત્યાજ્ય છે, પહેલાં ઉપાદેય છે.
જિનવચન રૂપી સૂત્રવાંચન ઉપર મંદ આદર કરે, તેવા
અનુભવવચન પણ ત્યાજ્ય છે. થોડો લાભ પણ ઘણું
નુકસાન. વિનયને ગૌણ વસ્તુ પર અવિનય કરાવે છે.
પ્રધાન મહત્ત્વ અરિહંત દેવનું, બીજું સૂત્રદૃષ્ટિવાળા
અનુભવ ગુરુનું, ત્રીજું મહત્ત્વ સૂત્રવચન સંભળાવનાર
અનુભવરહિત પણ ગુરુનું અને ચોથું સ્વયં સૂત્રવાંચનનું.
વાંચન પણ ન થઈ શકતું હોય, તો
અંતરમાં સૂત્રનું બહુમાન ધારણ કરવું તે પાંચમું મહત્ત્વ છે.

'હું જિનભાષિત કહું છું'
એમ સુધર્મસ્વામી કહે છે, એનું કારણ શું ?
એનું કારણ ગૌતમસ્વામી કેવળી થઈ ગયા હતા અને
બાકી નવ ગણધરો તે પૂર્વે નિર્વાણ પામી ગયા હતા.

'જિનભાષિત' શબ્દ કહેવા વડે
અપૌરુષેયવાદ અને ધ્વનિવાદનો નિરાસ થાય છે.

(૨૦૫) 'તથ્યવયણી' એટલે સત્નું વર્ણન કરનારી વયણી,
અસત્ ખર શૃંગનું નહિ. વળી વસ્તુ જેવા સ્વરૂપવાળી
હોય, તેવા સ્વરૂપે એનું વર્ણન કરનારી વાણી, જેમ કે:
અગ્નિ ઉષ્ણ છે - 'અગ્નિ શીત છે' એમ નહિ.
તેમ મોક્ષ અને મોક્ષમાર્ગ એ સત્ય છે.
અગ્નિની ઉષ્ણતાના કથનની જેમ તથા ગોશૃંગની જેમ
મોક્ષ અને મોક્ષમાર્ગ એ અવ્યાબાધ સુખસ્વરૂપ છે.
મિથ્યાત્વ = ધર્મવિમુખતા, અવિરતિ = અમર્યાદિત ભોગ.

જીવને ભગવાનના આલંબને જ
શુભ ભાવ પણ આવે, એમાં ય ભગવાનની કરુણા છે.
શુભ ભાવજનક સુગતિ વગેરે પુણ્યાઈ મળે,
યાવત્ મોક્ષ મળે, એમાં તો સુતરાં પ્રભુની કરુણા છે.
ભગવાનની શક્તિનો અચિન્ત્ય પ્રભાવ છે.

પ્રભુના આલંબને અથવા તો પ્રભુના પ્રભાવે
જે શુભ ભાવોની પ્રાપ્તિ થાય,
તે જ પ્રભુની દયા તથા પ્રભુની કરુણા છે.
આત્માને હિતકર દાન, દયા, શીલ, સંયમ, તપ, ઉપશમ,
વૈરાગ્ય, ભક્તિ વગેરે પ્રભુની કરુણાને જ આધીન છે.
ધર્મના અથાગ પૂર્ણ ઉપકાર અને ભાવિ અનંત
ઉપકારના વિચાર વડે કૃતજ્ઞતા અને ભક્તિ જાગે છે.

(૨૦૬) ધર્મશાસ્ત્રોનું અધ્યયન કરતાં અમે અનુભવ્યું છે કે:
(૧) જેટલે અંશે અહંભાવ ઓછો થતો જાય,
(૨) મન શુદ્ધ અને વિશાળ બનતું જાય,
(૩) પ્રાણીમાત્રની સહૃદયતા અને આત્મભાવથી
આપણી વૃત્તિ સેવા કરવા તરફ વળતી રહે,
(૪) અનિત્ય એવા સંસારની વસ્તુઓના
મોહમાંથી એ વૃત્તિ નીકળી જાય અને
(૫) સારા યે વિશ્વમાં જે મહાન ચૈતન્યશક્તિ
વ્યાપી રહી છે, તેની સાથે એક થવા માટે નિષ્ઠાપૂર્વક
પ્રયત્ન થતો રહે, તેટલે અંશે જીવનના સર્વ કાળમાં
અર્થાત્ બાળ-યુવા અથવા તો વૃદ્ધકાળમાં અંતરની
સાચી શાંતિ અને પ્રસન્નતાનો અનુભવ થતો રહે.

અહીં શાસ્ત્રાભ્યાસનું ફળ નીચે પ્રમાણે છે:

(1) વૃત્તિમાં અહંભાવ ઘટાડવો.

(2) મનની શુદ્ધિ દ્વારા વિશાળતા અનુભવવી.

(3) પ્રાણીમાત્ર સાથે આત્મીયતા કેળવવી.

(4) વસ્તુઓ પ્રત્યે વૈરાગ્યભાવ કેળવવો અને

(5) ચૈતન્ય સાથે એકત્વભાવ કેળવવો.

દુષ્કૃતગર્હા વડે અહંભાવનું વિસર્જન થઈ શકે. સુકૃતાનુમોદન વડે મનની વિશાળતા કેળવી શકાય. ચતુઃશરણાગમન વડે ચૈતન્યમાત્ર સાથે આત્મીયતા અને એકત્વ કેળવી શકાય અથવા દુષ્કૃતગર્હા વડે દોષોનો વૈરાગ્ય, સુકૃતાનુમોદન વડે ગુણોની ભક્તિ તથા શરણાગમન વડે ચૈતન્યની એકતા કેળવી શકાય. વૈરાગ્ય વડે નમ્રતા-અહંભાવનો નાશ, ભક્તિ વડે વિશાળતા-કારુણ્ય-પ્રમોદ-મૈત્રી-માધ્યસ્થ્યાદિ ભાવો અને શરણાગમન વડે વિશ્વવ્યાપી ચૈતન્યશક્તિ એટલે કે Centre of our being & source of all lifeની સાથે એકાત્મતા કેળવી શકાય છે. ભવ્યત્વ પકાવવાનાં જેટલા ઉપાયો છે, તે બધાનો સંગ્રહ અધ્યાત્મ, ભાવના, ધ્યાન, સમતા અને વૃત્તિસંક્ષય - એમ પાંચ પ્રકારના યોગોમાં થઈ જાય છે.

ઔચિત્ય વડે આગમ, તત્ત્વચિન્તન વડે યોગ અને
મૈત્ર્યાદિભાવો વડે અધ્યાત્મ સધાય છે.
અધ્યાત્મ અને ભાવના વડે ઔચિત્યનું પોષણ થાય છે,
ધ્યાન અને સમતા વડે યોગ સધાય છે અને
વૃત્તિસંક્ષય વડે અધ્યાત્મની સાધના થાય છે.
દુષ્કૃતગર્હા અને સુકૃતાનુમોદન વડે ઔચિત્ય અને
તે દ્વારા અધ્યાત્મ અને ભાવના સધાય છે.
શરણાગમન વડે ધ્યાન, સમતા અને
વૃત્તિસંક્ષય યોગની સાધના થાય છે.

(૨૦૭) In the begining, there was word and the word was with God.
શબ્દાનુસાર સૃષ્ટિ છે. સૃષ્ટિનું મૂળ શબ્દ છે.
સૃષ્ટિમાંથી અને સંસારમાંથી છૂટવા માટે
બંનેના મૂળમાં જવું જોઈએ. મૂળ તે ધ્રૌવ્યવાચક છે.
ધ્રૌવ્ય તે '0' છે, દ્રવ્યથી પૂર્ણ અને પર્યાયથી શૂન્ય-
તેનું નામ ધ્રૌવ્ય છે અથવા ઓંકાર છે.

(૨૦૮) સાચી પ્રાર્થનામાં ૭ વસ્તુની હાજરી હોય છે:
૧ રક્ષણ, ૨ આસન, ૩ અનુગ્રહ, ૪ આત્મોલ્લાસ,
૫ એકાંત, ૬ મૌન, ૭ પાપનાશ અથવા પ્રક્ષાલન.

(૯૦૯) મૃત્યુ ભલે આવો - એ મિત્ર બનીને જ આવશે.

આપણે મંગલમય ઉમળકાથી તેનું સ્વાગત કરીશું. ઉત્તમ પુરુષો મૃત્યુને મિત્ર માને છે પણ શત્રુ નહિ. 'મૃત્યુ અતિથિવિશેષ છે' માનીને તેનું સ્વાગત કરે છે, તિરસ્કાર નહિ. મૃત્યુ આપણને માન આપવા આવે છે, અપમાન કરવા નહિ. આથી ચઢીયાતા સ્થાને જનારને જતી વખતે અભિનંદન આપવા મૃત્યુ સદા તૈયાર રહે છે. સદાચારસંપન્ન સત્પુરુષો મૃત્યુ રૂપી મિત્રને ઝંખે છે કે જે મિત્ર તેને વર્તમાન સ્થિતિમાંથી સારી સ્થિતિએ લઈ જવા માટે સદા ઝંખે છે. અસત્પુરુષો મૃત્યુથી સદા ભય પામે છે, વિરક્ત પુરુષો અને બાળ સત્પુરુષો મૃત્યુને પરમ મિત્ર માને છે અને તેનાથી ભય પામવાને બદલે તેના પર સદા પ્રીતિને ધારણ કરે છે, કેમકે મૃત્યુ તેમને છે, તેથી ઊંચી સ્થિતિએ લઈ જવા માટે આવે છે, સદ્ગતિ પામવામાં સરળતા કરી આપે છે. દુર્ગતિનો ભય પાપકર્મીમાં સતત જાગીને હોય છે. ધર્મકર્મીમાં નિત્ય મગ્ન રહેનાર પુરુષોને દુર્ગતિનો ભય હોતો નથી, તેથી મૃત્યુનો ભય રહેતો નથી. શુભગતિનો નિશ્ચય હોય છે, તેથી તેઓને મૃત્યુ ઉપર પ્રેમ અને આદર હોય છે.

જીવનની છેલ્લી પળ એ માંગલ્યમાર્ગ છે.

મૃત્યુની ઘડી એ મંગળ ઘડી છે.

એ ઘડીને જેઓ પણ આવકારે છે, તે ભાગ્યવાન છે.

(૯૯૦)ઘણું ઘણું જાણતા હોઈએ અને થોડી પણ તેમાંથી અનુભૂતિ ન થઈ હોય તો તે પણ શોક કરવા લાયક નથી. યત્નવાન્ રહેવું. અભીપ્સાને ખરી કરતાં જવું અને અભિમુખતા પ્રત્યે એકાગ્રતા જાગ્રત રાખવી, એ પણ એક સંતોષ લેવા લાયક હકીકત નથી શું? અવશ્ય છે.

એમાંથી જ યોગ્યકાળે અનુભૂતિ સર્જાય છે.

અનુભૂતિ જેટલી જ કિંમત અનુભૂતિ માટેની અભીપ્સા,

અભિમુખતા કે તે માટેના પ્રયત્નની પણ છે.

કારણ વિના કાર્ય જો અસંભવિત હોય,

તો કારણની કિંમત કાર્ય જેટલી જ અગર અપેક્ષાએ

તેથી પણ અધિક આંકવી જરૂરી છે.

વિલંબને શાંતિપૂર્વક સહેવો, ધૈર્યને ટકાવી રાખવું એ પણ આત્મવિકાસ માટેની એક આવશ્યક આત્મરચના સમજવી જોઈએ. કાર્યસિદ્ધિ માટે તે પણ અનિવાર્ય છે.

(૯૯૧) જીવન એક સાધના છે.

જન્મથી મૃત્યુપર્યંત આ સાધના ચાલુ જ હોય છે.

એ વિષે જેટલી જાગૃતિ વધુ, તેટલો ઉપકારક નિવડે છે.
એને સજગતા અથવા તો awareness કહેવાય છે.
મુક્તતાથી અંદર જે થાય છે, તેને કોઈપણ પ્રકારના
ઇત્કાર કે નકાર સિવાય જોઈએ, અનુભવીએ, સમજીએ.
અહીંથી જ સદ્ગુણોનો આવિષ્કાર થતો રહે છે અને
દુર્ગુણોનું પણ નિરાકરણ થતું જાય છે. એમના સતત
સ્ફુર્તિનો અનુભવ કરે છે. વર્તમાન ક્ષણ જ જીવવાની ક્ષણ છે.
ભૂતકાળના અનુભવો અને ભાવિના સ્વપ્નો
વર્તમાન જીવન જીવવામાં બાધારૂપ ન થાય એ જોવાનું છે.
વર્તમાન ક્ષણનો પ્રત્યક્ષ મુક્તતાથી થાય એ આવશ્યક છે.
જીવન એ સતત સ્ફુરાયમાન થતો સ્રોત યા પ્રવાહ છે.
અહીં વળી આદિ શું અને અંત શું?
બાળપણ શું અને વાર્ધક્ય શું? એ બંધિતતાને છોડીને
મુક્ત રીતે સમગ્રતાથી જીવનને જીવાય, તો
આનંદ, પ્રસન્નતા અને શાંતિનો અનુભવ અખંડ રહે.
પહેલું ઇત્કાર - નકાર સિવાયનું મુક્ત જીવન,
બીજું વર્તમાન ક્ષણની જ સભાનતા સહિતનું જીવન
અને ત્રીજું કર્મ દ્વારા અને ભાવ દ્વારા મુક્તિ.
પ્રત્યેક કર્મમાં સજગતા - સભાનતા - સક્રિયતા રહે, તો

તે વડે જે જ્ઞાન મળે, તે જ અનુભવજ્ઞાન છે અને અનુભવજ્ઞાન જ બંધનથી છોડાવા મુક્તિમાં સહાયક બને. કર્તા-કર્મથી અતીત થઈ જીવનની ક્રિયા સાથે તદ્રૂપ બનીને જીવીએ તો દિવ્ય આનંદનો જ અનુભવ થાય. પોતાને ફાળે જે કામ આવે, તેને દિલ રેડીને પ્રેમપૂર્વક કરીએ. તેમાં જે જ્ઞાન, આનંદ, સ્ફૂર્તિ મળે તે મેળવીએ.

'વિશ્વ એ જ પ્રભુ છે' એમ ભાવથી
નિદ્રામાં લેટી જવું, એ જ સમાધિની સ્થિતિ છે.
એવી નિદ્રા પણ સમાધિરૂપ બની જાય છે.
નિદ્રા સમાધિ સ્થિતિઃ । એવી નિદ્રા તાજગી, સ્ફૂર્તિ
અને સર્જનશક્તિથી સભર બની જાય છે.

જીવનમાં વિષમતા ન આવે તો સારું, કિન્તુ આવવાની જ હોય તો એ પણ જીવનનું જ એક અંગ છે, એમ સમજી આવકારવાની તૈયારી રાખવી જોઈએ.

હાર એ હિંમતની કસોટી છે.

o

See the world as God sees it.
Nothing is bad except
your reactions about happenings.
Truth is one and absolute.

## (૨૨૨) કામ અને આરામ - બંનેનું માહાત્મ્ય

કામ એ કામ છે, તેમ કામ કર્યા પછી ફરી તાજગી મેળવવા માટે આરામ પણ એક અનિવાર્ય કામ છે.

કામ એ જો ક્રિયા છે, તો

આરામ એ પ્રક્રિયા છે, પ્રકૃષ્ટ ક્રિયા છે, પ્રગાઢ ક્રિયા છે.

Relaxation is also a process to more action. Actionlessness through body & mind is a great action to soul, which is beyond mind & body.

કામ ન કરવું એ પણ કરવા જેવું કામ છે,

વળી આપણે સાવ ઉંઘતા ન પડીએ.

ચિત્તનો આનંદ = મનનું સમાધાન = એ જ મુખ્ય કામ.

તે દરેક અવસ્થામાં મેળવી શકાય છે.

સ્વાશ્રય એટલે શું?

સ્વાશ્રયમાં સ્વ = ઈશ્વર. એ જ પોતામાં ખરેખર 'સ્વ' છે.

તેનો આશ્રય એ જ સાચો સ્વાશ્રય છે.

o

Real self is divine not human.

Humanself is lower self,

Divine soul is higher self.

(૯૨૩) **નમ્રતા - શ્રેષ્ઠગુણ**

નમ્રતાગુણ જ્યારે આપણો સહજ સ્વભાવ બની જાય છે, ત્યારે અન્ય લોકોના અભિપ્રાય વિષે આપણે કદી ચિંતા સેવતા નથી.

નમ્રતા એ તો કેળવવા જેવો એક મહાન સદ્ગુણ છે. રોજિંદા વ્યવહારમાં આપણે નમ્રતાભર્યું શાંત વલણ દાખવીએ છીએ, ત્યારે અંતરની તાકાત અને શાંતિને હણી નાંખતી અનેક આઘાત-પ્રત્યાઘાતોની અસરમાંથી આપણે બચી જઈએ છીએ. જેણે જ્ઞાન અને કેળવણીને સાચી રીતે પચાવ્યાં છે, તે પોતાની ભૂલોને તરત સ્વીકારી તેને સુધારવા પ્રયત્ન કરે છે. તે જ્યાં જાય છે, ત્યાં સૌની પાસેથી સાર ગ્રહણ કરવાની નમ્રતા દાખવે છે. મહાપુરુષો બીજાને સમજવા હંમેશાં ઉદાર રહે છે. મિથ્યાભિમાની લોકોને પ્રભુની જરૂર પડતી જ નથી. પ્રભુ એ વગર બોલાવ્યે જાય એટલો ઘેલો કે સસ્તો નથી. ભાવનાનો ભૂખ્યો ભગવાન તો આપણા સૌ પાસે દોડી આવવા માટે આર્ત પુકારની રાહ જોઈને જ બેઠેલો છે.

જે ગર્વ છોડીને તેનું શરણું લે છે,
તેને પ્રભુ પોતામાં સમાવી જ લે છે.

જે પ્રભુની આ વિશ્વ ઉપર સત્તા છે, એ પ્રભુ સર્વજ્ઞ-
સર્વશક્તિમાન હોવા ઉપરાંત કરુણારસ ભરપૂર છે.
આપણી ઘટનાઓ સર્જાય છે, તેની પાછળનું પ્રેરક
બળ આપણે નહિ, પરંતુ કુદરતની ગૂઢ યોજના હોય છે

અને એક ચોક્કસ રીતે એને ગતિએ
કાર્ય કરતી શક્તિની ઇચ્છા હોય છે.

## વિનમ્રતા પ્રાપ્ત કરવાના ઉપાય

(૧) આપણને જે કાંઈ મળી રહ્યું છે, તેનો કૃતજ્ઞતાપૂર્વક-આદરપૂર્વક વિચાર કરતાં રહીએ. આપણા પાપો અને દોષો માત્ર આપણા પોતાના જ છે, તે યાદ કરતાં રહીએ.

(૨) આપણા જે કાંઈ સ્તુતિ કરવામાં આવે,
તે આપણે ઈશ્વરને અર્પણ કરતાં રહીએ.

(૩) આપણે દોષમાં હોઈએ, ત્યારે તે અંગે ખોટો બચાવ ન કરીએ પણ નમ્ર ભાવે તેનો એકદમ એકરાર કરીએ.

(૪) આપણે દોષમાં ન હોઈએ તો પણ તેને લગતો ઠપકો સ્વીકારી લઈએ અને નમ્ર ભાવે તે માટે ચલાવીએ.

(૫) 'બધાએ આપણાથી ચઢિયાતા છે'
એવી વૃત્તિ કરીને જ તેમનો વિચાર કરીએ અને
તેમની સાથે તે રીતે વર્તન કરીએ.

(૨૨૪) We rejoice in our sufferings knowing that suffering produces endurance, endurance produces character, character produces hope.

સંકટથી સહનશીલતા, સહનશીલતાથી ચારિત્ર,
ચારિત્રથી સદ્‌ગતિ.

સંપત્તિથી સત્તા, સત્તાથી અહંકાર તથા અહંકારથી વિનાશ.
વિપત્તિથી ધૈર્ય, ધૈર્યથી ચારિત્રબળ,
ચારિત્રના બળથી સુગતિ - મોક્ષ.

Dust if I see dust.
God if I see God. The man that
I see is the man that I be.

(૨૨૫) યોગથી આત્માનો સીધો સંપર્ક

મનની નિષ્પંદ અવસ્થામાં જ આત્માનો સંપર્ક સાધી શકાય છે. તમામ યોગસાધનાઓનો હેતુ મન ઉપર સંપૂર્ણ કાબૂ મેળવી આત્માના સીધા સંપર્કમાં આવવાનો છે. મન-બુદ્ધિના પ્રદેશની ઉપર આવેલી દિવ્ય ચેતનામાં આરોહણ કર્યા પછી જ વ્યક્તિને યથાર્થ સત્યનું ભાન થાય. સિદ્ધયોગીઓ કહે છે કે: મનરૂપી મર્કટનો અહંકારી

બુદ્ધિવાદ, શંકા - કુશંકાઓ, સંકલ્પ - વિકલ્પો વગેરેનો વિક્ષેપ બંધ થાય, તે પછી જ ગાઢ શાંતિ અને નિષ્પંદ અવસ્થામાં આત્માની અનુભૂતિ થઈ શકે છે.

જો વિચારો અને લાગણીઓને ચૂપ કરી શકાય,
તો મનરૂપી માંકડું જાતે બાંધી શકાય.

મનને જીતવા ઋષિમુનિઓએ અનુભવના આધાર પર વિવિધ પ્રકારની યોગસાધનાઓને નિર્માણ કરેલા છેઃ હઠયોગ, રાજયોગ, અષ્ટાંગયોગ, કર્મયોગ, ભક્તિયોગ, જ્ઞાનયોગ, બુદ્ધિયોગ વગેરેમાંથી કોઈપણ યોગસાધના પોતાની અનુકૂળતા પ્રમાણે સાધક પસંદ કરી શકે છે. હઠયોગ કહે છે કે શરીર અને પ્રાણને વશ કરવાથી મન પણ આપોઆપ વશ થઈ જાય છે. આથી હઠયોગમાં આસન અને પ્રાણાયામ ઉપર વિશેષ ભાર મૂકવામાં આવ્યો છે.

## હઠયોગમાં આસનોનું મહત્વ

શરીરનાં ચક્રો અને નાડીઓ સાથે આસનોનો સીધો મેળ છે કે તે શરીરની આંતર - બાહ્ય સ્થિતિસ્થાપકતા જાળવવાની સાથે શરીરને સુંદર, સુદૃઢ, નિરોગી, બળવાન બનાવે છે. શરીરની ચંચળતા દૂર થતાં સાધક કલાકો સુધી એક આસને સુખપૂર્વક તથા સ્થિર બેસી શકે છે.

આસનો ૮૪ પ્રકારનાં છે: તેમાં મુખ્ય પદ્માસન, સિદ્ધાસન, શીર્ષાસન, મયૂરાસન, સર્વાંગાસન વગેરે છે. શરીરને સંપૂર્ણ કાબુમાં લઈ હઠયોગનો સાધક પ્રાણાયામ દ્વારા પ્રાણને વશ કરવા પ્રયત્નશીલ રહે છે. પૂરક, કુંભક, રેચકાદિ પ્રાણાયામની ક્રિયાઓમાં પારંગત બનનાર સાધક કાળક્રમે શુદ્ધ શ્વાસની ક્રિયા શીખવા શક્તિમાન બને છે. કુંભકની અવસ્થામાં લાંબો સમય સ્થિર થતાં મનના વિચારો બંધ પડે છે. મનની પ્રગાઢ શાંતિ પ્રાપ્ત થતાં આત્માનો સીધો સંપર્ક સાધી શકાય છે. કેવળ આરોગ્ય કે તંદુરસ્તી પ્રાપ્ત કરવાનું મર્યાદિત ધ્યેય ધરાવનાર માટે આહાર-વિહારમાં થોડો સંયમ પૂરતો ગણાવામાં આવે છે પણ જેને સાધનાનાં શિખરો સર કરવાં છે, તેણે પ્રાણને સંપૂર્ણ અંકુશમાં લાવવો અનિવાર્ય છે. આવા અભીપ્સા ધરાવનારને પ્રાણમાંથી ઉત્પન્ન થતી વાસના - ઇચ્છા - લોભને તિલાંજલિ આપવી પડે છે. ચિન્તા તે લોભનો જ એક પ્રકાર છે. આ ચિન્તારૂપી લોભનો હિમાલય જેવડો બોજો માનવીના શિરે સતત લદાયેલો રહે છે. સાધકે તેને દૂર કરતાં શીખવું પડે. પ્રાણાયામમાં સિદ્ધિ મેળવવાની ઉમેદ રાખનારને પ્રાણની શક્તિ જેમાં અનહદ ભર્યાદ છે,

તે કામ-વાસનાની પ્રવૃત્તિથી દૂર રહેવું પડે છે.
મનથી પણ આવા કોઈ વિચારનું સેવન હાનિકારક નિવડે.
આસન, પ્રાણાયામ ઉપરાંત અનેક વિકટ મુદ્રાઓ, ત્રાટક
ક્રિયાઓ અભ્યાસ વધેલા હઠયોગીને કરવાની રહે છે.
હઠયોગીને અણિમાદિ અષ્ટસિદ્ધિઓ પ્રાપ્ત થાય, ત્યારે
અહંકારને વશ કરવા જો સાવધાન રહેવામાં આવે, તો
અંતિમ પરમસિદ્ધિ - આત્મતત્ત્વનો સાક્ષાત્કાર જરૂર પ્રાપ્ત
થાય છે. અષ્ટમહાસિદ્ધિઓ એટલી બધી આકર્ષક હોય છે
કે મોટાભાગના સાધકો આસક્તિ-અહંકારમાં અટવાઈને
આત્મસાક્ષાત્કારની સિદ્ધિ સુધી પહોંચી શકતા નથી, માટે
યોગસૂત્રમાં એક અલગ સૂત્ર રચીને સાધકને ચેતવ્યા છે:

સિદ્ધૌ સંગસ્મયાકરણાત્ । - ૩, યોગસૂત્ર ।

મનુષ્યના પ્રત્યેક શ્વાસમાં પ્રભુનો વાસ છે,
એમ માનીને જે સાધક શ્વાસોચ્છ્વાસને જુએ,
તે પ્રભુને પામી શકે છે.

(૨૨૬) ભક્તિ પુરુષતંત્ર છે, શરણાગતિ વસ્તુતંત્ર છે,
ઇચ્છા વસ્તુતંત્ર છે તથા પ્રેમ પુરુષતંત્ર છે.

Reject, aspire and surrender are the
three rules of spiritual discipline.

પોષ, સં. ૨૦૨૭, ૨૯-૧૨-૭૦

[illegible] મંગળવાર, લોનાવલા

શ્રી નમસ્કાર મહામંત્રનાં ૯ પદ

'વિષયો વિષવત્ ત્યાજ્ય છે'

એમ સમજાવનાર નવકાર મંત્રના પ્રથમ પાંચ પદો છે.

'કષાયો કસાઈની જેમ ઘાતકી, નિર્દય અને ક્રૂર છે'

એમ સમજાવનાર ચૂલિકાના ચાર પદો છે.

પ્રથમ પાંચ પદોમાં પાંચ ગુરુઓને નમસ્કાર કર્યા પછી

ગુરુ, મંત્ર અને દેવતા તથા

આત્મા - મન - પવનની એકતા બતાવનાર છઠ્ઠું પદ છે.

ત્રીજું મૂળ અંતરાત્મભાવ અને

તે દ્વારા વિષય - કષાયરૂપી,

રાગ - દ્વેષરૂપી અને

અહં - મમ દ્વારા ઉત્પન્ન થતાં અસત્

સંકલ્પ - વિકલ્પોરૂપી પાપનો નિર્મૂળ નાશ થાય છે

અને સર્વ મંગળોમાં શ્રેષ્ઠ એવું

નિર્મળ આત્મસ્વરૂપ - તેનો લાભ થાય છે.

આ ગુરુમંત્રનો ફળાદેશ છે.

o

નમઃ = From circumference to centre.

(૨૨૭) શરણાગતિ = અનન્યા ગતિ, અનન્ય આશ્રય.
ભક્તિ = ઉપાયત્વ બુદ્ધિ, શરણાગતિ = ઉપાયત્વ નિશ્ચય.
શરણાગતિ = પ્રભુમાં આત્માનો ન્યાસ, નિક્ષેપ, સમર્પણ.
સ્વ અને સ્વ ફલાર્પણ - તે ન્યાસ છે.
સ્વાત્મરક્ષણભારાર્પણ - ગોપ્તૃત્વવરણ.
શરણાગતિ મોક્ષોપાય નહિ, ઈશ્વર સ્વયં મોક્ષોપાય છે.
શરણાગતિમાં મોક્ષનો ઉપાય સાક્ષાત ભગવાન છે,
જ્યારે ભક્તિમાં ભગવાન પરંપરાએ છે.
વેદનં વિદ્યા | ઉપાસના ધ્યાનરૂપ છે.
જ્ઞાનધારા યા ધારાવાહિક જ્ઞાનને 'ધ્યાન' કહેવાય છે.
અવિચ્છિન્ન એકરૂપ પ્રત્યયવાહિની ધારા 'જ્ઞાનધારા' છે.
મોક્ષસાધનરૂપ વેદન યા વિદ્યા જ્ઞાનમાત્ર નહિ પણ
ઉપાસના, નિદિધ્યાસનાદિ શબ્દવાચ્ય ધ્યાનરૂપ જ્ઞાન છે.
તેનું જ નામ બ્રહ્મવિદ્યા યા મોક્ષસાધન છે.
વિદ્યા, વેદન, ભક્તિ, શરણાગતિ - એક જ વસ્તુ છે.
તેને જ ધ્યાન - ઉપાસન - નિદિધ્યાસન પણ કહે છે.
વિદ્યા, ઉપાસના, સેવા, ભક્તિ એકાર્થક છે.

o

*We live not by personal power but Divine power working through us.*

તૈલધારાવત્ અવિચ્છિન્ન, વિજાતીય વિષયાન્તરરહિત, દર્શન સમાનાકાર, પરમ પ્રેમ સ્મૃતિ સંતાન પરંપરા ભક્તિ, વેદના દર્શન, નિદિધ્યાસન, ઉપાસન, ધ્યાન, ધ્રુવાસ્મૃતિ ઉપરાંત ભક્તિ ઈત્યાદિ શબ્દોથી મોક્ષોપાયનું વર્ણન છે.

'છાગપશુન્યાય' 'સામાન્યવિશેષન્યાય'થી અભિપ્રેત છે.

પરસ્પર વિરોધ = સુન્દોપસુંદ કે પ્રાબલ્ય-દૌર્બલ્ય ન્યાય,

ઉત્સર્ગાપવાદ ન્યાય = વિહિતનિષિદ્ધસંકોચાદ્યપરન્યાય.

વેદન એ સામાન્ય અને ભક્તિ એ વિશેષ અર્થમાં છે.

સ્મૃતિ એમ જ્ઞાનનો ભેદ છે, તેમ ઈચ્છા - દ્વેષ - અનુરાગ - પ્રેમ વગેરે પણ જ્ઞાનના જ ભેદ છે.

તે સર્વે સ્વતંત્ર પદાર્થ નથી, કિન્તુ જ્ઞાનની જ ભિન્ન ભિન્ન અવસ્થાઓના નામ છે. દર્શન સમાનાકાર પ્રેમરૂપ સ્મરણધારા એ જ્ઞાનની જ એક વિશિષ્ટ અવસ્થા અથવા તો મનોવૃત્તિ માત્ર છે.

કામ, સંકલ્પ, વિચિકિત્સા, શ્રદ્ધા - અશ્રદ્ધા, ધૃતિ - અધૃતિ, હ્રી, ધી, ભી - એ સર્વ મનોવૃત્તિરૂપ જ છે.

ઈચ્છા, અનુરાગાદિ વસ્તુતંત્ર છે, પુરુષતંત્ર નહિ.

પ્રેમ પુરુષતંત્ર છે. જે વસ્તુ દેખાય, તે દેખવાથી અને તે વસ્તુમાં રહેલા ગુણોના જ્ઞાનથી પ્રેમ થાય છે.

પુરુષતંત્ર એટલે...

શાસ્ત્રાજ્ઞા વશીભૂત થઈને જે સ્વપ્રયત્નાદિ પ્રાપ્ત થાય તે.

ભક્તિ પુરુષતંત્ર છે, શરણાગતિ વસ્તુતંત્ર છે.

પરમાત્માનું સ્વરૂપ - રૂપ - ગુણ આદિને શ્રવણ દ્વારા જાણી તેમની ભક્તિને મોક્ષોપાય માની અનવરત તથા અવિચ્છિન્ન ભાવથી પ્રેમપૂર્વક એમનું સ્મરણ - દર્શન સમાનાકારતાને પ્રાપ્ત થાય, ત્યારે પ્રેમરૂપ બની જાય છે.

સાધનભક્તિ દ્વારા પરમાત્મ સાક્ષાત્કાર થઈ જવાથી સાધ્યભક્તિ ઉત્પન્ન થાય છે.

કોઈને એ ભક્તિ કેવળ ભગવત્કૃપાથી જ પ્રાપ્ત થઈ છે.

ગતિ = ઉપાય, ગમ્ય = પ્રાપ્ય.

શરણાગતિ = ગમન, ગતિબુદ્ધિ, અધ્યવસાયાત્મિકા બુદ્ધિ.

ગમનની બુદ્ધિ નહિ, અધ્યવસાયાત્મિકા બુદ્ધિ લેવી જોઈએ.

ભક્ત અને પ્રપન્નમાં જે અંતર છે, તે મોક્ષોપાય વિષયત્વમાં છે. ભક્ત ભક્તિને મોક્ષોપાય માને છે, પ્રપન્ન ભગવાનને મોક્ષોપાય માને છે.

બધો ભાર ભગવાન ઉપર છોડવો તે શરણાગતિ,
બધો ભાર પોતાની ઉપર લેવો તે જ્ઞાન અને
બધો ભાર બંને ઉપર લેવો તે ભક્તિ.

ભક્તિ નિમિત્તોપાદાનો ભેદ કારણતાવાચી છે, પ્રપત્તિ નિમિત્ત કારણવાચી – શરણ ઉપાદાન કારણતાવાચી છે.

પુરુષતંત્ર = ઉપાદાનપ્રધાનતા, વસ્તુતંત્ર = નિમિત્તપ્રધાનતા.

ભક્તિ એ શરણ - ક્રિયા ઉભયાત્મક છે,

શરણાગતિ એ કર્મત્યાગાત્મક છે.

'કર્મ કરવાનું ફળ છે' એમ ભક્તો કહે છે.

કર્મ ન કરવાનું પ્રત્યવાય થતો હોય તો જ કર્મ કર્તવ્ય છે.

અભિધ્યા = પરદ્રવ્યાપહાર ચિન્તા યા નિષ્ફળ ચિન્તા.

અનભિધ્યા = નિષ્ફળ ચિન્તાનો ત્યાગ.

દયા, દાન, અહિંસા, આર્જવ, સત્ય અને અનભિધ્યા - એ છ કલ્યાણ છે.

અનવસાદ = દૈન્યાભાવ. અનુદ્ધર્ષ = અતિ સંતોષાભાવ.

પ્રપત્તિનાં બે મુખ્ય અંગ છે:

અનન્યોપાયત્વ અને અકિંચનત્વ.

(૯૯૮) ગુરુમુખથી સાંભળેલ અર્થોનું યુક્તિઓ વડે મનમાં દૃઢીકરણ કરવું, તે મનન પદાર્થ છે.

શરણાગતિના અધિકારી સર્વ છે.

પોતાને સર્વદા, અસમર્થ, અસ્વતંત્ર, આત્મરક્ષામાં અનધિકૃત માનવા અને પ્રભુને જ અધિકૃત માનવા.

શરણાગતિનો દૃઢ નિશ્ચય - ઈશ્વરસિદ્ધિ ઉપાય રૂપ છે.
પ્રારબ્ધકર્મ = અનારબ્ધ કાર્ય અને આરબ્ધ કાર્ય.
સંચિત અને અનારબ્ધ પ્રારબ્ધ વચનસિદ્ધિથી નષ્ટ થાય છે.
દર્શન સાક્ષાત્કારતા = પ્રત્યક્ષવત્ દેખાને સ્મરણ કરવું.

એ વાત અનુભવસિદ્ધ છે કે:

જે વસ્તુની અનવરત ભાવના કરવામાં આવે, તે વસ્તુ સામે ન હોય તો પણ તદ્રૂપ પ્રત્યક્ષવત્ દેખાવા લાગે છે.

ભક્તિ વારંવાર કર્તવ્ય છે, શરણાગતિ ક્ષણમાત્ર સાધ્ય છે.
કાષ્ઠ તથા પાષાણ અભિલષ્ટ્ પ્રપન્ન હોય છે.

Imp

સત્ - ચિત્ - આનંદ એટલે શું?

(૧) સત્ = સતત - જેનું સ્વરૂપ સદા અસ્તિત્વ ઈચ્છવું.
શાશ્વત આનંદ, ત્રિકાલાબાધિત અવિનાશ્ય સત્ પદાર્થ છે.
(૨) ચિત્ = સર્વ પદાર્થને જાણવું.
(૩) આનંદ = અખંડ પરિપૂર્ણ સુખ. જીવવાની, જાણવાની, આનંદને અનુભવવાની વૃત્તિ જીવમાત્રને સહજ હોય છે,
સ્વાધીનતાની ઈચ્છા પ્રબળ છે.
રાષ્ટ્રિય સ્વતંત્રતા, સ્વરાજ્યાદિ કલ્પિત અને મિથ્યા છે.

o

સર્વબન્ધવિમુક્તિરૂપો હિ મોક્ષઃ | Emancipation from all kinds of bondages.

## જગમાત્રને જન્મજાત પાંચ ઇચ્છાઓ

શાશ્વત અસ્તિત્વ, અખંડ જ્ઞાન, પરિપૂર્ણ આનંદ,
સંપૂર્ણ સ્વાતંત્ર્ય અને સર્વેશ્વરતા - સર્વોપરી શાસન.
પાંચ ઇચ્છાઓની ભક્તિનું નામ છે ભગવાન. નિત્ય શુદ્ધ-
બુદ્ધ-મુક્ત-સચ્ચિદાનંદઘન એ ભગવાનનું સ્વરૂપ છે.
વાનરમાંથી નર-નરમાંથી નારાયણ થવાની ઇચ્છા સહજ છે.
પ્રાચીન માર્કંડેય હઠયોગ, અર્વાચીન મત્સ્યેન્દ્રનાથ હઠયોગ.
એક તત્ત્વાભ્યાસઃ બ્રહ્મભાવ[1], આત્મભાવના[2], કેવલીભાવ[3].

## (૧૧૯) મન શાન્ત કરવાના ઉપાયો

(1) જ્ઞાનયુક્તિ - રજ્જુસર્પ, મૃગતૃષ્ણા, શુક્તિકા-રજત જ્ઞાન.
(2) સંકલ્પ ત્યાગ (3) ભોગ વિરક્તિ (4) વાસનાત્યાગ
મૈત્ર્યાદિ વડે તામસી વાસનાઓનો ત્યાગ - ચિન્માત્રાવસ્થા.

## (૧૨૦) ૬ પ્રકારે શરણાગતિ

आनुकूल्यस्य संकल्पः प्रातिकूल्यस्य वर्जनम् ।
रक्षिष्यतीति विश्वासो गोप्तृत्वे वरणं तथा ॥
आत्मनिक्षेप - कार्पण्ये षड्विधा शरणागतिः ॥ અર્થાત્ઃ
(૧) અનુકૂળતાનો સંકલ્પ (૨) પ્રતિકૂળતાનું વિસર્જન
(૩) રક્ષણ કરશે જ તેવો વિશ્વાસ (૪) શરણાગતિ સ્વીકાર
(૫) સમર્પણ (૬) દીનતા - આ ૬ પ્રકારે શરણાગતિ છે.

ભક્તિ પદમાં મોટથી ભાઈ છે, પ્રપન્ન પદમાં નાનો છે.

કાર્પણ્ય = દૈન્ય. દૈન્યપ્રિયત્વ હિ સઃ ।

ઉપાસનાનો પ્રભુ તે ભક્તિ તથા ઈશ્વર તે યોગ છે.

મંત્રયોગ - નામરૂપના આધારે રહેલ છે. બ્રહ્માંડની અંદર પિંડ પણ બ્રહ્મ અને બ્રહ્મશક્તિનો વિલાસ છે.

મહાભાવ સમાધિ, મહાબોધ સમાધિ.

સ્થૂલધ્યાન - લયયોગ, બિંદુધ્યાન - મહા લય,

બ્રહ્મધ્યાન - રાજયોગ, જ્યોતિ - હઠયોગ.

યમ = બાહ્યેન્દ્રિયોને રોકવા તે - આધિપત્ય.

નિયમ = આંતર ઇંદ્રિયોનો રોધ તે - આધિપત્ય.

શરીર, પ્રાણ, બાહ્યમુખ મન, અંતર્મુખ મન,

બુદ્ધિભાવ, જ્યોતિ, બિન્દુ, નિર્ગુણ સચ્ચિદાનંદમય.

નિર્વિકલ્પસમાધિના ભેદ: અદ્વૈતભાવન - અદ્વૈત અવસ્થાન.

## અષ્ટાંગ યોગ

(૧) યમ = દેહાદિમાં વૈરાગ્ય. (૨) નિયમ = પરતત્ત્વમાં અનુરાગ. (૩) આસન = સર્વ વસ્તુમાં ઉદાસીનતા.

(૪) પ્રાણાયામ = જગતમાં મિથ્યાત્વ નિશ્ચય.

(૫) પ્રત્યાહાર = ચિત્તનો અંતર્મુખ ભાવ.

(૬) ધારણા = નિશ્ચલ ભાવ. (૭) ધ્યાન = ચિન્માત્ર ચિંતન.

(૮) સમાધિ = સંસ્કાર શેષ.

(૯૨૯) સંસારી જીવ કર્મરૂપી ઈંધનથી સદા જલતો રહે છે.
તે આગને ઠારવા માટે તે ચારેબાજુ ભટકે છે, તોય
તેની આગ શમતી નથી પણ વધે છે.
જ્યારે તે દેહરૂપી ભાજનમાં આત્મારૂપી જળ,
જે બળી રહ્યું છે,
તેને ઠારવા માટે અન્ય પ્રયત્નને છોડી દઈને
વચ્ચે રહેલું ભાજન છોડી દે છે, ત્યારે તેમાં ભરેલું
જળ સીધું ઈંધન ઉપર પડે છે અને
તેની આગને ઓલવી નાખે છે, ત્યારે જ તે શમે છે.
દેહરૂપી વાસણમાં આત્મારૂપી જળ કર્મરૂપી ઈંધનથી બળી
રહ્યું છે. તે આગને ઠારવા અન્ય ઉપાયો નિષ્ફળ નિવડે છે.
જ્યારે તે ભાજનને દૂર કરવામાં આવે,
અર્થાત્ દેહાત્મબુદ્ધિનો ત્યાગ કરીને આત્મામાં
આત્મબુદ્ધિ કેળવવામાં આવે, ત્યારે જ તે આગ શમે છે.
આત્મારૂપી જળ કર્મઈંધનને શમાવવાની તાકાત રાખે છે,
તે સિવાયનાં સાધનો તો કર્માગ્નિને વધુ પ્રદિપ્ત કરે છે.
આવી સમજ જ્યારે જીવને આવે છે,
ત્યારે તે તપ, જપ, દાન, ધ્યાનાદિ સઘળા ઉપાયો વડે
એમ એમ દેહાત્મબુદ્ધિથી મુક્ત થતો જાય છે,

જેમ જેમ કર્મની આગ ઠરતી જાય છે અને એક વખત
જ્યારે દેહબુદ્ધિ સર્વથા નાશ પામે છે, ત્યારે આત્મારૂપી
જળ આખું જ કર્મ ઈંધણની આગને સમૂળ ઠારી દે છે.
દેહબુદ્ધિ એ કર્મરૂપી અગ્નિને પ્રદીપ્ત કરે છે, જ્યારે
આત્મબુદ્ધિ તે અગ્નિને શાંત કરે છે.
દેહબુદ્ધિ વધારનાર સઘળાં કાર્યો છૂટી જાય છે અને
આત્મબુદ્ધિ પ્રગટાવનાર સઘળાં કાર્યો એકત્ર થાય છે,
ત્યારે જીવને ત્રિવિધ તાપમાંથી મુક્તિ મળે છે.
આમ તાત્પર્ય એ છે કે:
અર્થ અને કામની વાસના કર્મરૂપી આગને વધારે છે,
ધર્મ અને મોક્ષની ભાવના તે આગને શમાવે છે.
(૯૨૨) એકના ત્યાગથી બાળકોનો લોભ ઘટે છે.
એકના તપથી બાળકોનો મોહ ઘટે છે.
એકના શીલથી બાળકોની વાસના શમે છે.
એકની દીક્ષાથી બાળ બધા વાસ્તવમાં નહિ તો પણ
ભાવના અને આદર્શમાં દીક્ષિત બને છે. પવિત્રતા
એકની પણ તેથી બાળ બધાનું જીવન પવિત્ર થાય છે.
એમ દુનિયા આધ્યાત્મિક વિકાસમાં આગળ વધે છે.
ત્યાગની ભાવના માનવના દિલમાં દૃઢ કરનારી દીક્ષા છે.

દીક્ષાની ક્રિયા જ્યાં શુદ્ધ વિદ્યમાન રહેશે, ત્યાં શુદ્ધ એના ત્યાગની કદર થતી રહેશે તથા એ કદર દુનિયાને એ માર્ગે આગળ વધવામાં પ્રેરણા આપતી રહેશે.

## (૯૨૩) કાર્યની સિદ્ધિ માટેનું પદ

'ૐ નમઃ સિદ્ધં ।' મંત્ર પ્રાચીન કાળથી સર્વ દેશવ્યાપક છે. આ મંત્ર અલૌકિક - અનુપમ - અગોચર મહિમાવાળો છે. 'સિદ્ધં' - એ પદ કાર્યની સિદ્ધિ લઈને જ આવે છે. નવકારનો જપ, આયંબિલનો તપ અને બ્રહ્મચર્યનો ખપ જો ઉપાસના અને ભક્તિ સાથે કરવામાં આવે, તો કાર્યસિદ્ધિ શીઘ્ર બને છે. આ સત્યનું સમર્થન હોવાથી 'સત્યમેવ જયતે' નિયમાનુસાર તેનો વિજય થતો જાય છે. તીર્થંકરત્વની માન્યતા નૈસર્ગિક નિયમાનુસાર છે. એ ધર્માનુશાસન, સ્વભાવસત્તા, વિશ્વતંત્ર, વસ્તુસ્થિતિ છે. એ સત્તા સતત, સર્વજ્ઞ, સર્વોપરી અને સર્વાધિકારી છે. જિનદેવ અને જિનશાસન પ્રત્યે પ્રજામાં સદ્ભાવ જાગૃત કરવો, તે એક મહત્ત્વની સત્યની ઉપાસના છે. સત્યની જો અંતર્મુહૂર્તમાત્ર ઉપાસના કરવામાં આવે, તો પણ તે અનંતકાળની અસત્યની ઉપાસનાને નિર્બળ બનાવી અનંત હિતકર બને છે.

આખો સંસાર આ વિચારધારાથી
સહમત હો યા ન હો, પરન્તુ
આપણું કર્તવ્ય તો
સત્યની સામગ્રી સંસારની સામે ધરતાં રહેવું તે છે.
ભૌતિક વિજ્ઞાનની ઉપાસક પ્રજા
ગમે તે હો, કિન્તુ તે કદાગ્રહી કે પક્ષપાતી નથી.
આત્મવિજ્ઞાનની ઉપાસક પ્રજા પક્ષપાતી હોય છે અને
'પોતે જે મત પકડ્યો હોય, તે અસત્ય છે'
એમ સમજ્યા પછી તેને એકદમ છોડી શકતી નથી.
તે માટે વિજ્ઞાનની ભાષામાં
સાહિત્ય પ્રકટ કરવું યોગ્ય ધાર્યું છે.

o પાપનો સંબંધ અસત્પુરુષોનો સંગ કરાવે છે,
ધર્મનો સંબંધ સત્પુરુષોનો સંગ કરાવે છે.

In God, we live and move
and have our very being.
kingdom of God is within you.
God is my instant, constant
& abundant supply of perfect good.
Turn on up tight. Do your own thing.

(૯૨૪) 'તિતિક્ષા' એટલે સુખ-દુઃખને પચાવવાની શક્તિ.
'પચાવવું' એટલે સુખમાં છકી ન જવું અને
દુઃખમાં દીન ન બનવું તથા મળેલું ઘણું મળ્યું માનવું.
જે મળ્યું છે, તેને કાચો પારો સમજવો.
અનિદ્ધ જે કાંઈ પરમાર્થ કાર્ય - દયા, દાન, શીલ,
તપ, ભક્તિ કે સત્સંગ કાર્ય, જે કાંઈ કૃતજ્ઞતા -
પરોપકારનું પાલન થાય, તેટલું જ લેખે લાગ્યું માનવું,
એમાં જ જીવનની વડાઈ માનવી - સફળતા ગણવી.
આર્તરૌદ્ર ધ્યાન તથા સંકલ્પ-વિકલ્પોને તિલાંજલિ આપવી.

(૯૨૫) यद् भूमा तत्सुखम् । न अल्पे सुखमस्ति ।
અર્થાત્ જે અલ્પમાં વસે છે, તે સુખ નથી.
જે ભૂમામાં વસે છે, તે સુખ છે.
'અલ્પ' એટલે ઇંદ્રિયો અને 'ભૂમા' એટલે આત્મા.
creature comforts એટલે ગ્રામ્ય સુખો.
સંયમ દ્વારા સધાયેલ ચિત્તવૃત્તિઓના શમનમાં સુખ છે.
શાંતિ એ જ સુખ. જાગ્રત અને સ્વપ્ન-
બંનેની પ્રતીતિઓ સ્વરૂપની દ્રષ્ટિએ સમાન જ છે.
જાગ્રત - સ્વપ્ન : બંને પ્રકારની પ્રતીતિઓ
અધિષ્ઠાન ચૈતન્યની સત્તાથી જ સત્તાવાળી બની છે.

અવિદ્યાગ્રસ્ત જીવો સુખ-દુઃખના દ્વન્દ્વોને આદરણ કરે છે.

શુદ્ધ ચૈતન્યરૂપી આકાશમાં ચિદાકાશનો
જે આભાસ થાય છે, તેને 'જગત' કહેવામાં આવે છે.

તુલાવિદ્યા = સ્વપ્નભાન. મૂલાવિદ્યા = જાગ્રતનું ભાન.

જગત બ્રહ્મરૂપ છે, પોતાનું અસલ સ્વરૂપ પરબ્રહ્મ છે.
જગતને બ્રહ્મ-ચિતિથી ભિન્ન માનીએ તો અસત્ છે,
જગતને બ્રહ્મ-ચિતિથી અભિન્ન માનીએ તો સત્ છે.

o *Whom to know aright is life
eternal and whom to serve
aright is joy everlasting.*

(૧૨૯) **નવધા ભક્તિ**

શ્રવણ, કીર્તન, સ્મરણ, પાદસેવન, અર્ચન, વન્દન,
દાસ્ય, સખ્ય, આત્મનિવેદન.

ब्रह्मभूतः प्रसन्नात्मा न शोचति न काङ्क्षति ।
समः सर्वेषु भूतेषु मद्भक्तिं लभते पराम् ॥

અર્થ: આત્મસ્વરૂપી, પ્રસન્ન મનવાળો, અફસોસ પણ ન કરે અને ઇચ્છા પણ ન રાખે અને બધા જીવ પ્રત્યે જે સમાન રહે, તે શ્રેષ્ઠ ભક્તિ પામે છે.

ભક્તિના બે પ્રકાર: શાસ્ત્રપ્રાપ્ત અને સ્વભાવપ્રાપ્ત.

પ્રપત્તિના બે પ્રકાર : રુચિપ્રાપ્ત તથા યોગપ્રાપ્ત.
'પ્રપત્તિ'નો રૂઢ અર્થ સ્વીકાર તથા યૌગિક અર્થ છે:
આત્મનિક્ષેપ – નિતરાં ક્ષેપઃ ।

ભગવત્કૃત જીવસ્વીકાર અને જીવકૃત ભગવત્સ્વીકાર. પહેલી પ્રપત્તિ અનુગ્રહ-પુષ્ટિરૂપ છે, બીજી મર્યાદિત છે. સ્નેહ – પ્રેમ – રસ – આનંદ : એ સર્વ અનિર્વાચ્ય છે. માયા, બુદ્ધિ, અહમ્, ઇંદ્રિય, દેહરૂપ આવરણથી એ રસ આવરિત છે. સ્નેહ, ભાવ, રતિ ભિન્ન અને સ્થાયી છે. પ્રેમ સમાનમાં સ્નેહરૂપે, હીનમાં વાત્સલ્ય-કરુણા રૂપે અને અધિકમાં ભક્તિરૂપે આવિર્ભાવ પામે છે.

V.V. Imp.

(૯૨૭) પિંડસ્થાદિ ચાર ધ્યાન લોકસંસ્થાન ધર્મધ્યાનની અંતર્ગત છે. આજ્ઞાવિચય ધર્મધ્યાન = ભગવદાજ્ઞાનું ચિંતન. અપાયવિચય = પાપમુક્ત થવાનું યા દયાભાવનું ચિંતન. શુભ-ધ્યાનના ત્રણ કાર્ય છે. ચિત્તવૃત્તિને એક વિષયમાં અકષાયભાવથી એકાગ્ર કરવામાં આવે છે અને અન્ય ક્રિયાઓનો તે વખતે નિરોધ થવાથી નવીન કર્મબંધનો અભાવ થાય છે. એ વખતે ઉદયમાં આવનાર કર્મોના ફળ તરફ ઉપયોગ ન હોવાથી કષાયભાવ ઉત્તેજિત થતો નથી, તેથી કર્મો નિર્જરી જાય છે.

રાગજનક જૂના વાસનાસંસ્કારો નિર્બળ બની જાય છે.

વિદ્યાદેવતાઓ તથા મંત્રદેવતાઓની આરાધનાથી
અનેક પ્રકારની સિદ્ધિઓ પ્રાપ્ત થાય છે.

ઉત્તમ પુરૂષોના સંગની જેમ વીતરાગ પુરૂષો પ્રત્યે રાગ નિર્દોષ છે. ઉત્તમ પુરૂષોની જેમ ઉત્તમ વસ્તુવિષયક સંગ સંગદોષને દૂર કરે છે. રાગનું ભેષજ સુજસ સનેહી રે.

નામાપરાધ

(૧) નિંદા (૨) અપાત્રને કથન (૩) હરિ - હરમાં ભેદબુદ્ધિ
(૪) શાસ્ત્રો ઉપર અવિશ્વાસ (૫) ગુરૂ ઉપર અવિશ્વાસ
(૬) નામમહિમા ઉપર અવિશ્વાસ કરવો.
(૭) નામના બળીએ નિષિદ્ધ કર્મ કરવું.
(૮) વિહિત કર્મ ન કરવું.
(૯) અન્ય સાધનથી તુલના કરવી.

(૧૨૮) વાગર્થાવિવસંપૃક્તૌ વાગર્થપ્રતિપત્તયે ।
જગતઃ પિતરૌ વન્દે પાર્વતી - પરમેશ્વરૌ ॥૧॥ અર્થાત્:
શબ્દ - અર્થની જેમ જોડાયેલાં, જગતના માતાપિતા સમાન પાર્વતી - પરમેશ્વરને વાણી - અર્થના બોધ માટે વંદન કરું છું.

'વાગ' એ અર્થનું મૂળ છે.

વાક્યમાંથી નીકળતો અર્થ જાણવા માટે હું વંદન કરું છું.

## યોગના પાંચ અંગ

(૧) પ્રણિધાન - પ્રાપ્ત કરવાનો અડગ નિર્ણય.
જે વખતે જે ધર્મ સ્વીકાર કરેલ છે, તે વખતથી માંડી
તે ધર્મની સિદ્ધિ થાય, ત્યાં સુધી ચિત્તની અડોલતા -
હીનગુણ ઉપર દ્વેષાભાવ - કૃપાપરતા - સ્વીકારેલ ધર્મ
જે જે ઉપાયથી સિદ્ધ થાય, તે તે ઉપાયને આચરવાવાળું
કે પરોપકાર કરવાના ગુણવાળું ચિત્ત પ્રણિધાન કરે.

(૨) શુભ અને સાર ઉપાયવાળી પ્રવૃત્તિ - વિશિષ્ટ પ્રયત્ન.
અપ્રમાદી બનવાની ભાવનાપૂર્વક થતો પ્રયત્ન.
ફળ પ્રત્યે ઔત્સુક્યનો વિરહ.

(૩) શીતોષ્ણાદિ પરિષહોનો જય - શારીરિક રોગો અને
મનોભ્રમનો જય - મુશ્કેલીઓને દૂર કરવાનો નિર્ણય.
હિતચિત પશ્ચાતાપ - સમ્યક્ત્વ ભાવના.

(૪) સ્વીકારેલ - અંગીકાર કરેલ ધર્મની તાત્વિક પ્રાપ્તિ.
અધિકગુણી ગુરુભક્તિ - હીન પ્રત્યે કરુણાદિ ગુણયુક્ત.

(૫) વિનિયોગ - બીજાને આપવાની ક્રિયા.
'વિનિયોગ' એટલે એવી ભાવના કે:
'સ્વધર્મ સરખા ધર્મવાળા બીજા બને' અર્થાત્
સિદ્ધ કરેલ ધર્મને બીજાને આપવાની પ્રવૃત્તિ.

શુક્લેશ્યા = નિત્યાનિત્ય વિવેકપૂર્વક પોઝિટિવ.
વિચારશ્રેણી = શ્રવણ - મનન કરનારી અંતઃકરણની વૃત્તિ.
તનુમાનસા = નિદિધ્યાસન વડે મનની એકાગ્રતા અને
સૂક્ષ્મ વસ્તુગ્રહણ શક્તિ - આ ત્રણે જાગ્રત થઈ છે.

(૧૨૯) અનુભવના ઊંડાણમાંથી ઉદ્‌ભવેલાં વાક્યો
સદ્‌ગુરુ સમાન પ્રેરક બને છે.

(અ) શુભભાવ રૂપ તીર્થના કર્તા તીર્થંકર છે, કેમકે
તે તેઓનાં નિમિત્તે ઉત્પન્ન થાય છે, જીવોની વિવિધતા
વૈરાગ્ય ઉત્પન્ન કરવામાં ઉપકારક બની અહિંસાની
વૃદ્ધિ કરાવે છે, સુખમાં દુઃખજનકતાનું ભાન સંયમને
તથા દુઃખમાં સુખજનકતાનું ભાન તપને વિકસાવે છે.

'મંત્ર' એટલે ગુહ્ય ભાષણ.

'સર્વે જીવાત્માઓ તત્ત્વથી પરમાત્મા જ છે' એવું
પોતાના આત્મામાં જ પોતાના શુદ્ધ સ્વરૂપનું મનન.
નિકટમાં સંપૂર્ણ આત્માનુભવ ભૂમિકા મળવાની ખાતરી.
ધ્યાનમાં સંપૂર્ણ સ્થિરતા થતાં 'અનાહતનાદ'નો પ્રવેશ
બ્રહ્મરંધ્રમાં થાય છે. નિર્વિકલ્પ સમાધિમાં આત્માનુભૂતિ,
સંપૂર્ણ આનંદરસનો અનુભવ તથા
'ભવભ્રમણનો ભય ભાગ્યો' એવો અનુભવ થાય છે.

અઢી દ્વિપનું વર્ણન : આધ્યાત્મિક રહસ્યયુક્તની સ્ફુરણા

લોકાકાશ પ્રમાણ શરીરના મધ્ય ભાગે જંબૂદ્વિપ નાભિરૂપ,
તેના ફરતાં વલયાકાર બાકીના સમુદ્ર દ્વીપો,
નાભિની મધ્યમાં મેરૂપર્વત - તે મેરૂદંડનું સૂચક,
ચક્રની જેમ અઢી દ્વિપનો ફરતો નકશો,
દક્ષિણ - ઉત્તરમાં ભરતૈરવત,
છ આરા એ ષટ્ચક્રની કલ્પના કરાવતો આભાસ.

(૯)આત્માનુભવ સમયે પરમાત્મા, સ્વાત્મા અને અન્ય સર્વ સંસારી જીવોનો આત્મા સિદ્ધ સમાન શુદ્ધ ભાસવો.
નિર્વિકલ્પ દશામાં સર્વની એકતાનો અનુભવ થવો.
'એગે આયા' એ સૂત્રનું રહસ્ય પ્રગટ થયું.

આપણા ચારેબાજુ જે કોઈ જડ-ચેતન વસ્તુ દેખાય છે, તે સર્વમાં પણ સૂક્ષ્મ નિગોદના અનંત જીવો તેમ જ બાદર વાયુકાયના અસંખ્ય જીવો વ્યાપીને રહેલા છે. તેઓ સિદ્ધ કરતાં પણ અનંતગુણા છે. તે સર્વની શુદ્ધ આત્મસત્તા ધ્યાનમાં પરમાત્માની જેમ આલંબન બની આપણને શુદ્ધ આત્મરમણતામાં સહાયક બને છે.

દલતમા પરમાત્મા એવ જીવાત્મા ।
'આતમ સર્વ સમાન નિધાન મહાસુખ કંદ.'

ઠાણાંગસૂત્રના બીજા ઠાણામાં કહ્યું છે કે: એક સમયથી લઈ
ઉત્સર્પિણી - અવસર્પિણી આદિ જીવ - અજીવ સ્વરૂપ છે.
ગામ - નગર, નરક - સ્વર્ગ વગેરે સર્વ પુદ્‌ગલસ્કંધો પણ
જીવ - અજીવ ઉભય સ્વરૂપ છે, કેમકે
તે સર્વમાં સૂક્ષ્મ નિગોદના જીવો સર્વ વ્યાપક છે.
ગમે ત્યારે - ગમે ત્યાં આપણે જોઈ લઈએ, તો પણ
આપણા શરીરની ચારેબાજુ અનંત જીવરાશિથી ભરેલ
સરોવર કે મહાસાગર છે, તે એકેક જીવના અસંખ્ય
પ્રદેશોમાં અનંત ગુણ - પર્યાય ભર્યા છે. એ સર્વ સત્તાએ
શુદ્ધ છે. પરમાત્માની પ્રકટ સત્તા સાથે તેની એકતા
કરી તેના ધ્યાનમાં લીન બનવાથી અપૂર્વ વીર્યોલ્લાસ વધતાં
સ્વ - આત્મસત્તાનો સચોટ અનુભવ થાય છે.

સમ્યગ્દૃષ્ટિ જીવને એવી લબ્ધિ પ્રાપ્ત થતી હોય,
એમ અવશ્ય અનુભવ થાય છે.

કેવલિ સમુદ્‌ઘાત વખતે જીવ આત્મપ્રદેશોથી વ્યાપક છે.
અણુ - અણુમાં જીવ રહેલ છે.
કેવળજ્ઞાનની દૃષ્ટિથી જીવ લોકાલોકવ્યાપી છે.

० 'अनिर्वचनीयम् प्रेम स्वरूपम् ।'
- नारदभक्ति सूत्र - ५१

પોષ સુદ ૨, નવસારી

(૨૩૦) શાસનનો ઉદ્યોત એટલે જીવમાત્રને શાશ્વત સુખ
આપનાર અરિહંતધર્મનો ઉદ્યોત કરવો.

જગત ઉપર અરિહંતધર્મના પ્રભાવનું પડવું અથવા
અહિંસા અને બ્રહ્મચર્ય ધર્મનો પ્રભાવ વિસ્તરવો તે.

વિશ્વકલ્યાણની ભાવના તે તીર્થંકરત્વની યોનિ છે.
આત્મૌપમ્યભાવ તે સિદ્ધત્વ જનની છે.

સંયમ, સ્વાધ્યાય અને વૈયાવચ્ચ -
એ ત્રણની ત્રિપુટી મુનિમાર્ગમાં મુક્તિદાયક બને છે.

સ્વાધ્યાય જપરૂપ અને વાંચના, પૃચ્છના, પરાવર્તનારૂપ
સમજવો. અધિક અનુપ્રેક્ષા અને ધર્મકથારૂપ સ્વાધ્યાય
કર્મનિર્જરામાં પરમ સહાયક છે.

(૨૩૧) 'નતસ્ય પ્રતિમાઽસ્તિ ।' 'ન તસ્ય પ્રતિમાઽસ્તિ ।'
'નત' એટલે વિનીતને માટે ઈશ્વરની પ્રતિમા છે.
નાસ્તિકને માટે ઈશ્વરની પ્રતિમા નથી.

ઈશ્વરના સ્વરૂપ જેવું સ્વરૂપ બીજા કોઈનું નથી.
દ્રવ્યદૃષ્ટિએ આત્મા એક છે. ઉપયોગરૂપ એક લક્ષણ
હોવાથી દરેક આત્મા એક જ સ્વરૂપવાળા છે.
'સ્વરૂપ' એટલે જાત અથવા ગુણ.

સુખ-દુઃખ જીવને એકલાને જ ભોગવવા પડે છે, માટે આત્મા એક છે. સામાન્ય રૂપથી ગુણદૃષ્ટિએ એક છે, જ્યારે વિશેષ રૂપથી ગણના દૃષ્ટિએ અનેક છે.

(૯૩૨) કીર્તિ - શ્રી - વાક્ - સ્મૃતિ - મેધા

(૧) કીર્તિ = કીર્તન - સંકીર્તન. કૃતિમાં કીર્તિ નિહિત છે.

કીર્તિ = સત્કૃતિ પર અનુરાગ = કૃતિનું કીર્તન.

કીર્તિરૂપી કીર્તનથી સત્કૃતિઓ ભાવિમાં ય કાયમ રહે છે.

કીર્તિ સત્કૃતિઓ કરવાની પ્રેરણા આપે છે.

સત્કૃતિની પરંપરા ચલાવવાવાળી શક્તિ તે કીર્તિ છે.

કુલ-ગચ્છપરંપરાની જેમ કૃતિપરંપરા કીર્તિ વડે ચાલે છે.

સત્કૃતિની પરંપરાને જ 'સંસ્કૃતિ' કહેવાય છે.

(૨) શ્રી - શોભા - કાન્તિ - લક્ષ્મી - આશ્રય -
પ્રભા - શુભ - ઔચિત્ય - પાવિત્ર્ય - શ્રમ.

અસ્વચ્છતા વસ્તુને શોભાહીન - કાન્તિહીન બનાવે છે, માટે સ્વચ્છતા પણ શ્રી છે.

શ્રમ ઉત્પાદક છે, માટે શ્રમ પણ શ્રી છે.

આંતરિક તેજસ્વિતાનો બહાર પ્રચાર તે 'કાન્તિ'.

(૩) વાક્ = વિચારપ્રકાશનનું સાધન.

યદ્ યદ્ વદતિ તદ્ તદેવ ભવતિ ।

# મિત - હિત - સત્યવાણી

આપ કે આશીર્વાદ - એ વાણીની શક્તિ બતાવે છે.

મિતવાણી સમ્યક્ચિન્તનમાં રૂડી બને છે.

ચિંતન ઠીક થઈ શકે તે માટે વાણી પરિમિત બોલવી.

હિતવાણી = અનિન્દિત. મનમાં ઊઠે તે પણ વાણી છે.

તે ગૂઢવાણીને 'પરાવાક્' કહેવાય છે.

તે વડે પણ ગુણગ્રાહક અને હિતચિન્તન થવું જોઈએ.

અનિંદા અને ગુણગ્રાહક - તે હિતવાણીના લક્ષણ છે.

હિતવચન ઓપરેશનની જેમ ઉભયમાન્ય દેવું જોઈએ.

'ઉભયમાન્ય' એટલે

શ્રોતા - વક્તા ઉભયને સ્વીકાર્ય વચન બોલવું તે.

વાગ્લબ્ધિ માટે સત્યવાણી બોલવી.

સમ્યક્ચિન્તન માટે મિતવાણી બોલવી.

ઉભયની ચિત્તશુદ્ધિ માટે હિતવાણી બોલવી.

એ રીતે હિત, મિત અને તથ્ય વચન બોલવું. નિન્દા પીઠ પાછળ થાય. સન્મુખ દોષપ્રકાશન તે હિતચિંતન. સત્યચિંતન માટે તથ્ય વાણી બોલવી. સમ્યક્ચિંતન માટે મિત અને હિતચિંતન માટે પથ્ય વાણી બોલવી. એમ સત્ય, મિત અને પથ્ય વચન ઉચ્ચારવું જોઈએ.

સદ્વસ્તુનું મનન તે મૌન. मन्यते यो जगत् तत्त्वं ।

न केवलं वाग् निरोधिनं मौनमित्यर्थः । सद्गुरुः

માત્ર વચનોનું મૌન એ મૌન નથી.

મનનપૂર્વક કરેલા મૌનથી વચનોની શક્તિ વધે છે.

દોષ દેહના છે, તેથી નશ્વર છે.

ગુણ આત્માના છે, તેથી અમર છે.

દેહની સાથે દોષ ભસ્મીભૂત થાય છે.

સત્ય, પ્રેમ, નિર્ભયતાદિ સદ્ગુણ આત્માના ધર્મ છે,

તેના મનનપૂર્વક આચરણ સહજ અમર કરનારું બને છે.

વાણી એ આંતર છે, શબ્દ એ બાહ્ય છે.

આંતરવચનોથી આંતરભાવ ઉઠે છે,

તેની પણ વિશ્વ ઉપર મોટી અસર છે.

(૪) સ્મૃતિ - વાસના, સંસ્કાર કર્મ મુજબ પડે છે.

તેનું આવિર્ભવણ એ આવિષ્કૃતિરૂપી ઘટના છે. મનુષ્ય

પોતાની જાત ઉપર ક્ષમાશીલ, ઉદાર, સહિષ્ણુ હોય છે,

તેથી દોષને ભૂલી શકે છે અને ગુણને યાદ રાખે છે.

જગતના ગુણને - પોતાના દોષને ઝટ ભૂલી જાય છે.

જગતના દોષ - પોતાના ગુણને સારી રીતે યાદ રાખે છે,

તેની પાછળ પોતાના - પરાયાની ભેદબુદ્ધિ મુખ્ય કારણ છે.

ભેદબુદ્ધિનું કારણ આત્મજ્ઞાનનો અભાવ છે.
આત્મજ્ઞાન વધવાથી સ્વ - પર ભેદબુદ્ધિ મટી જાય છે.
'જેને હું પોતાનો સમજું છું,
તે માત્ર મારા દેહમાં જ નથી, સર્વ દેહમાં રહેલો છે.
એક જ આત્મા સર્વ દેહોમાં પ્રસરેલો છે'
એમ માનવાથી સર્વ પ્રત્યે
સહિષ્ણુતા, ઉદારતા અને ક્ષમાશીલતા પ્રકટે છે.
ચિત્તશુદ્ધિ થવાથી આત્મજ્ઞાન વધે છે. વ્યાપક આત્મ-
જ્ઞાન સારી સૃષ્ટિ સાથે એકત્વબુદ્ધિ પેદા કરે છે.
શ્રદ્ધાથી વાર્યને વાર્યથી સ્મૃતિ, સ્મૃતિથી સમાધિ
અને સમાધિથી પ્રજ્ઞા અથવા આત્મજ્ઞાન વિકસે છે.
(૫) મેધા - ઈસ્લામ - સમર્પણ - શાંતિ - ધર્મ - વસુધર્મ.
'નૃમેધઃ અતિથિપૂજનમ્'
તેથી સત્ત્વ - સમાવિષ્ટો મેધાવી છિન્નસંશયઃ ।
મેધા = આકલન શક્તિ, આકલનંદયમ્હું, પરિપ્રકૃતિઆકલન
જે વિશ્લેષણ અને સંશ્લેષણ ઉભય વડે થાય છે.
વ્યાસ - સમાસ, વિસ્તાર - સંક્ષેપ.
વિજ્ઞાન = વિવિધ જ્ઞાન, વિસ્તારિત - વિશ્લેષિત જ્ઞાન.
નિરાકાર જ દૃષ્ટા એ umpire છે.

વસ્તુ હોય રહેવા જોઈએ, બોજ નહિ.
દ્રષ્ટા પણ નહિ અને ભોક્તા પણ નહિ.
ત્યાગ વડે જ દ્રષ્ટા બનાય, ભોગ વડે નહિ.
ત્યાગ + આત્મબળ + નિર્મળતા = મેધા.
ત્યાગની જે માત્રા, ભોગની એ જ માત્રા.

ભગવાન માટે ત્યાગ - આત્મબળ તથા પવિત્રતાનું ધ્યાન કરવાવાળી શક્તિ તે ઋષિમેધા. ધારણાની શક્તિ માટે આહારશુદ્ધિ જરૂરી. અધિક ત્યાગ, અધિક આંતરશુદ્ધિ. અધિક સાત્ત્વિકતા જેનામાં હોય, તેનામાં વિશિષ્ટપણે આત્મબળ શક્તિ આવે છે. એ ત્યાગ દ્રષ્ટા બનવા હોય, ભોક્તા બનવા માટે નહિ, ત્યારે તે મેધાવાળાપણું ગણાય.

વિરક્તિ માટેનો ત્યાગ એ મેધા ગણાય,
આસક્તિ માટેનો ત્યાગ એ લાચારી ગણાય.

(૬) ધૃતિ = ધૃત્યુત્સાહસમન્વિતઃ । ધારણ અને ઉદ્યમ.
ઉત્સાહને કાયમ રાખવાવાળી શક્તિ તે ધૃતિ.
નિયમનશક્તિ - ત્યાગશક્તિ. મેધ = To abandon.
તર્કશક્તિ - સમજણશક્તિની સાથે સાહસ, નિર્ભયતા, પ્રેમ, કરુણા, પરસ્પર સહયોગશક્તિ વધવા જોઈએ.
સ્મૃતિ માત્ર blotting paper ન હોવા જોઈએ.

'બુદ્ધિ' તે બોધનશક્તિ - દિશા બતાવનાર શક્તિ.
Will-power, મન, પ્રાણ, ઇંદ્રિયો -
એ બધાને ઇચ્છા કરવાવાળી શક્તિ.
ચરણ ઉપકરણ અને આંખ તે કરણ છે.
શ્રેષ્ઠ સાધન તે સાધકતમ. મુખ્ય કરણ - ગૌણ ઉપકરણ.
સંકલ્પ બળ વધારવા માટે શક્તિ મુજબ વ્રત - નિયમ
ઇચ્છા તથા પાલન કરવા જોઈએ. સંશયરહિત થવું.
અનુભવજન્ય શબ્દ નિઃસંશય બનાવે છે, તાર્કિક નહિ.
વિદ્યાસ્નાતક અને વ્રતસ્નાતક. 'સ્નાતક' તે ગણાય કે
જેણે વિદ્યા પૂરી કરી હોય, સ્નાન કરી લીધા હોય તે.
ભણતરની સાથે જ્ઞાન પ્રત્યે નિષ્ઠા, વર્તન જરૂરી છે.
અમલમાં ધૃતિ આવશ્યક છે. બુદ્ધિ વિધાન કરશે પણ
તેનો અમલ ધૃતિથી કરશે. ધૃતિ ઉત્સાહ પણ છે અને
અમલ કરવાની શક્તિરૂપ એક સ્વતંત્ર શક્તિ પણ છે.
(૯૩૩) દરેક યંત્રમાં બે પ્રકારની શક્તિ હોય છે:
એક ગતિ વધારનારી - બીજી દિશા બતાવનારી.
પગ એ ક્રિયા કરે છે અને આંખ એ માર્ગ બતાવે છે.
પક્ષીની બે પાંખો અને રથના બે ચક્રોની જેમ
વિજ્ઞાન અને જ્ઞાન - કાર્યમાર્ગમાં આવશ્યક છે.

આત્મજ્ઞાન એ આંખ છે - વિજ્ઞાન એ પગ છે.
જ્ઞાનં ન પુરુષતંત્રમ્ કિન્તુ વસ્તુતંત્રમ્ - જ્ઞેયતંત્રમ્ |
જ્ઞાન મનુષ્યની મરજી ઉપર નહિ પણ વસ્તુસ્વરૂપ
ઉપર આધાર રાખે છે. તંત્રશાસ્ત્ર એટલે ટેક્નોલોજી.
વિજ્ઞાન વધે તેનો વાંધો નહિ, તેનો ઉપયોગ આત્મજ્ઞાન
આધારે - અહિંસા, પ્રેમ, સેવાના માર્ગે થવો જોઇએ.

અહિંસા એટલે अहं ब्रह्मास्मि |

તેથી બધા સાથે સમાન વ્યવહાર મારે કરવો જોઇએ.
ભાવનાથી સમાન વ્યવહાર શક્ય છે, દેહથી નહિ.

અહિંસા આચરણ પધ્ધતિ છે, વેદાંત ચિન્તન પધ્ધતિ છે.

બંને પરસ્પરપૂરક - complementary છે.
વેદાંતની પ્રક્રિયા સાક્ષીરૂપ રહેવાની છે.
હું દેહ - મન - ઇંદ્રિય - પ્રાણનો સાક્ષી છું.

(૬૩૪) થોડી કરુણા પ્રકટ થવા તે
આંશિક આત્મજ્ઞાનનો નમૂનો છે. વ્યાપક આત્મજ્ઞાન
સૌને વિશ્વના સુખ - દુઃખના સહભાગી બનાવશે.
'આપણે બધા એક જ છીએ, ભિન્ન ભિન્ન આકાર
દેખાવા છતાં વસ્તુ એક જ છે' એવી સાચી અનુભૂતિ
વ્યાપક થવી જોઇએ, ત્યારે અહિંસા પૂર્ણ બને છે.

ભાવના અને પ્રેમ વડે એકતાની અનુભૂતિ શક્ય છે.
સ્વાર્થના બધા ક્રિયામાં બિમારની સ્વાર્થી ક્રિયા મોટું બનાવે છે.
'અહં' એ મુક્તિનું નહિ પણ બંધનનું સાધન છે.
<u>શ્રી મહાભારતમાં એક સ્થળે કહ્યું છે કે:</u>
'મમ' - એ બે અક્ષરોથી બંધન થાય છે અને
'ન મમ' - એ ત્રણ અક્ષરોથી મુક્તિ મળે છે.
૯/૨ કે ૯૦/૨૦ના મહત્ત્વમાં કાંઈ ફરક નથી.
<u>'હું અને મારું'ની વૃત્તિને 'આપ અને આપણું' વૃત્તિથી</u>
<u>જીતી શકાય. પછી 'તું અને તારું' વૃત્તિ પ્રાપ્ત થઈ શકે.</u>

°

(૨૩૪) spiritualism = પ્રેમવિદ્યા, unity = એકતા,
spirituality = આત્મવિદ્યા, Sanctity = પવિત્રતા.
(1) Faith in absolute moral values.
(2) Faith in unity & sanctity of life.
(3) Faith in continuity of life after death. (4) Faith in fruits of actions.
(5) There is an order in universe.
law of intelligence & mechanism.
creation is fruitful not futile.
આટલી દેર છે, અંધેર નથી.

વિશ્વમાં અવસ્થા, બુદ્ધિ અને પ્રયોજન છે.
સમો સર્વેષુ ભૂતેષુ । એ પરાભક્તિ છે.
આત્મનો હિતાય જગતઃ સુખાય ચ ।
સમાધિ = સમાધાન = સમત્વયુક્ત ચિત્ત.

જે ચિત્તમાં વિકારોનો સ્પર્શ નથી, અહંતા-મમતા નથી, સંકુચિતભાવ નથી, તેવા વિશાળમય ચિત્તનું નામ સમાધિ.

ઈશ્વરની પૂર્ણ અનુભૂતિ ઈશ્વરને જ છે, બાળકોને તેના એક એક અંશનો અનુભવ શક્ય છે. હિંદુ, મુસ્લિમ, ખ્રિસ્તી આદિ ધર્મોમાં જે ભિન્ન ભિન્ન અનુભવો છે, તે ઈશ્વર યા ધર્મના અંશનો અનુભવ છે. તેનો લાભ લેવો હોય તે લઈ શકે છે. <u>પ્રભુ એટલો તો દયાળુ છે કે દુઃખ આપીને જ તે અટકતો નથી પણ દુઃખની સાથે દુઃખને સહવાની શક્તિ પણ તે આપે છે.</u>

(૨૩૫) <u>દાનની જરૂર કેમ ?</u>

અતિ સુખમાં સંયમ, અતિ દુઃખમાં દયા તથા જ્યાં અતિ સુખ કે અતિ દુઃખ નથી, ત્યાં દાનની જરૂર પડે છે.
સુખમાં અસંયમ વધે છે, માટે સંયમ જોઈએ.
દુઃખમાં દીનતા આવે છે, માટે દયા જોઈએ.
જ્યાં તે બે નથી, ત્યાં લોભ વધે છે, માટે દાન જોઈએ.

સં. ૨૦૨૭, પોષ સુદ ૧૪, રવિવાર તા: ૧૦-૧-૭૧, સાદડી

दुःखशोकतापाक्रन्दनवधपरिदेवनानि
आत्मपरोभयस्थानि असद्वेद्यस्य । - तत्त्वार्थ अ० सू०

સ્વ, પર કે બંનેને દુઃખ, શોક, તાપ, આક્રંદ, વધ, પીડા આપવા - સર્વ અશાતાવેદનીય કર્મ બાંધવાના કારણો છે. જીવ જ્યારે પોતાનાં કષ્ટ તથા પીડાઓથી દ્રવિત થાય છે, રુએ છે, ત્યારે તે કરુણા નહિ પણ દીનતા છે. જ્યારે તે બીજાનું કષ્ટ જોઈને દ્રવિત થાય છે, ત્યારે તે કરુણા છે. પોતાના કષ્ટ વખતે થતું રુદન ચૈતન્યની અનુભૂતિથી નહિ, કિન્તુ સ્વાર્થ, વાસના યા દૈહિક પીડાના કારણો છે. બીજાના કષ્ટ વખતે થતી માનસિક વેદના ત્યારે થાય છે કે જ્યારે તેમાં ચૈતન્યની સત્તાનો અનુભવ કરવામાં આવે છે. પ્રત્યેક પ્રાણીમાં અખંડ ચૈતન્ય-સત્તાનો અનુભવ કરવામાં આવે, ત્યારે તે ધર્મનો આત્મા ગણાય છે. ચૈતન્યનો આદર તે ધર્મ, અનાદર તે અધર્મ છે, પછી તે પોતામાં, બીજામાં કે બન્નેમાં કરાતો હોય.

सव्वे जीवा सुहसाया, दुहपडिकूला । सूक्ति:

સર્વે જીવો સુખપ્રિય અને દુઃખઅપ્રિયવાળા છે.

सव्वे अक्कंतदुक्खाय, अओ सव्वे अहिंसिया । सूक्ति:

દુઃખ સર્વ જીવોને અપ્રિય છે, માટે
કોઈની પણ હિંસા ન કરવી જોઈએ.

o અભિમાની મહાસફરની ટૂંક પતન તરફ હોય છે, જ્યારે નિરાભિમાની મહાસફર ઈશ્વરની સમીપ લઈ પહોંચે છે.
'મારે જાણવું નથી, અંદર - બહાર પ્રભુસત્તા છે' એટલે ભાવિક નિર્વિચાર દશામાં અદ્ભુત આનંદ આવે છે.

ધર્મધ્યાન એટલે...

ધાર્મિક કાર્યોમાં ચિત્તની એકાગ્રતા તે ધર્મધ્યાન.
ધાર્મિકચર્યાદિ સંબંધિત આત્મા, કર્મ, બંધ, મોક્ષ આદિ વિષયોનું એકાગ્ર ભાવનારૂપ ચિન્તન તે ધર્મધ્યાન.

શુક્લધ્યાન એટલે...

શુદ્ધ આત્મદર્શનાદિ સંબંધિત
સર્વદા, વિશુદ્ધ નિર્વિકલ્પ વીતરાગ ચૈતન્ય.
કેવળ વિશુદ્ધ આત્મસ્વરૂપનું અવલંબન લઈને થતું એકાગ્ર ચિંતન, ચેતનાનું સ્વમાં એકાગ્ર થવું તે શુક્લધ્યાન.

આર્તધ્યાન એટલે...

અરતિ, શોક, ચિન્તા, ભય આદિનું મન ઉપર પ્રભુત્વ.

રૌદ્રધ્યાન એટલે...

રુદ્રતા - ક્રૂરતાના કારણે થવાવાળી ચિત્તવૃત્તિની એકાગ્રતા.

ધ્યાનમાર્ગે ત્રીજો વિચાર...

(1) વીતરાગ કથિત તત્ત્વોમાં અચલ આસ્થાપૂર્વક યથોચિત વિશ્લેષણ કરનારી માનસિક એકાગ્રતા તે આજ્ઞાવિચય.

(2) રાગ-દ્વેષ-મોહાદિ આંતરિક વિકારોને નષ્ટ કરવાની અને એ વિકારોથી પીડિત પ્રાણીઓને કલ્યાણ માર્ગ પર આકર્ષવાની માનસિક એકાગ્ર ક્રિયા તે અપાયવિચય.

(3) સુખમાં હર્ષ અને દુઃખમાં વિષાદની ભાવનાથી મુક્ત રહી તટસ્થભાવથી કર્મફળનું એકાગ્ર ચિંતન તે વિપાકવિચય.

(4) લોકસ્થિતિ, જગતનું સ્વરૂપ અને દ્રવ્ય-ગુણ-પર્યાય વગેરેનું એકાગ્ર ચિન્તન તે સંસ્થાનવિચય.

(5) શબ્દ, અર્થ અને યોગોનું ધ્યેયમાં અખંડ ધ્યાન:

શબ્દ = ભાષ્ય, ઉપાંશુ અને માનસ.

અર્થ = દ્રવ્ય-ગુણ-પર્યાય. યોગ = મન, વચન, કાયા.

(6) મન-વચન-કાયાની ચેષ્ટાઓ રોકીને શ્વાસોચ્છ્વાસ જેવા કેવળ સૂક્ષ્મ ચેષ્ટાઓનું સ્પંદન તે યોગ.

(7) સૂક્ષ્મક્રિયાનો પણ નિરોધ - મેરુની જેમ નિષ્પ્રકંપતા.

God is not a person or power but universal omniscient and omnipotent creative principle.

## ધ્યાનના ૪ પ્રકાર

(1) શરીરમાં સ્થિત આત્મા ઉપર ચિત્તવૃત્તિને કેન્દ્રિત કરવા પાર્થિવ આદિ વિવિધ ધારણાઓ તે પિંડસ્થ.

(2) નાભિ અથવા હૃદયપ્રદેશમાં પવિત્ર પદો અથવા વર્ણોને મનમાં અંકિત કરી તેના ઉપર ધ્યાન તે પદસ્થ.

(3) બાહ્ય અને આંતરિક મહિમાથી સુશોભિત અરિહંત પરમાત્મા અને તેમની મુદ્રા વગેરેનું ધ્યાન તે રૂપસ્થ.

(4) નિરંજન - નિર્વિકાર, અમૂર્ત, અશરીર એવી સિદ્ધાવસ્થાનું ધ્યાન તે રૂપાતીત ધ્યાન છે.

## અશુભ અને શુભધ્યાન

ચિત્તની એકાગ્રતા શુભાશુભ નિમિત્તોથી થાય છે, તે અકળ ધ્યાનનું વિશ્લેષણ મુખ્ય બે વિભાગમાં છે:

અશુભધ્યાન બે પ્રકારે : આર્ત - રૌદ્ર.

શુભધ્યાન બે પ્રકારે : ધર્મ - શુક્લ.

વિષયચિન્તનથી થતી પીડાના ચિન્તનનો સંગ્રહ આર્તમાં અને જીવો પ્રત્યેની ક્રૂરતાથી થતું ચિંતન તે રૌદ્રમાં સમાય છે.

૦ ધર્મનું મૂળ દયા છે. દયા એ ચૈતન્યની અનુભૂતિ છે. પ્રાણીમાત્રમાં એક સમાન આત્માનો અનુભવ થવાથી અન્ય જીવોની પીડા વખતે થતી કરુણાદિની લાગણીઓ અહિંસા, સંયમ અને તપધર્મથી ઓળખાય છે.

આ રોજનીશી શરૂ કર્યા દિન:

સાદડી, શ્રાવણ સુદ ૧૦, સં. ૨૦૨૬, બુધવાર, ૧૨/૮/૭૦

આ રોજનીશી પૂર્ણ કર્યા દિન:

સમાધિ તિથિ: ભાદરવા સુદ ૩, શુક્રવાર, તા. ૪/૯/૭૦

શ્રી મહાવીરસ્વામીને નમઃ । શ્રી ગૌતમસ્વામીને નમઃ ।

હે પ્રભુ ! અમોને જે પ્રિય છે,
તે નહિ પણ જેમાં અમારું શ્રેય છે, તે જ દો.

આત્મદ્રવ્યની મધુરતા એટલી બધી અનુભવાય છે કે રોજરોજનાં કામ નાટકમાં સોંપવામાં આવેલ પાત્રની જેમ કરીને તથા નિત્ય સમાધિતમાં અનંતકાળ સુધી સિદ્ધ ભગવંતોની જેમ રહી શકવાની ઝાંખી થાય છે. 'નિજસ્વરૂપ તે જ જિનસ્વરૂપ છે' એમ સમાધિતમાં પ્રભુના ધ્યાન વખતે કિંચિત્ અનુભૂતિ થાય છે, તેથી આંતરમનમાં ખૂબ ખૂબ જ પ્રસન્નતા અનુભવાય છે.

પ્રભુના ધ્યાનમાં શબ્દાતીત એકમાત્ર 'I am'નો consciousness રહે છે, જે એકમાત્ર ભાવચેતના છે. શુદ્ધ આત્મદ્રવ્યની મધુરતા, કે જે નિશ્ચય સમાધિતરૂપ છે, તે ત્યાંથી અનુભવાય છે. 'સમાધાન' એટલે સમ એવા પરમાત્મામાં આધાન કે

નિરાકુળપણે ચિત્તનું ઠરી જવું તે. 'જ્ઞાનનો બાધ' એટલે
જ્ઞાનમાં જ્ઞાનબુદ્ધિ ન રહેતાં સ્વમાં આત્મબુદ્ધિ થવી તે.
આજે એમ થયું : શુદ્ધ ભાવયજ્ઞની અનુભૂતિ બાદ
જે જે અનુકૂળતાઓ જોઈએ, તે અવશ્ય મળશે. શુદ્ધ
આત્મદ્રવ્ય ધ્યાન અંતરબાહ્ય કર્મની નિર્જરા કરે છે અને
બાહ્યબાજુ ઉત્કૃષ્ટ પુણ્યાનુબંધી પુણ્ય ઉપાર્જન કરાવે છે.
આત્માનુભૂતિ આગળ શરીર પણ ઉપાધિરૂપ લાગે,

સચ્ચિદાનંદ સ્વરૂપની ઝાંખી થતાં

એવો અનુપમ આનંદ હોય છે,

તે સદાકાળ ટકી રહે એવી તીવ્ર ભાવના પ્રગટે છે.

નવકાર પ્રત્યેની પ્રીતિ - ભક્તિ

છેક સ્વરૂપભાન સુધી ટૂંક સમયમાં લઈ જઈ શકે છે,

એ પંચપરમેષ્ઠિઓનો કેટલો મહાન ઉપકાર છે!

શ્રુતજ્ઞાન ક્રિયાશુદ્ધ આરાધકને અનુભૂતિ પર્યંતનું
જ્ઞાન આપી શકે છે. શાસ્ત્રો અને તેના રચયિતાઓની
અપરિમિત શક્તિઓને ઓછી ન આંકવી જોઈએ.
શાસ્ત્રોનું ધ્યેય તેનું આલંબન લેનારને સાક્ષાત્કાર કરાવી
આપવાનું છે. તેનું વિધિપૂર્વક આરાધન નિરાબાધપણે

ફલપ્રદ બને જ છે, ફલપ્રદ બને જ છે.

Dt. 15-1-71

જો ૧૪ રાજલોકના સ્વરૂપને એક ideal reality માનીએ, તો કોઈપણ આપત્તિ ન રહે.
ભૂ - ભ્રમણ - સંશોધનનું કાર્ય સારું હોવા છતાં તે અધ્યાત્મના માર્ગમાં એક વિષયાંતર છે.

એક મહિનાનાં કાળમાં જેમ
Mt. Everestના આરોહકો
final ascent માટે કટિબદ્ધ થાય,
તેમ જીવનમાં સાધનાના ઊંચા ચઢાણ માટે
પૂર્ણ તૈયારીઓ થઈ રહી હોય,
તેવી રીતે જીવન જીવવું જોઈએ,
તો કૃતજ્ઞતા, તેજસ્વિતા તથા આનંદમયતા અનુભવાય.

રાજા કુમારપાળની પ્રાર્થના

अनायासेन मरणं । विना दैन्येन जीवनं ।
देहान्ते तव सांनिध्यम् । देहि मे जिनेश्वरं ॥

અર્થઃ હે જિનેશ્વર, આપ મને પ્રયત્ન વિનાનું મૃત્યુ, દીનતાવિહીન જીવન તથા દેહાંતે તવ સાંનિધ્ય આપજો.

त्वयि भक्तिं अचंचलाम् ।
હે જિનેશ્વર ! તારા પ્રત્યે મારી ભક્તિ સ્થિર છે.

# कैवल्याष्टक

मधुरं मधुरेभ्योऽपि मंगलेभ्योऽपि मंगलम् ।
पावनं पावनेभ्योऽपि हरेर्नामैव केवलम् ॥१॥

आब्रह्मस्तंबपर्यन्तं सर्वं मायामयं जगत् ।
सत्यं सत्यं पुनः सत्यं हरेर्नामैव केवलम् ॥२॥

सगुरुः स पिता चापि सा माता बांधवोऽपि सः ।
शिक्षयेच्चेत्सदास्मर्तुं हरेर्नामैव केवलम् ॥३॥

निःश्वासे न हि विश्वासः कदा रुद्धो भविष्यति ।
कीर्तनीयो मतो बाल्यात् हरेर्नामैव केवलम् ॥४॥

हरिः सदा वसेत्तत्र यत्र भागवता जनाः ।
गायन्ति भक्तिभावेन हरेर्नामैव केवलम् ॥५॥

अहो दुःखम् महादुःखम् दुःखाद् दुःखतरं यत ।
काचार्थं विस्मृतं रत्नं हरेर्नामैव केवलम् ॥६॥

दीयतां दीयतां कर्णो नीयतां नीयतां वचः ।
गीयतां गीयतां नित्यं हरेर्नामैव केवलम् ॥७॥

तृणीकृत्य जगत्सर्वं राजते सकलोपरि ।
चिदानंदमयं शुद्धं हरेर्नामैव केवलम् ॥८॥

०

ह्रीं ॐ श्रीं अर्हं श्रीं श्रीं अर्हं श्रीं ॐ ह्रीं

# પરિશિષ્ટ સૂચિ

**પરિશિષ્ટ - ૧ (પૃષ્ઠ ૧૦)**
જ્ઞાનીની, કેવલીની, ધર્માચાર્યની, સર્વ સાધુઓની નિંદા કરતો સાધુ કિલ્બીષિકી ભાવનાવાળો થાય છે. કંદર્પચેષ્ટા, મુખ-નાક વગેરેની ચેષ્ટા કે કૌકુચિત, અતિ ઝડપથી ચાલવું અને મશ્કરી દ્વારા બીજાને હસાવનાર, આશ્ચર્ય કરાવનાર સાધુ કંદર્પી ભાવનાવાળો થાય છે.

**પરિશિષ્ટ - ૨ (પૃષ્ઠ ૧૨)**
જેવી રીતે મને દુઃખ પ્રિય નથી એવી રીતે સર્વ જીવોને દુઃખ અપ્રિય જ છે, માટે આ જાણતો સાધુ કોઈ જીવને હણે નહીં, હણાવે નહીં, હણતાને અનુમોદે નહીં.

**પરિશિષ્ટ - ૩ (પૃષ્ઠ ૧૩)**
અહીં વધુ શું કહેવું? જેમ રાગ-દ્વેષ ઓછા થાય તેમ વર્તવું. આ જ પરમાત્માની આજ્ઞા છે. (૧) મનનો વિલય કરવો એનાથી શ્રેષ્ઠ કોઈ યોગ નથી, તત્ત્વની વિચારણાથી શ્રેષ્ઠ કોઈ જ્ઞાન નથી, તથા સમાધિના સુખથી શ્રેષ્ઠ કોઈ સુખ નથી. આ ત્રણ વસ્તુ જ ખરેખર સંસારમાં સારભૂત છે.

**પરિશિષ્ટ - ૪ (પૃષ્ઠ ૧૩)**
વીતરાગ પરમાત્માએ મદ્ય, વિષય, કષાય, નિદ્રા અને વિકથા - આ પાંચ પ્રકારનો પણ પ્રમાદ કહ્યો છે. એક સ્થાને કે નિર્જન સ્થાને મૌન રહેનારો, મુંડન કરનારો માત્ર વૃક્ષની છાલના વસ્ત્રો ધારણ કરનારો અને તપસ્વી એવો બ્રહ્મચારી સાધુ પણ જો અબ્રહ્મને ઈચ્છતો હોય તો મને ગમતો નથી.

૦ જેમ જેમ શ્રુતનું અવગાહન કરે અને અતિશય રસપૂર્વક અપૂર્વ સંયમનું પાલન કરે, તેમ તેમ મુનિ નવા નવા વૈરાગ્ય અને શ્રદ્ધાથી પુષ્ટ થાય છે.

**પરિશિષ્ટ - ૫ (પૃષ્ઠ ૧૪)**
ઘાસના સંથારામાં રહેલો પણ રાગ - મદ અને મોહ વિનાનો સાધુ જે મુક્તિસુખ અનુભવે છે, તે ચક્રવર્તીને પણ ક્યાંથી?

## પરિશિષ્ટ - ૬ (પૃષ્ઠ ૨૦)

'જીવ-અજીવ વગેરે પદાર્થો છે' એમ કહેનારા ક્રિયાવાદી છે.
'જીવ-અજીવ વગેરે પદાર્થો નથી' એમ કહેનારા અક્રિયાવાદી છે.
'અજ્ઞાન જ કલ્યાણકારી છે' એમ કહેનારા અજ્ઞાનવાદી છે.
'વિનય કરવો એ જ કલ્યાણકારી છે' એમ કહેનારા વૈનયિક કે વિનયવાદી છે.
આ ચારે એકાંત કથન કરનાર હોવાથી 'પાખંડી' કહેવાય છે

## પરિશિષ્ટ - ૭ (પૃષ્ઠ ૨૦)

આ શરીર પરિણામે દુર્બલ થવાનું છે, સાંધા ઢીલા પડીને જર્જરીત થયેલું અવશ્ય નાશ પામવાનું છે. તો હે મૂઢ! દુર્મતિ! ઔષધો વડે ફોગટ શા માટે કલેશ પામે છે? માટે નિરોગી એવું ધર્મરસાયણ પી.

## પરિશિષ્ટ - ૮ (પૃષ્ઠ ૨૪)

ચિન્તાજ્ઞાન અને ભાવનાજ્ઞાનપૂર્વકનો સ્થિર અધ્યવસાય 'ધ્યાન' કહેવાય છે.
અનંત ધર્મવાળી વસ્તુનો એક જ અંશ સ્વીકારવો, તે 'નય' કહેવાય છે.
ધ્યાનરૂપી ધૂપ, મનરૂપી પુષ્પ, પાંચ ઈન્દ્રિયરૂપી અગ્નિ, ક્ષમારૂપી જાપ તથા સંતોષરૂપી પૂજા - આટલું કરવાથી નિરંજન દેવ થવાય.
ગુણ વિનાનો પુરૂષ બીજા ગુણીને જાણતો નથી, ગુણવાન બીજા ગુણી પ્રત્યે ઈર્ષ્યાવાળો હોય છે, એટલે ગુણી અને ગુણાનુરાગી એવા સરળ તો કોઈક જ હોય.
ક્ષમારૂપી ખડ્ગ જેના હાથમાં છે, તેને દુર્જન શું કરશે? ઘાસ વગરની જગ્યાએ રહેલો અગ્નિ જાતે જ શાંત થઈ જાય છે.

## પરિશિષ્ટ - ૯ (પૃષ્ઠ ૩૯)

અનેકાન્તભાવનાથી જન્મેલ, તત્ત્વજ્ઞાનથી પ્રશંસા પામેલ, શૈલેશીકરણથી ઓળખાતું, સંપૂર્ણ કર્મના ક્ષયસ્વરૂપ મોક્ષતત્ત્વ છે. તેનો માર્ગ સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર છે.

## પરિશિષ્ટ - ૧૦ (પૃષ્ઠ ૫૧)

ગુરૂની યોગ્યતાનો વિચાર કરનાર તું ગુરૂનો પણ ગુરૂ છે.
સત્ય-અસત્યનો નિશ્ચય કરનાર તું સજ્જનથી પણ સજ્જન છે.
ઈશ્વરના અસ્તિત્વનો નિર્ણય કરનાર તું પરમ ઈશ્વર છે.

# માનવજીવનમાં મોક્ષનું ખાતમુહૂર્ત...

પૂજ્ય પંન્યાસજી મહારાજની આ ૨૨૪ રોજનીશીઓમાંથી પસાર થતાં જાણ્યું કે લિપિશાસ્ત્રમાં જેટલાં પણ અક્ષરો છે, તે સર્વ બીજયુક્ત અર્થાત્ કોઈને કોઈ શક્તિથી સંપન્ન જ છે! ...આમ અક્ષરોનો સંયોગ થવો, તે 'મંત્ર' જ છે! તો મંત્રાક્ષરો સમા આ હસ્તાક્ષરો ને જિનવચનો સમી તેઓની સત્ય, યથાર્થ, અદ્‌ભૂત અનુપ્રેક્ષાઓમાંથી જ મળી શકે એમ છે એવા વચનામૃતો કે જેનું નિત્ય, અનવરત આચમન કરવાથી આ માનવજીવનમાં સૌ માટે મોહનો ક્ષય થવા દ્વારા મોક્ષનું ખાતમુહૂર્ત થઈ જાય!

'હું એ દેહ નથી' થી આરંભ થયેલી આપણી મહાખોજનો અંત આવે છે તેઓના 'હું પરમાત્મસ્વરૂપ આત્મા જ છું' એ વચનાનુસંધાનમાં! ગંગાથી પાપ, ચંદ્રમાથી તાપ એવં કલ્પતરુથી સંતાપ જાય, કિન્તુ આ અક્ષયપાત્રોની છાંવમાં રહેવાથી તો એવી પ્રતીતિ થાય છે કે જાણે પાપ-તાપ-સંતાપ : એમ ત્રણે વિલિન થઈ રહ્યા છે!

છેલ્લા ચારેક વર્ષથી આ હસ્તાક્ષરોની હયાતિમાં આપણી ચેતનાનું વિશ્વચૈતન્ય સાથે જોડાણ થઈ રહ્યું છે, તેની કૃતાર્થતા વ્યકત કરવા જાણે પૂરતાં શબ્દો જ નથી!

આવતીકાલ પહેલાં આવશે કે આવતો ભવ... એ પણ આજે જ્યારે આપણને ખબર નથી, ત્યારે ચેતનાની બારાખડી જેવા આ હસ્તાક્ષરોમાંથી એક સંદેશ સતત મળે છેઃ To be divine is the easiest, it is difficult to be otherwise!


**આ કાર્ય કરવા મળે છે, એનો આનંદ આભને અડે છે. અસ્તુ.**

**ભારતી દિપક મહેતા**

॥ शुभम् भवतु ॥



ઉપર દર્શાવેલ ૩ ડાયરીઓ
પરમ પૂજ્ય પંન્યાસશ્રી ભદ્રંકરવિજયજી ગણિવર્ય મહારાજનાં સ્વહસ્તાક્ષરમાં
ઈ.સ. ૧૯૭૦ - ૧૯૭૧ પરિસરમાં લખાયેલ છે, તે અહીં સંકલિત કરેલ છે.




અહિંસા = સર્વ જીવો પ્રત્યે સદ્ભાવ.

અપરિગ્રહ = સર્વ પદાર્થો પ્રત્યે નિરાસક્તભાવ.

અનેકાન્તવાદ = સર્વના સદ્વિચારો પ્રત્યે સદ્ભાવ.

સ્યાદ્વાદ = સામાના વિચારોને સમજવા માટેનું વિશાળ મન.

પં. ભદ્રંકરવિજય

www.fiestadesigns.in